
શ્રી રામકબીર સત્ય છે

# જ્ઞાન ગુદડી



**કબીર કહૈ કમાલ કો દો બાતે શીખ લે;**
**કર સાહેબ કી બંદગી ભૂખે કો કૂછ દે.**


સંપાદક
**ઈશ્વરભાઈ પ્ર. પટેલ**

# જ્ઞાન ગુદડી



*This book is dedicated in loving memory*
*of the Late*

## *Dr. Ratilal Dhirajbhai Bhakta*

(1939 - 1998)

**Dr. Divyeshbhai Ratilal Bhakta &**
**Bhikhiben Dhirajbhai Bhakta & Family**
**Troy, Michigan**



-: સંપાદક :-

ઈશ્વરભાઈ પ્ર. પટેલ

# GYAN GUDADI

પ્રકાશક :
**ચંદ્રકાંત ડાહ્યાભાઈ ભકત**
પ્રમુખ શ્રી રામકબીર ભક્ત સમાજ ઓફ યુ.એસ.એ.
**11551- 10 South**
**BEAMONT. TX.77701-731**
**U.S.A.**

પ્રથમ આવૃત્તિ : ફેબ્રુઆરી ૧૯૯૮
પ્રત : ૩૨૦૦

મુદ્રક : **નટુભાઈ ગોપાળજી પટેલ**
રોનક પ્રિન્ટર્સ
સકીના ચેમ્બર્સ
બારડોલી ૩૯૪૬૦૧ ભારત
ફોન : (૦૨૬૨૨) ૨૧૦૮૫

## ❀ પ્રમુખશ્રીનું નિવેદન ❀

સદ્‌ગુરુ કબીરસાહેબની ૬૦૦મી જન્મજયંતી સમસ્ત જગતમાં ઉજવાઈ રહી છે ત્યારે શ્રી ભકત સોસાયટી ઓફ યુ.એસ.એની પત્રિકા 'ભકતવાણી'માં સદ્‌ગુરુ કબીરસાહેબ ગુજરાતમાં કયારે અને કેટલીવાર પધાર્યા હતા. કબીરવડની ઘટના સાચી કે કલ્પિત, શ્રી રામકબીર ભકત સમાજનો પ્રારંભ કયારે ને કેવી રીતે થયો હતો. વગેરે મુદ્દાઓ પર ચર્ચા કરતા લેખો અમે શ્રી ઈશ્વરભાઈ (બાવાજી) પાસે તૈયાર કરાવી પ્રકાશિત કર્યા હતા. તે સમયે અમે શ્રી ઈશ્વરભાઈ પાસેથી એક પુસ્તક સમાજને ઉપયોગી થાય તેવું તૈયાર કરી આપવાનું વચન માગ્યું હતું. તે વચન અનુસાર તેમણે સદ્‌ગુરુ  કબીર સાહેબના અતિ પ્રસિદ્ધ પદ, જે આપણા સમાજમાં પણ વાર તહેવારે જાહેરમાં ગવાયાં કરે છે, તેના પર વિશેષ પ્રકાશ પાથરતું આ પુસ્તક તૈયાર કરી આપ્યું છે. તે પ્રગટ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ. અગાઉ આપણે પુસ્તક પ્રકાશનો કરેલાં તે હિસાબે આ પુસ્તકથી આપણે એક ડગલું આગળ ચાલ્યા છે ને આપણી સદ્‌પ્રવૃત્તિને વેગ આપ્યો છે તેનો સંતોષ અનુભવીએ. આ કાર્ય માટે શ્રી બાવાજીનો અત્રે આભાર પણ માની લઈએ તો શું ખોટું ? જયારે જયારે જરૂર જણાય ત્યારે ત્યારે તેઓ મદદરૂપ થાય તેવી વિનંતિ પણ કરી લઈએ.

સદ્‌ગુરુ કબીરસાહેબની ૬૦૦મી જન્મજયંતી આ રીતે ઉજવવાની તક અમે સાધી શકયા તે માટે ગુરુ કૃપા જ જવાબદાર લેખાય. સમાજનો પ્રત્યેક સભ્ય આમાં સહકારનો સૂર પુરાવી સદ્‌ગુરુની તર્પણક્રિયાનો લહાવો લેશે એવી આશા રાખું છું.

પ્રમુખ
ચંદ્રકાંત ડાહ્યાભાઈ ભકતના
રામકબીર

# અનુક્રમણિકા


૧. પ્રમુખશ્રી નું નિવેદન..................... ૭
૨. અનુક્રમણિકા............................... ૮
૩. સંપાદકીય.................................. ૯
૪. જ્ઞાન ગુદડી મૂળ પદ સમજૂતી સાથે..... ૧૦
૫. જ્ઞાન ગુદડી વિશેષ સમજૂતી............. ૧૫
૬. પરિશિષ્ટ - ૧ (ચક્ર - કમળની વિગત).. ૧૦૩
૭. પરિશિષ્ટ - ૨ ........................ ૧૦૪

## ❀ સંપાદકીય ❀

(અનુષ્ટુપ)

**નમું, વંદુ અહોભાવે સાહેબ શ્રી કબીરને !**
**કરી વાણીમયી પૂજા પામું પ્રેમ પ્રકાશને !**

વિદ્વાનો હજી પણ સદ્‌ગુરુ કબીરસાહેબના પ્રાગટય દિનને વિવાદાસ્પદ માને છે. તથાપિ પંથી મહાનુભાવોએ માન્ય કરેલ પ્રાગટય દિનને લક્ષમાં રાખી સદ્‌ગુરુ કબીરસાહેબની જન્મજયંતી ઉજવવાનો નિર્ણય સમસ્ત જગતમાં સાહેબના ચાહકોએ સ્વીકાર્યો છે. તેમાં ઘણું ઔચિત્ય છે. સત્પુરુષોમાં પરમાત્માનો જ આવિર્ભાવ થતો હોય છે. તે સ્વીકારવામાં આવે તો સમર્થ મહાપુરુષોના પ્રાગટયના ચોકકસ સમયના વિવાદો ગૌણ બની જવા જોઈએ, જયારે પણ ભકત હૃદય તેમને યાદ કરે છે ત્યારે તેઓની હાજરીની પ્રતીતિ અનુભવી પુરુષોને થઈ છે તે એક અગત્યની ઘટના ગણાય. આધ્યાત્મિક જગતમાં માત્ર આ એક ઘટના નથી, પણ એક નક્કર સત્ય તરીકે માન્ય કર્યું છે. વિના કારણે તે સત્યની પણ શા માટે અવગણના કરવી જોઈએ? તેથી તેને અનુસરવાનું શ્રી રામકબીર સંપ્રદયના સભ્યોએ ડાહપણ વાપર્યું તે અભિનંદનીય ગણાય.

એમ પણ સદ્‌ગુરુ કબીરસાહેબ તો આધ્યાત્મિક જગતના આકાશમાં ધ્રુવ તારા સમાન ગણાય છે. વિકાસની સાચી દિશાનું માર્ગદર્શન તેમની વાણીમાંથી આજે પણ સૌને પ્રાપ્ત થાય છે. તેથી તેમની જન્મજયંતીને બહાને ભકત સોસાયટી ઓફ યુ.એસ.એ.ના પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઈએ મારી સમક્ષ એક પુસ્તક તૈયાર કરી આપવાની માંગણી મૂકી ત્યારે મેં પણ તેને સહર્ષ સ્વીકારી લીધી હતી. 'જ્ઞાન ગુદડીનું' પદ અતિ પ્રસિદ્ધ પણ છે. અને તેટલું જ કઠિન પણ ગણાયું છે. તે વધુ લોકભોગ્ય બને તેવા હેતુથી સમજૂતી વધારે વિશદતાથી આપવા પ્રયાસ કર્યો છે. એક લેખક તરીકે મેં પણ આ રીતે સદ્‌ગુરુની તર્પણ કરવાનું મુનાસિબ માન્યું છે. વાચકો પણ તેમાં સહૃદયપૂર્વક વાંચી વિચારી સમજીને ગુરુવાણીને આનંદ માણશે તો તે સૌએ પણ તર્પણ કરેલું જ ગણાશે.

આશા રાખું છું કે વાચકો મારી ભાવનાને માન્ય કરશે અને તર્પણક્રિયામાં સહભાગી થશે.

- શ્રી ઈશ્વરભાઈ પ્ર. પટેલના રામકબીર

# જ્ઞાન ગુદડી - મૂળ પદ

૧

**ધર્મદાસ બિનવે કર જોરી, સાહેબ સુનિયે બિનતી મોરી,**
**કાયા ગુદડીકા કહો સંદેશા, જાસે મિટે જીવકા અંદેશા.**

સંત ધર્મદાસ હાથજોડીને વિનંતિ કરતા કહે છે કે સદ્‌ગુરુ કબીર સાહેબ! મારી વિનંતિ સાંભળો. જીવના સંશયો દૂર થાય તેવી રીતે કાયા રૂપી ગુદડીનું રહસ્ય કૃપા કરી સમજાવો !

૨

**અલખ પુરુષ જબ કિયા વિચારા, લખ ચોર્યાસી ધાગા ડારા,**
**પાંચ તત્ત્વકી ગુદડી બીની, તીન ગુનનસે ઠાઢા કીની.**

આ સૃષ્ટિના સર્જકે સૃષ્ટિ રચવાનો નિર્ણય કર્યો ત્યારે ચોર્યાસી લાખ યોનિઓના તાણા ને પાંચ તત્ત્વના વાણા વડે શરીર રૂપી ગોદડી તેણે બનાવી. પછી તેમાં ત્રણ ગુણોના દોરાઓ પરોવીને તેને તૈયાર કરી દીધી.

૩

**તામેં જીવ બ્રહ્મ ઔર માયા, સમરથ ઐસા ખેલ બનાયા,**
**જીવન પાંચ પચીસોં લાગે, કામ ક્રોધ મોહ મદ પાગે.**

સમર્થ પરમાત્માએ એવો ખેલ રચ્યો છે કે જેમાં જીવ, બ્રહ્મ ને માયાનું રહસ્ય છૂપાયેલું છે. પાંચ ઈન્દ્રિયોને પ્રકૃતિના પચ્ચીસ તત્ત્વોના વિષયોમાં જીવ રત રહેતો હોવાથી કામ, ક્રોધ, મોહ, મદના ફંદામાં ફસાયેલો જ રહે છે.

૪

**કાયા ગુદડીકા વિસ્તારા, દેખો સંતો અગમ સિંગારા**
**ચાંદ સુરજ દો પેવંદ લાગે, ગુરુ પ્રતાપ સૌં સોવત જાગે.**

હે સંતો! શરીર રૂપી ગોદડીનો વિસ્તાર તેમજ તેનો અગમ્ય શણગાર તો જુઓ. ચંદ્રને સૂરજના બે શણગારનાં એવાં ટપકાં કર્યાં છે કે જે રાતદિવસ સૂતા જાગતા પણ ગુરુ કૃપાથી કાર્યરત રહે છે !

૫

**શબ્દકી સૂઈ સુરતિકા ડોરા, જ્ઞાન કો ટોભન સિરજન જોરા,**
**અબ ગુદડીકી કર હુશિયારી, દાગ ન લાગે દેખ વિચારી.**

સર્જનહારે શબ્દ રૂપી સોયમાં ચિત્તની વૃત્તિ રૂપી દોરો પરોવીને તેમજ

જ્ઞાનના બરાબર ટાંકા મારીને સીવી દીધી છે તેથી હોંશિયારી વડે તેના પર કોઈ ડાઘ ન લાગે તેની કાળજી રાખવી જોઈએ.

૬

**સુમતિ કે સાબુન સિરજન ધોઈ, કુમતિ મેલકો ડારો ખોઈ,**
**જિન ગુદડીકા કીયા બિચારા, સો જન ભેટે સિરજનહારા.**

કદાચ જો ડાઘ લાગી જાય તો સુમતિ રૂપી સાબુથી તેને સત્વર ધોઈ નાખવો જોઈએ જેથી કુમતિનો મેલ તરત નીકળી જાય ! જેણે જેણે એ પ્રમાણે ગોદડીની સંભાળ રાખી છે તેણે સર્જનહાર પ્રભુનાં દર્શન કર્યા છે.

૭

**ધીરજ દુનિ ધ્યાન કર આસન, સતકી કૌપીન સહજ સિંઘાસન**
**યુક્તિ કમંડલ કર ગ્રહિ લીન્હા, પ્રેમ ફાવરી મુર્શિદ ચીન્હા.**

હે સંતો ! તમે ધીરજની ધુણી ધખાવીને ધ્યાન કરવા આસન દૃઢ કરો! સતની લંગોટી પહેરીને સહજના સિંહાસન પર આરૂઢ બનો! યોગનું કમંડલ હાથમાં ગ્રહણ કરી પ્રેમની પાવડીથી પવિત્ર બની પ્રભુને ઓળખો !

૮

**સેલી શીલ વિવેકકી માલા, દયાકી ટોપી તન ધર્મશાલા,**
**મહર મતંગા મત બૈશાખી, મૃગછાલા મન હી કો રાખી.**

ચારિત્રની સેલી ઓઢો, વિવેકની માળા પહેરો અને શરીરની આ ધર્મશાળામાં દયાની ટોપી કાયમની પહેરેલી રાખો ! દયાની મતંગા બનાવો, શ્રધ્ધાની વૈશાખી કરો અને મતના આસન પર સ્થિર બનો!

૯

**નિશ્ચય ધોતી પવન જનેઊ, અજપાજપે સો જાને ભેઊ,**
**રહે નિરંતર સતગુરુ દાયા, સાધુ સંગતિ કરી સબકછુ પાયા.**

નિશ્ચયતા રૂપી ધોતી પહેરી, શ્વાસોશ્વાસની જનોઈ ધારણ કરીને જે અજપાજપમાં લીન રહે છે તે સર્વ રહસ્યને જાણે છે. તે સદ્ગુરુના શરણમાં રાતદિવસ રહે છે તેથી સાધુજનોના સત્સંગનો લહાવો પ્રાપ્ત કરી તે સર્વસ્વ પ્રાપ્ત કરી લે છે.

૧૦

**લવકી લકુટી હૃદયા ઝોરી, ક્ષમા ખરાંઊ પહિર બહોરી,**
**મુક્તિ મેખલા સુકૃત સુમરણી, પ્રેમ પિયાલા પીવે મૌની.**

લગની રૂપી લાકડી હાથમાં પકડ, હૃદયની ઝોળી ખભે ભેરવ, ક્ષમાની પાવડી વારંવાર પહેરેલી રાખી તેમજ કમરે મુમુક્ષતાનો કંદોરો બાંધી સત્કર્મોની સુમરણી વડે પ્રભુ પ્રેમના પ્યાલા મૌનભાવે પીયા કર!

૧૧

**ઉદાસ કુબરી કલહ નિવારી, મમતા કુત્તીકો લલકારી,**
**યુક્તિ જંજીર બાંધ જબ લીન્હા, અગમ અગોચરા ખિરકી ચિન્હા.**

ઉદાસીનતાની વાંકી સોટી વડે કલેશોનું નિવારણ કરો અને મમતા રૂપી કૂતરીને ધમકાવીને ભગાડી મૂકો ! જે લોકો મનને યોગ રૂપી જંજીરથી બાંધી રાખે છે તે લોકો મુક્તિની અગમ્ય ને અગોચર ગણાતી બારીને પણ ઉઘાડી શકે છે.

૧૨

**બૈરાગ ત્યાગ વિજ્ઞાન નિધાના, તત્ત્વતિલક દીન્હા નિરબાના,**
**ગુરુગમ ચકમક મનસા તૂલા, બ્રહ્મ અગનિ પરગટ કર મૂલા.**

જેના અંતરમાં વૈરાગ્ય ને ત્યાગ હોય, જેઓ વિશિષ્ટ જ્ઞાનના ભંડાર જેવા હોય અને તત્ત્વના તિલક લગાડી જેઓ નિર્વાણપદના અધિકારી બન્યા હોય તેવા સમર્થ ગુરુની આજ્ઞારૂપી ચકમક વડે આત્મજ્ઞાનનો અગ્નિ પ્રગટાવ!

૧૩

**સંશય શોક સકલ ભ્રમ જારા, પાંચ પચ્ચીસો પરગટ મારા,**
**દિલકા દર્પણ દુવિધા ખોઈ, સો બૈરાગી પલકા હોઈ.**

આત્મજ્ઞાનના અગ્નિમાં સઘળા સંશયો તથા સંતાપોને ભસ્મીભૂત કરી નાખી મનને શુદ્ધ બનાવ ! તેમાં પ્રકૃતિના પચ્ચીસ તત્ત્વોના આ શરીરના તમામ વિકારોને બાળી મૂકી શરીરને પણ પવિત્ર બનાવ !દિલના દર્પણ પરનો દ્વિધાઓનો મેલ સાફ થઈ જવાથી મનમાં જાગેલો વૈરાગ્ય પરિપકવ બનશે!

૧૪

**શૂન્ય મહલમેં ફેરી દેઈ, અમૃત રસકી ભિક્ષા લેઈ,**
**દુઃખ સુખ મેલા જગકા ભાઉ, તિરવેણી કે ઘાટ નહાઉ.**

વૈરાગ્યના પાકા રંગે રંગાયેલું મન પરમ શકિતના નિવાસ ગણાતા શૂન્ય રૂપી મહેલમાં આંટાફેરા મારવા લાગે છે અને અમૃત રસની ભિક્ષા પ્રાપ્ત કરે છે ! જગતના બજારે તો સુખદુઃખનો મેળો સદાયે ભરાયેલો જ રહે છે, પરંતુ જે ત્રિવેણી સંગમમાં સ્નાન કરે છે તેને તે મેળો અસર કરી શકતો નથી.

૧૫

**તન મન શોધ ભયા જબ જ્ઞાના, તબલખ પાવે પદ નિરબાના**
**અષ્ટકમલદલ ચક્ર સૂઝે, જોગી આપ આપમેં બૂઝે.**

જ્યારે શરીર તથા મન બંને શુદ્ધ થાય છે, ત્યારે જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તે જ્ઞાન જીવને મુક્તિ પદ પર આરૂઢ કરી દે છે. જે યોગી આઠ

પાંખડીવાળા કમળને પાર કરી જાય છે તેને પોતાના સ્વરૂપની ઝાંખી થઈ જાય છે.

૧૬

**ઈંગલા પિંગલા કે ઘર જાઈ, સુષમન નારી રહે ઠહરાઈ**
**સોહં સોહં તત્ત્વ વિચારા, બંકનાલમેં કિયા સંભારા.**

જ્યારે ઈંગલા નાડી પિંગલા નાડીમાં એકરૂપ થાય છે, ત્યારે સુષુમ્ણાનાડી કાર્યરત બને છે, ત્યારે યોગી સોહં સોહંને તત્ત્વથી જાણી લે છે અને બંકનાલમાં પ્રવેશ પામે છે.

૧૭

**મનકો માર ગગન ચઢિ જાય, માનસરોવર પૈઠિ નહાઈ**
**અનહદ નાદ નામકી પૂજા, બ્રહ્મ વૈરાગ દેવ નહિ દૂજા.**

યોગી મનને મારીને ગગનમંડળમાં ઉર્ધ્વગમન કરે છે અને ત્યાં મુક્તિના માન સરોવરમાં સ્નાન કરે છે, ત્યાં અનાહત નાદના ધ્વનિથી સત્ય સ્વરૂપની તે પૂજા કરે છે કારણ કે બ્રહ્મમય થઈ ગયેલા વૈરાગીને અન્ય દેવની પૂજા પસંદ નથી.

૧૮

**છૂટિ ગયે કશ્મલ કર્મ જ લેખા, યહ નૈનન સાહેબકો દેખા**
**અહંકાર અભિમાન બિડારા, ઘટકા ચૌકા ઘર ઉજિયારા.**

સ્વરૂપના સાક્ષાત્કારથી સર્વ પાપોમાંથી મુક્ત થવાય છે અને પોતાની સગી આંખે જીવ પ્રભુનાં દર્શન કરી શકે છે. માટે હે જીવ, અહંકારનો નાશ કરી શરીરને પવિત્ર બનાવ અને અંતરમાં જ્ઞાનનો પ્રકાશ કર !

૧૯

**ચિતકર ચંદન મનસા ફૂલા, હિતકર સંપૂટ કરિ લે મૂલા**
**શ્રધ્ધા ચંવર પ્રીતિ કર ધૂપા, નૌતમ નામ સાહેબ કો રૂપા.**

હે જીવ, તું તારા ચિત્તને ચંદન જેવું સુવાસિત બનાવ અને તારું મનરૂપી ફૂલ ગુરુ ચરણોમાં અર્પણ કરી કલ્યાણકારી મૂળ આત્મતત્ત્વની આરાધના કર ! શ્રધ્ધાથી આત્મદેવની આરતી ઉતાર આત્મજ્ઞાની તરીકે સદ્‌ગુરુના નવીનતમ નામ સ્વરૂપની ભક્તિ કર !

૨૦

**ગુદડી પહિરે આપ અલેખા, જિન યહ પ્રગટ ચલાયો ભેખા,**
**સાહબ કબીર બકસ જબ દીન્હા, સુરનર મુનિ સબગુદડી લીન્હા**

ભગવત્સ્વરૂપ કબીર સાહેબે શરીરની ગોદડી પહેરીને જે આત્મજ્ઞાનનો માર્ગ ચીંધ્યો તેથી દેવો, મુનિઓ ને માનવોએ તેને કૃપા પ્રસાદી ગણીને જ્ઞાન રૂપી ગુદડીને ગ્રહણ કરી !

૨૧

**જ્ઞાન ગુદડી પટે પ્રભાતા, જનમ જનમ કે પાતક જાતા**
**જ્ઞાન ગુદડી પટે મધ્યાન્હા, સો લખિપાવે પદ નિરબાના.**

જે કોઈ પ્રભાત કાળે આ જ્ઞાન ગુદડીનો પાઠ કરશે તેના અનેક જન્મોના પાપનો નાશ થશે. જે કોઈ બપોરે પાઠ કરશે તે નિર્વાણ પદ પ્રાપ્ત કરશે.

૨૨

**સંઝા સુમિરન જો નર કર હીં, જરા મરણ ભવ સાગર તરહીં**
**કહૈ કબીર સુનો ધર્મદાસા, જ્ઞાન ગુદડી કરો પ્રકાશા.**

જે મનુષ્ય સાંજે પાઠ કરશે તે જન્મ મરણના ફેરાવાળા આ સંસાર સાગરને તરી જશે. માટે કબીર કહે છે કે ધર્મદાસ, હવેથી આ જ્ઞાન ગુદડીનો જગતમાં પ્રચાર કરો.

( સાખી )

**માલા ટોપી સુમરણી, સંતગુરુ દિયા બક્ષીસ**
**પલ પલ ગુરુકો બંદગી, ચરણ નમઉ સીસ.**
**ભવભંજન દુઃખ પરિહરણ અમર કરન શરીર**
**આદિ યુગાદિ આપ હો ચારો યુગ કબીર.**

ધર્મદાસ કહે છે કે મને માળા, ટોપી ને સુમરણી આપીને સદ્‌ગુરુએ પોતાનો શિષ્ય બનાવી દીધો. તે કારણે જ મારું હૃદય હરપળે ગુરુની ભકિત કરે છે અને ચરણોમાં વંદન કરે છે. હે સદ્‌ગુરુ કબીર! તમે તો ખરેખર સૌના આદિ છો. યુગમાં પણ આદિ કેવળ તમે જ છો! તમે ચારે યુગમાં ગુરુ સ્વરૂપ છો! તમે જ સંસારના ફેરાને ટાળનારા છો, તમે જ સર્વ દુઃખોને દૂર કરનાર છો અને તમે જ અમર બનાવનાર પણ છો!

**બંદી છોડ કહાઈયા બલખ શહર મંઝાર**
**છૂટે બંધન ભેખકા ધન ધન કહૈ સંસાર.**

બલખ શહેરમાં તમે ભેખધારી સાધુઓને જેલમાંથી છોડાવ્યા હતા. તેથી તમને બંદીછોડનું બિરુદ મળ્યું છે. સંસારના તમામ લોકો તમને તે કારણે ધન્યવાદ આપી રહ્યા છે.

**મૈં કબીર બિચલૂં નહીં, શબ્દ મોર સમરથ**
**તાકો લોક પઠાઈ હૂં જો ચટે શબ્દકે રથ.**

કબીર સાહેબ કહે છે કે હું કદી પ્રતિજ્ઞાનો ભંગ કરતો નથી. જેવું બોલું છું તેવું કરી બતાવું છું. જે લોકો મારા શબ્દરૂપી રથમાં બેસીને જીવનનો જંગ ખેલશે તે લોકોનું હું સર્વ ક્ષણે સર્વ પ્રકારે રક્ષણ કરીશ.

## જ્ઞાન ગુદડીની સમજૂતી સાથે

સદ્ગુરુ કબીર સાહેબ આ પદને જ્ઞાન ગુદડી શા માટે કહે છે તે સૌ પ્રથમ આપણે સમજી લેવું જોઈએ. ગુદડી એટલે તો ગોદડી.ગોદડી દરેક ઘરમાં લગભગ હોય છે. તે ગોદડી કયાં તો રૂની કે ચીંથરાની બનાવેલી હોય છે. તે ઓઢવા માટે વપરાય છે અને પાથરવા માટે પણ તેનો ઉપયોગ થાય છે. ખાસ કરીને શિયાળામાં ઠંડી હોય ત્યારે ઓઢનારને તે હૂંફ આપે છે. છસો વર્ષ પહેલાં પણ તેનો એ રીતે જ ઉપયોગ થતો હતો. ખાસ કરીને સામાન્ય માણસની તે જરૂરિયાત ગણાતી. બજારમાં તેનું મૂલ્ય સાવ સામાન્ય લેખાય તો પણ ઓઢવા પાઠરવાનું તે ઉત્તમ સુલભ સાધન ગણાય. આ રીતે ગોદડીનો સૌ કોઈને ગાઢ પરિચય. સામાન્ય માણસના રોજિંદા જીવનમાંથી ગોદડીને પ્રતીક બનાવી સદ્ગુરુ કબીર સાહેબ જ્ઞાનની ગંભીર વાતો જન સમાજને શીખવી રહ્યા છે. તેથી જ્ઞાન ગુદડી એટલે જ્ઞાન આપનારી ગોદડી.

જ્ઞાન ગુદડીના આ પદમાં સદ્ગુરુએ માનવ શરીરને જ્ઞાનની ગોદડી કહી છે. જીવને માત્ર માનવ શરીરમાં જ પોતાના આત્મ સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવાની સોનેરી તક મળે છે. તેવું જ્ઞાન અતિશય ગૂઢને ગહન ગણાય છે, છતાં તે તેટલું જ મૂલ્યવાન પણ લેખાય છે. જન્મ મરણના દારુણ દુઃખચક્રમાંથી છૂટકારો મેળવવા માટે તે જ્ઞાનનો ઉપયોગ થાય છે. તે જ્ઞાન મુક્તિનું પરમ સુખ અપાવનારું હોવાથી સંતો, યોગીઓ, મુનિઓ, વૈરાગી બાવાઓ અને તપસ્વીઓ તેને પ્રાપ્ત કરવા રાતદિવસ સાધના કરે છે. બીજી કોઈ યોનિમાં જીવ દેહ ધારણ કરે તો આવી તક મળતી નથી. પશુ, પંખી, કે અન્ય કોઈ પ્રાણીના દેહો માનવ દેહ કરતા ઊતરતા ગણાય છે કારણ કે તેમાં જ્ઞાન પ્રાપ્તિના સંપૂર્ણ સાધનોનો અભાવ છે. કુદરતે કોઈને બે જ ઈન્દ્રિયો તો કોઈને ત્રણ કે ચાર આપી છે. જયારે માનવને પાંચ કર્મેન્દ્રિયો ને પાંચ જ્ઞાનેન્દ્રિઓ આપી છે. ટૂંકમાં માનવ સિવાયના દેહો જ્ઞાન પ્રાપ્ત કરવા માટે સક્ષમ ગણાતા નથી. બુદ્ધિ તો માનવ સિવાય કોઈને મળી નથી. બુધ્ધિના વરદાનથી માનવ સંપૂર્ણ માનવ પણ બની શકે છે. એટલું જ નહીં પોતાની ઉત્ક્રાંતિ કરી તે મહા માનવ પણ થઈ શકે છે. આ દૃષ્ટિએ માનવ જ્ઞાન પ્રાપ્તિના તમામ સાધનોથી સજ્જ હોવાથી સંપૂર્ણ ગણાય છે અને તેથી જ તેનું ઘણું મોટું મૂલ્ય છે.

ભલે વૈરાગી બાવાઓ માનવ શરીરને માત્ર મળમૂત્રથી ભરેલું કહીને તેની અવગણના કરતા હોય ! આ પૃથ્વી પણ ધૂળથી કયાં નથી મેલી ગણાતી ? કાદવ કીચડ ને ગટરોથી કયાં નથી ગંદી ગણાતી ? સડી ગયેલા ખદ્બદ્તા જીવાણુઓથી કયાં નથી ગંધાતી ગણાતી ? છતાં પણ તેમાં સોનાની

ખાણો છે. તાંબુ, જસત અને ચાંદીના ભંડારોનો વૈભવ છે. તેમાં તેલના મોટા મોટા જળાશયો છે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. જોનારની નજર પર જ બધો આધાર છે. જે દેશ પાસે સર્જનાત્મક દૃષ્ટિ છે તે દેશ પોતાની પૃથ્વીની ભીતરમાંથી તમામ ધાતુઓના પહાડો શોધી કાઢે છે અને સમૃદ્ધ કયાં નથી બનતા ? તેલના મબલખ કૂવાઓ ઊભા કરીને જગતના બજારમાં પોતાનો પ્રભાવ કયાં નથી જમાવતા ? આજે તે બધા દેશો સમૃદ્ધિની ટોચ પર પહોંચી ગયેલા છે. માનવ દેહ પણ પૃથ્વીના પેટાળ જેવો જ સમૃદ્ધ છે. તેમાં મલિનતા છે, પરંતુ તેના થરો નીચે આત્મજ્ઞાનના જર-ઝવેરાતોના ભંડારો પણ છે. માત્ર દૃષ્ટિ જોઈએ ! માનવ શરીરમાં અનંત શકયતાઓ રહેલી છે, તેની બુદ્ધિપૂર્વક વિચાર કરનારને ખબર પડતી હોય છે. માનવ માત્રને પ્રભુએ પ્રજ્ઞાની-બુદ્ધિની ખૂબ જ કીમતી દેણગી દીધી છે તો તેનો સંપૂર્ણ ઉપયોગ કરવા માટે જીવે તૈયાર રહેવું જોઈએ. ખોટા બહાનાઓ કાઢી પ્રમાદમાં આળસુ બનીને બેસી રહેવું ન જોઈએ. આપણી આ કુટેવને લક્ષ્માં રાખી કબીર સાહેબે કટાક્ષ કરતાં કહ્યું છે કે...

**બાટ બિચારી કયા કરે, પથિ ન ચલે બિચારી ?**
**રાહ અપનો છાંડિકે ચલે ઉબારિ ઉબારિ.**

અર્થાત્ પથિ એટલે માનવ રૂપી મુસાફર. જીવ માનવ જન્મ ધારણ કરીને આ પૃથ્વી પર આવે છે એટલે તેની જીવનયાત્રાનો પ્રારંભ થઈ જાય છે. તે અજાણ્યો પણ છે. ઘડી પછી શું થવાનું છે તેનું ભાન તેને નથી. આજે કયાં છે ને આવતી કાલે શી સ્થિતિ થશે તે કોણ જાણે છે ? એટલે અનુભવને આધારે મહાપુરુષોએ તે અંગેના નકશાઓ તૈયાર કર્યા છે તેનો ઉપયોગ કરવો જોઈએ. તે નકશાઓ પ્રમાણે પ્રવાસ કરનારને મુશ્કેલીઓ ઓછી નડે છે. મુશ્કેલીઓનો સામનો કરવાની રીત પણ તેઓને તેમાંથી જ પ્રાપ્ત થાય છે, તે નફામાં. બુદ્ધિપૂર્વક જે ડગલાં ભરે છે તે આગેકૂચ કરે છે અને સાવધાની રાખીને પોતાની મંઝિલે પહોંચી જાય છે. મહાપુરુષોએ પોતાના અનુભવને આધારે કયાંથી કયાં જવાશે ને ત્યાં કેવી અગવડો હશે તેનો ચિતાર શાસ્ત્રગ્રંથો દ્વારા આપી દીધો જ છે. તે આગમો અનુભવની વાણીથી સુવાસિત છે. તેમાં જો મુસાફરને ગમ ન પડે તો તે કોઈ જાણભેદુને શોધી કાઢે છે અને પોતાનો પ્રવાસ આગળ વધારે છે. બુદ્ધિશાળી લોકો તે રાહને છોડતા નથી. પરંતુ તેવા માણસો બહુ ઓછા હોય છે. ભગવાને બુદ્ધિ આપેલી હોય તો તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેની આવડત તેઓમાં નથી હોતી. છતાં તેઓ ઘણું જાણે છે, તેવો દંભ પણ કરતા હોય છે. સુજ્ઞ જનોની અવગણના પણ કરે છે. ગમે તે રીતે જીવે છે. ગમે ત્યાં જાય છે, ગમે ત્યાં ખાય છે, ગમે

ત્યાં પીવે છે અને ગમે તેવું બોલે પણ છે. તેઓ નિષ્ફળ જાય તો દોષનો ટોપલો બીજાંને ઓઢાડે છે. તેમાં તેઓ શરમ અનુભવતા નથી. કોઈ ન મળે તો છેવટે રસ્તાનો દોષ પણ કાઢે છે. રસ્તો ઘણો અઘરો છે, મુશ્કેલીથી ભરેલો છે અથવા તો ભયંકર બીક લાગે એવો છે. આવું બહાનું કાઢીને તેઓ બેદરકારીપૂર્વક જીવન જીવતા હોય છે. જીવનનો મહામૂલ્યવાન સમય વેડફી દેતા હોય છે. 'ઉબારિ' એટલે ઉબાણ ને ઉબાણ. વગર વિચાર્યે મન ફાવે ત્યાં ચાલ્યા કરવું એવું એ શબ્દો દ્વારા સૂચવાયું છે. ખરેખર તે રીતે ન ચાલવું જોઈએ. જીવનની જે સોનેરી તક મળી છે તેને સમજવા પ્રયત્ન કરવો જોઈએ. સારા માણસના સંગમાં હરવું ફરવું જોઈએ કે જેથી સૂઝ પ્રગટે. ખોટા માર્ગે શકિત વેડફાય નહીં તેવી અનુકૂળતા ઊભી થાય. કોઈ પણ હિસાબે ભગવાને જે બુદ્ધિની શકિત આપી છે તે કેળવાય એવા પ્રયાસો થવા જોઈએ. ખરેખર રસ્તાનો દોષ નથી હોતો. રસ્તો તો ખાડા ટેકરાવાળો જ હોય! કાઈ વ્યકિતનો દોષ પણ નથી હોતો. રસ્તા પર ચાલનારાની જ ભૂલ થાય છે. તે કારણે જ તે મુસાફર નક્કી કરેલા સ્થળે પહોંચી શકતો નથી!

માનવયોનિ માત્ર ભોગયોનિ ન કહેવાય, પણ ખરેખર એને યોગયોનિ કહેવાય. માત્ર ભોગયોનિ તો દેવોની યોનિ ગણાય. સ્વર્ગમાં જઈને પુણ્ય ખલાસ ન થાય ત્યાં સુધી જીવ ભોગો ભોગવે છે. તેથી સ્ર્વગની કામનાવાળા દેવતાભકિત કરે પણ છે. દેવો પણ ભોગાસકત જ રહે છે. માનવયોનિમાં જન્મ ધારણ કરનાર ભોગાસકત નથી હોતો. તેને પરમાત્માના મિલનનો યોગ પણ સાધવો છે તેથી ભોગવવાની તેની રીત સાવ ન્યારી છે. ત્યાગીને ભોગવવાની કળા તે સિદ્ધ કરે છે અને ભોગ ભોગવતા ભોગવતા પ્રભુનો યોગ સાધે છે. કાર્મ કરવામાં તે કુશળ બની જાય છે. તે કાર્ય એવી રીતે કરતા શીખી જાય છે કે કર્મ કદી બંધનકારક થાય નહીં. અહંકારની ભાવનાને ઓગાળી દઈ પ્રભુનું જ કાર્ય છે એવું ગણીને ભકિતભાવથી તે કાર્ય કરે છે. તે કાર્ય કરે છે ત્યારે તે કર્તાપણાના ભાવથી વેગળો બની જાય છે. તેનું કર્મ ભગવાનની પૂજાનું જાણે કે સ્વરૂપ બની જાય છે! આ કારણે તે કાયમ કર્મનાં બંધનોથી રહિત રહે છે. આ પ્રકારના વિચારોથી બુદ્ધિને સંપન્ન બનાવી પોતાની જીવનયાત્રા ચાલુ રાખે તો તે જરૂર સફળતાપૂર્વક મુકિતની મંઝિલ સર કરી શકે. આ દૃષ્ટિથી કબીર સાહેબે રસ્તાને દોષિત નથી ઠેરવ્યો, પણ રસ્તા પર ચાલનારને જ દોષિત ગણ્યો છે.

આપણા શાસ્ત્રો પણ શરીરના મહત્ત્વ તરફ અંગુલિનિર્દેશ કરતા કહે છે કે શરીરમાદ્ય ખલુધર્મ સાધનમ્. અર્થાત્ શરીર પણ એક સાધન છે.

સાધનને આપણે સાચવતા હોઈએ છીએ. સાધનને ગમે તેમ વાપરતા પણ નથી. શાક સમારવાની છરીને પણ આપણે ધોઈને સ્વચ્છ કરીને ચોકકસ રીતે મૂકી દેતા હોઈએ છીએ. એ જ રીતે આ શરીર દ્વારા ધર્મને પણ સાધવાનો છે. તે દ્વારા અનેક સત્કર્મો પણ કરવાના છે. શરીરમાં આત્મતત્ત્વને પણ પરખવાનો છે અને તેનો સાક્ષાત્કાર પણ કરવાનો છે. શરીર પ્રાપ્ત કર્યાનું જે કર્તવ્ય છે તે પૂર્ણપણે બજાવવાનું છે. ભોગ એ શરીરનો ધર્મ નથી પણ યોગ એ શરીરનો ધર્મ છે. આ દૃષ્ટિએ માનવ શરીરને એક અતિ ઉપયોગી સાધન તરીકે આપણે ઓળખવાનું છે.

દુનિયાના તમામ ધર્મવેત્તાઓ એટલા માટે માનવયોનિને સર્વોત્તમ યોનિ ગણે છે. માનવ ધારે તો આ પૃથ્વી પર જ સ્વર્ગનું નિર્માણ કરી શકે છે. તેના શરીરમાં ભગવાને એક એકથી ચઢિયાતા બીજાં સાધનો પણ આપેલાં છે. શરીરમાં ઈન્દ્રિયો છે તે ઘણી બળવાન ગણાય છે. તેનાથી પણ વધુ બળવાન શરીરમાં પ્રાણતત્ત્વ છે. પ્રાણાયામ કરીને કેટલાક જાણકારો પોતાની છાતી પરથી વજનદાર ગાડી પણ પસાર કરી શકે છે. એ પ્રાણની શકિતને જ આભારી ગણાય. મનની અગાધ શકિત એથી પણ ચઢિયાતી છે. એક મિનિટમાં સમસ્ત દુનિયાની ફરતે ફરીને તે જ જગ્યા પર પાછું હાજર થઈ જાય તે શું ઓછી શકિતવાળું ગણાય? અઢીસો માઈલને ઝડપે દોડતું વિમાન કરતાં પાંચસો માઈલના ઝડપવાળું વિમાન વધુ શકિતશાળી ગણાય છે. ઝડપ જ તેની શકિત ગણાય. એ રીતે મન પણ ઝડપી હોવાથી તે અગાધશકિતવાળું ગણાય છે. તેની બુદ્ધિ શકિત પણ ગજબની ગણાય છે. માનવ પોતાની બુદ્ધિશકિતથી જ આજે અવકાશ યુગનું સર્જન કરી શકયો છે. અવકાશમાં ઉપગ્રહોને ગોઠવીને દુનિયાની સીમાઓને જાણે કે સાંકડી બનાવી દીધી છે. ચંદ્રમાં ને મંગળમાં પહોંચી જઈને પોતાનો પ્રભાવ પાથરવા તેણે અથાગ પ્રયત્ન કર્યો છે. એથી યે વિશેષ શકિત એની આત્માની ગણાય છે. આત્મતત્ત્વ ન હોય તો શું ? માનવ કશું જ ના કરી શકે. આત્મચૈતન્ય વિના ઈન્દ્રિયો, પ્રાણ, મન કે બુદ્ધિ બધાં જ નકામા બની જાય છે. આ રીતે શરીરમાં રહેલા માનવના શકિતશાળી સાધનોનો જો યથાયોગ્ય ઉપયોગ કરવામાં આવે તો સાક્ષાત્ સ્વર્ગની રચના અહીં જ થઈ શકે છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

આપણા ભારત દેશના અનુભવી સંત પુરુષોએ તો આ માનવ શરીરને રત્નચિંતામણિનું બિરુદ પણ આપ્યું છે. શરીરમાં રહેલો આત્મા રત્ન સમાન છે. તેનું ચિંતવન કરનારને પરમ સુખનો મણિ પ્રાપ્ત થાય છે. એટલા માટે કબીર સાહેબે આ શરીરને જ્ઞાનની ગોદડી કહીને તેનાં બંને પાસાંઓને સુંદર રીતે વ્યકત કર્યા છે. ગોદડી પોતે અમર નથી. ચાર દિવસની ચાંદની

જેવું તેનું સુખ છે. તેને ફાટી તૂટી જતાં વાર લાગતી નથી. આ શરીર પણ તેવું જ છે. ક્ષણજીવી ગણાય. સતત પરિવર્તનશીલ પણ ખરું. જન્મે ત્યારે વેંતનું ને મરે ત્યારે સાડા ત્રણ હાથનું થઈ જાય! છતાં તે રહેતું નથી. સ્મશાને ખાખ થઈ જાય છે. પરંતુ શરીરમાં આત્મતત્ત્વ પણ છે. તે અવિનાશી છે. તે સ્મશાને બળે નહિ. તેનું જ્ઞાન પ્રાપ્ત કરનાર પણ અમર બની જાય છે. ઉપનિષદ્‌ના ઋષિઓ તેથી જ પોકારીને કહે છેકે

**શ્રુણ્વન્તુ વિશ્વે અમૃતસ્ય પુત્રાઃ**
**આ યે ધામાનિ દિવ્યાનિ તસ્થુઃ ।**

અર્થાત્ વિશ્વના લોકો, તમે સાંભળો ! તમો ખરેખરા અમૃતના પુત્રો છો. તમે બધા દિવ્યતાના અધિકારી જીવો છો ! આ ઋષિ વચનો પોકળ વચનો નથી. તેમણે કહેવા ખાતર કહ્યા નથી. પરંતુ તેઓએ ભોગો છોડીને, વનના એકાન્તમાં જઈને, પલાંઠીવાળીને, પોતાના શરીર પર ધ્યાનનાં પ્રયોગો કરીને જે અનુભવ્યું હતું તે કહી બતાવ્યું છે. શરીરમાં રહેલા દિવ્યાત્મનાં દર્શન કરીને તેમણે દાવાપૂર્વક કહ્યું છે કે

**વેદાહમેતં પુરુષં મહાન્તં**
**આદિત્ય વર્ણમ્ તમસઃ પરસ્તાત્ ।**
**તમેવ વિદિત્વાઽતિ મૃત્યુમેતિ**
**નાન્યઃ પથાઃ વિદ્યતેઽયનાય ॥**

અર્થાત્ માનવમાત્ર અમૃતના પુત્રો છે કારણ કે આ શરીરમાં રહેલા આત્માના અમે દર્શન કર્યા છે. તેને અમે જોયો છે. તે સૂર્ય જેવો તેજસ્વી છે. તે અંધકારથી પર છે. તેને જાણ્યા વિના મૃત્યુની પેલે પાર પહોંચી શકાતું નથી. અમરતાના પરમ સુખ માટે આ સિવાય બીજો કોઈ રસ્તો નથી.

આ દૃષ્ટિએ સદ્‌ગુરુ કબીર સાહેબની વાણી તપાસવામાં આવે તો વીસમી સદીના અંતે પણ નવીનતમ પ્રકાશથી ઝગમગતી જ જણાશે. આપણા જમાનામાં વિજ્ઞાને ઘણી પ્રગતિ કરી છે. અવકાશ યુગમાં તેનો કયારનો પ્રવેશ થઈ ચૂકયો છે. વર્ષ પ્રતિવર્ષ નવીનતમ શોધો થયા જ કરે છે. ગ્રહો - ઉપગ્રહો પર પણ પોતાની સત્તા જમાવવા મથે છે. છતાં કહી શકાય એમ છે કે માનવ સુખી થઈ શકયો નથી. તેના અજંપાનો અંત આવે એમ લાગતું પણ નથી. સુખચેનથી તે પોતે જ તૈયાર કરેલા ભોગો ભોગવી શકતો નથી. ત્યાં અમરતાના પંથની તો વાત જ શી કરવી ? બાહ્ય શોધોથી માણસ હજી દુઃખી જ છે. જયાં સુધી આ શરીર રૂપી ગોદડીને તે સમજે નહીં, તેમાં રહેલી આત્મશકિતને પિછાણે નહીં, ત્યાં સુધી તેના સુખચેન હરામ છે. તે એકવીસમી સદીમાં પ્રવેશ કરશે તો પણ તે પોતાની વ્યથામાંથી મુકત થઈ શકશે નહીં. આ જ્ઞાન ગુદડીના

પદનો મર્મ એ દૃષ્ટિએ વિચારવા યોગ્ય છે.

સદ્ગુરુ કબીર સાહેબ વિજ્ઞાનની અવગણના નથી કરતા. પરંતુ વિજ્ઞાનની એક બાજુની દોડ તેની પોતાની મર્યાદા બની ગઈ છે, તે તરફ આંગળી ચીંધે છે. બાહ્ય શોધની સાથે આંતરિક શોધો તરફ પણ વિજ્ઞાન લક્ષ આપે તો જગતને ઘણો લાભ થશે. જો કે ઋષિઓએ ઉપનિષદ્ કાળમાં વિદ્યાને બે વિભાગો પાડી સમજવા પ્રયત્ન કર્યો હતો તે પણ પ્રશસ્ય રીત ગણાય. પરા વિદ્યા ને અપરા વિદ્યાનો પ્રચાર યુનિવર્સિટીની કક્ષાએ આજે પણ થતો જ રહે છે. ખગોળ વિદ્યા, જ્યોતિષ વિદ્યા, ભૂસ્તર વિદ્યા, રસાયણ વિદ્યા, વનસ્પતિશાસ્ત્ર, દાકતરી વિદ્યા વગેરે વિદ્યાશાખાઓનો સમાવેશ અપરા વિદ્યામાં થઈ જાય છે. વર્તમાન કાળમાં પરા વિદ્યા તરફ દુર્લક્ષ સેવવામાં આવે છે. પરાવિદ્યા આત્મતત્ત્વ સાથે સંબંધ ધરાવે છે. તે કારણે તે ગૂઢ વિદ્યા પણ બની જાય છે. કબીર સાહેબે છ સદી પૂર્વે આ બાબતમાં પણ ઈશારો કરતાં કહ્યું છે કે

**જ્ઞાની ભૂલે જ્ઞાન કથી નિકટ રહ્યો નિજ રૂપ**
**બાહર ખોજૈ બાપુરે ભીતર વસ્તુ અનૂપ.**

અહીં જ્ઞાની એટલે અપરા વિદ્યાનો જાણકાર. ઘણી બધી વિદ્યાશાખાઓમાં તે ભલે પ્રવીણ ગણાતો હોય પણ તેને પોતાના આત્મસ્વરૂપનો જરા પણ ખ્યાલ નથી હોતો. ખરેખર સૌથી નજીકમાં નજીક જો કાંઈ હોય તો તે એનું પોતાનું સ્વરૂપ જ છે. છતાં તે તેને જાણતો નથી. તે વ્યકિત તેને બહાર શોધવા પ્રયત્ન કરે ત્યારે તેના પર દયા આવે છે. આ સાખીમાં 'બાપુરે' શબ્દ પ્રયોગ તેવી વ્યકિત માટે થયો છે. બાપુરે એટલે બિચારો. જુઓને, વિજ્ઞાન કેટલું બધું આગળ વધ્યું છે ! આકાશમાં પોતાની સત્તા સ્થાપી રહ્યું છે. છતાં બીજી બાજુ તપાસો તો નવા નવા વ્યાધિઓ માણસ જાતમાં વધી રહ્યા છે તે તેની ચિંતાનો વિષય છે. હજી તો કેન્સરની દવા નથી શોધી શકાય ત્યાં તો નવો 'એઈડસ'નો વ્યાધિ વિકરાળ મોઢું ફાડીને ઊભો છે. જેમ જેમ સુખ સગવડો વધતી જાય છે તેમ તેમ દુઃખનો દરિયો મોટો થતો જાય છે એવો અનુભવ થઈ રહ્યો છે. વિજ્ઞાની પોતાના શરીરમાં ડૂબકી લગાવતો નથી તેથી તેની ભીતરમાં આત્મતત્ત્વની અનંત શકિત હોવા છતાં તેનો પરિચય તેને થતો નથી. આ તેની દયા આવે તેવી દશા ગણાય. તે જયારે આંતરિક સંશોધન તરફ વળશે ત્યારે તે પરાવિદ્યા તરફ વળેલો ગણાશે. પરાવિદ્યાનું મહત્ત્વ ત્યારે જગતને સમજાશે. કબીર સાહેબ તો આ જ્ઞાન ગુદડીના પદમાં પરાવિદ્યાનો જ પ્રચાર કરી રહ્યા છે. એ વિદ્યાથી જ માનવ દુઃખનો દરિયો તરી જશે અને શાશ્વત સુખના સરોવરમાં સ્નાન કરતો થઈ જશે.

'ગુદડી' નું પ્રતીક કબીર સાહેબે કેમ પસંદ કર્યું હશે ? ખરેખર તો ગુદડી સાવ સામાન્ય જનસમાજની જરૂરિયાતની વસ્તુ ગણાય. પૈસાદાર લોકો કદાચ બીજું કાંઈ વાપરતા હશે. વળી કબીર સાહેબની વાણીમાં સર્વ સાધારણ ગણાતી પ્રજાની સમસ્યાઓ ને તેના ઉકેલ ખાસ કરીને અભિવ્યકત થયેલા જણાય છે. તે શું બતાવે છે? જરૂર કબીર સાહેબ સાવ સામાન્ય ગણાતા લોકોના સંપર્કમાં રહેતા હોવા જોઈએ. તેવા લોકોની ટેવો ને રિવાજોથી તેઓ પરિચિત હોવા જ જોઈએ. તો જ 'ગુદડી' જેવા પ્રતીકોને તેઓ પોતાના કવનના વિષયો બનાવી શકે અને એકદમ ગૂઢ ગણાતી જ્ઞાનની વાતોને સરળતાથી રજૂ કરી શકે. જ્ઞાન ગુદડીનું પદ એ રીતે પણ વિચારવા યોગ્ય છે.

સદ્‌ગુરુ કબીર સાહેબના સમયમાં યાત્રા કરવી કઠિન ગણાતી. તે વખતે આજે છે તેવા પાકા રસ્તાઓ નહોતા. હિમાલયમાં તો રસ્તાઓ ઘણા મુશકેલીભર્યા ગણાતા. તેમાં ચારધામની યાત્રા કરનાર જો જીવતો પાછો આવે તો તે સદ્‌ભાગી ગણાતો. ખાવાની, સૂવાની અને વાટખર્ચીની વ્યવસ્થા પણ મુશ્કેલી ભરેલી હતી. બધું જ યાત્રાળુએ કરવું પડતું. આજે તો ખાવાપીવા અને રહેવા માટે ઘણી ધર્મશાળાઓ ને લોજોની સગવડ થઈ ગઈ છે. વાટ ખર્ચી માટે બેન્કોની પણ સારી વ્યવસ્થા હવે લભ્ય બની છે. પરંતુ કબીર સાહેબના જમાનામાં તે બધી સગવડો નહોતી. યાત્રાળુઓને ઘણી વિટંબણાઓ નડતી. રસ્તે ચોરો લૂંટારૂઓનો પણ સામનો કરવો પડતો. એટલે રોકડ નાણું સાથે રાખી શકાતું નહોતું. કામચલાઉ થોડું રોકડનાણું રાખતા પણ બીજી સોનામહોર, હીરામાણેક જેવી કીમતી વસ્તુઓ યુકિતપૂર્વક સંતાડેલી રાખતા. આવી ગુદડીમાં તેને સીવી દેતા. ગુદડી રોજ રાતે તો પાથરવી ને ઓઢવી પડતી. એટલે તેને કયાં સંતાડેલી તેની માહિતી પોતા સિવાય કોઈને રહેતી નહીં. યાત્રાળુઓને જયારે જરૂર પડતી ત્યારે તે બજારમાં તેને રોકડ રકમમાં ફેરવી શકતો. આ રીતે ગુદડીનું મહત્ત્વ મુસાફરીમાં રહેતું.

ગુદડીના પ્રતીક દ્વારા કબીર સાહેબે આધ્યાત્મિક જગતની પણ કેટલીક રહસ્યાત્મક વાતોને લક્ષમાં લીધી લાગે છે. આ જીવ પણ લોકમાં માનવ શરીર ધારણ કરીને પોતાની જીવનયાત્રાનો પ્રારંભ કરે છે. જીવે પણ પોતાના માનવ શરીરમાં સદ્‌ગુણો રૂપી રત્નો તથા હીરામાણેકને સંતાડેલા રાખ્યા છે. જેમ જેમ જરૂર પડે તેમ તેમ જીવ તેનો ઉપયોગ કરી શકે છે. જો આ સદ્‌ગુણો ગુઢતાથી ન સંતાડવામાં આવે તો કામ, ક્રોધ, મદ, લોભને મત્સર જેવા ડાકુઓને લૂટારૂઓને લૂંટી લેવાનો મોકો મળે. જીવનયાત્રા પડી પણ ભાંગે! તેથી શરીર રૂપી ગોદડીમાં આત્મધન સંતાડેલું રાખ્યું છે.

માનવનું મહત્ત્વ સદ્ગુણોની વૃદ્ધિમાં રહેલું છે તે સત્ય કબીર સાહેબે એક સાખીમાં આ રીતે પણ રજૂ કર્યું છે.

**માનુષ તેરો ગુણ બડો તેરો માંસ ન આવે કાજ**
**હાડ ન હોવત આભરણ ચામ ન હોવત સાજ.**

અર્થાત્, હે મનુષ્ય ખરેખર તું તો ગુણથી જ મહાન ગણાય છે. આ જગતના હાટવાડે તારી કિંમત ગુણો વડે જ આંકી શકાય છે. બાકી તારું માંસ તો કોઈને ખાવા પણ કામ આવતું નથી ! તું મરી જાય ત્યારે કયાં દાટે છે કે કયાં તો બાળી દે છે. તેથી કોઈને માંસ ઉપયોગ આવતું નથી. બીજું તારી પાસે શું છે કે તેને વેચીને તારું ભૌતિક મૂલ્ય ઊભું કરી શકાય ? હાથીદાંતનાં તો ઘરેણા પણ બનાવી શકાય છે. બજારમાં તેની કિંમત પણ સારી ઊભી કરી શકાય છે. તારાં હાડકાના તો ઘરેણા પણ બનાવી શકાતા નથી ! ઘેટાં બકારાંની ચામડીમાંથી તો તબલાં કે પખવાજ બનાવી શકાય છે અને કંઈક કિંમત પ્રાપ્ત થાય છે. તારી ચામડીમાંથી તો એવું કશું જ બનાવી શકાતું નથી ! એટલે ગુણોથી જ તારી કિંમત અંકાય છે. એ સત્ય છે. માટે માનવે તો સદ્ગુણોની વૃદ્ધિ તરફ ખાસ લક્ષ આપવું જોઈએ. ગુણ સમૃદ્ધિ એ જ માનવની સાચી મૂડી છે. ગુણો નહિ કેળવે તો માનવની આ જગતમાં કાંઈ કિંમત નથી. આ રીતે જે જે સદ્ગુણો કુદરત તરફથી આ કાયામાં મળ્યાં છે તેને સાચવવા તો જોઈશે જ. તે સચવાશે તો જ બીજાની વૃદ્ધિ થશે. તેથી સદ્ગુરુ કબીર સાહેબ કહે છે હે માનવ, તું તારી ગુણસમૃદ્ધિ કેમ વધે તે તરફ જ લક્ષ આપશે તો આ જીવનનો જંગ તું સફળતાપૂર્વક જીતી જશે !

પૂ. જગદીશ સાહેબ શરીર રૂપી ગોદડીમાં ગુપ્તપણે રહેલા સદ્ગુણોને સમજાવતાં શ્રીમદ્ગીતાના સોળમાં અધ્યાયમાં વર્ણવેલ દૈવી સંપત્તિને યાદ કરે છે. દૈવી સંપત્તિ જન્મ સાથે સૌને મળતી હોય છે :

**અભયં સત્વસંશુદ્ધિર્જ્ઞાનયોગ વ્યવસ્થિતિઃ ।**
**દાન યમશ્ચયજ્ઞશ્ચ સ્વાધ્યાયસ્તવ આર્જવમ્ ॥**
**અહિંસા સત્યમક્રોધત્યાગઃ શાન્તિરપૈશુનમ્ ।**
**દયા ભૂતેષ્વલોલુપ્ત્વમ્ માદર્વં હીરચાપલમ્ ॥**
**તેજઃ ક્ષમા ધૃતિઃ શૌચમદ્રોહો નાભિમાનિતા ।**
**ભવન્તિ સંપદં દૈવીમભિજાતસ્ય ભારત. ॥**

અર્થાત્ નિર્ભયતા, હૃદયની શુદ્ધિ, જ્ઞાન પ્રાપ્તિની ઝંખના, દાન, દમ, યજ્ઞ, સ્વાધ્યાય, તપ, સરળતા, અહિંસા, સત્ય, ક્રોધ ન કરવાની વૃત્તિ, શાન્તિ, નિંદા, કુથલી ન કરવાનો સ્વભાવ, નિરભિમાનીપણું એ બધા દૈવી સંપત્તિના હે અર્જુન, સદ્ગુણો કહેવાય. ભગવાન શ્રી કૃષ્ણ અર્જુનને આ જીવનરૂપી

જંગ ખેલવા માટે તેમાં સફળતા મેળવવા માટે દૈવી સંપિત્તિની જ જરૂર પડે છે એવી શિખામણ આપે છે. તેવા જ ભાવથી ને આશયથી સદ્‌ગુરુ કબીર સાહેબ પણ સદ્‌ગુણોનો મહિમા કરે છે.

સદ્‌ગુરુના સદ્‌ગુણોની જરૂરિયાતનો સિદ્ધાંત સમજવા માટે મને એક ખેડૂતનું દષ્ટાંત યાદ આવે છે. ધનો નામે એક ખેડૂત હતો. તેની પાસે માત્ર બે વીઘા જમીન હતી. તેનું કુટુંબ ઘણું મોટું હતું. શરીરે તે ખડતલ હતો. સ્વભાવે ખૂબ મહેનતુ પણ હતો. તેને જમીન વધારવાની ઘણા સમયથી ઈચ્છા થયા કરતી હતી. પરંતુ નાણા મર્યાદિતપણે જ તેની પાસે હતા. થોડા દર દાગીના વેચીને પણ કંઈક વધારવાની તેની તમન્ના હતી. તેને ખબર થઈ કે બાજુના ગામમાં સરકારી જમીન હરાજીમાં વેચાવાની છે. તે જમીન તે જોઈ આવ્યો હતો. જમીનમાં ઊંચી ડુંગરી હતી. તે વીસ વીઘાની ગણાય છે. ડુંગરી દૂર કરવામાં આવે તો વીસ વીઘા જમીન વધી જાય. તેથી તેણે હરાજીમાં ભાગ લેવાની તૈયારી કરવા માંડી. એમાં સરકારે નકકી કરેલી રકમ 'ડિપોઝિટ' તરીકે મૂકવી પડે તે તેણે હાથ પર કરી લીધી. બીજી રકમ તો એક મહિનામાં ભરવાની હોઈ તેને ચિંતા નહોતી. એક મહિનામાં તો ઓછીના નાણા મેળવી શકાશે એવી તેની શ્રદ્ધા હતી.

ડુંગરી પથ્થરવાળી પણ હતી એટલે હરાજીમાં ભાગ લેનાર પાંચ જણા જ નીકળ્યા. ડુંગરી જોઈને જ ઘણા મૌન થઈ જતા હતા. બાકી જમીનમાં રસ ધરાવનારનો તોટો નહોતો. મહેનત કરવી પડે તેમ હતું. તેથી સરકારે કિંમત પણ ઓછી જ રાખી હતી. છતાં પથ્થર જોઈને ખેડૂતો હટી જતા હતા. પરંતુ ધનો હટયો નહીં. તેણે તો હરાજીમાં સારી રીતે ભાગ લીધો. તે સફળ થયો. તેના ભાગે ડુંગરી આવી. તાલી પાડવાવાળા ને નાટક જોવાવાળા લોકો આશ્ચર્યમાં પડયા. ધનાની હિંમત જોઈને સૌ ચૂપ થઈ ગયા હતા. બાકીના નાણાની વ્યવસ્થા કેમ કરવી તે પણ ધનાએ વિચારી લીધું. દરદાગીના વેચવાથી બધું જ પતી જાય એવું જણાયું તેથી ધનાને ખૂબ જ ઉત્સાહ હતો. કોઈની પાસે નાણા ન માંગવા પડે તે સ્થિતિ સૌને ગમતી જ હોય છે. ધનાના હ્દયમાં આનંદ સમાતો નહોતો.

ડુંગરીની એક બાજુ પથ્થરો ઘણા જણાતા હતા ને બીજી બાજુ પથ્થરો નહિવત્ દેખાતા હતા. તેથી બીજી બાજુથી ખોદકામ સરળતાથી થઈ શકશે એમ વિચારી ધનાએ ડુંગરી હટાવવાનું કાર્ય બીજે દિવસથી જ ચાલુ કરી દીધું હતું. ત્રણ મહિનામાં તો ધનાએ લગભગ બે વીઘા જેટલી જમીન ખુલ્લી કરી દીધી હતી. પરંતુ હવે જ ધનાની કસોટી હતી. પથ્થરની મોટી શીલા વચમાં નીકળી હતી. દસ બાર ટનની તો હશે જ. તેને

હટાવવા ખાડો કરવા માંડયો હતો. લગભગ આખો દિવસ ધનો ડુંગરીએ જ રહેતો. બપોરનું ખાવાનું પણ ડુંગરીએ જ રાખતો. ડુંગરીની બાજુમાં જે કૂવો હતો તેમાં સ્નાન પણ કરી લેતો. નજીક જ લીમડાનું ઝાડ હતું તેની છાયામાં આરામ પણ કરી લેતો. આજે બોપર ચઢે તે પહેલાં ખોદેલા ખાડામાં ઊતરી પથ્થરની શીલાની નીચે તેણે જોરથી પરાઈ મારી તો પોલાણ હોવું જોઈએ એવું લાગ્યું. તેણે તેટલા ભાગમાં ખોદી કાઢયું તો શીલાની નીચે કાચના ચળકતા ટુકડાઓ જણાયા. અંદર હાથ નાંખી તે બધા ટુકડઓ તેણે બહાર કાઢયા. આશરે મણેકનું પોટલું તેણે બાંધી દીધું હતું.

બપોર થઈ એટલે કૂવા પર સ્નાન કરવા ગયો. સ્નાન કરી રહ્યો ત્યારે એક સાધુ મહાત્મા કૂવા પાસે પાણી પીવા માટે આવી ચઢયા. ધનાએ પાણી કાઢી આપ્યું. સાધુ મહાત્માએ હાથમોં બરાબર ધોઈ નાંખ્યા અને ફરીથી ધનાએ પાણી કાઢયું તો તેમાંથી પાણી ધરાઈને પીધું. ધનાએ સાધુ મહાત્માને જમવા માટે આગ્રહ કર્યો. આગ્રહમાં આદરભાવ ભારોભાર હતો. તેથી મહાત્માએ જમવાના આમંત્રણનો સ્વીકાર કર્યો. લીમડાની છાયામાં જઈને મહાત્માને પોતાના બપોરિયા ભોજનના ભાગીદાર બનાવ્યા. બંને જમી રહ્યા પછી વાતે વળગ્યા. ધનાએ કાચના ટૂકડાની વાત કરી. પોટલું લાવીને મૂકયું ને કહ્યું કે આ બધા કાચના ટુકડાઓ આજે નીકળ્યા છે, મહારાજ ! તમારે જોઈએ તો લઈ જાવ. સાધુ મહાત્મા સામાન્ય નહોતા. તે તો સમર્થ જ્ઞાની પુરુષ હતા. તેણે કાચના ટૂકડાને જોતાં જ કહ્યું કે બેટા ! આ કાચના ટૂકડા નથી, આ તો હીરા છે. તારું ભાગ્ય ખૂલી ગયું લાગે છે. એક એક હીરો હજારોનો થશે! મારે એની કશી જરૂર નથી. તારી મહેનતનું તને મળ્યું છે તે તું વિવેકપૂર્વક વાપર ! આમ કહીને સાધુ મહાત્મા તો ચાલતા થયા.

ધનાએ સાધુ મહાત્માની વાતો પર લક્ષ આપ્યું પોટલું કીમતી છે એટલે સાચવીને ઘરે મૂકી આવ્યો. શહેરમાં જઈને બે ત્રણ હીરાની પરખ કરી આવ્યો હતો. હીરાને વેચીને ધનો ખરેખર ધનવાન બની ગયો હતો. જાણભેદુ મહાત્મા ન મળ્યા હોત તો ધનાને મન તો તે કાચના ટુકડાઓ જ હતા ! તેને તેનું મહેનતનું જે મળવું જોઈએ તે ન મળત ને બીજા જ ખાય જતે ! ધનાને મન ડુંગરી તો હીરાની ખાણ નીકળી !

જીવની દશા પણ આવી જ છે. તેને મળેલું માનવ શરીર અતિશય કીમતી હોવા છતાં અજ્ઞાનતાને કારણે તેનું મૂલ્ય તેને બિલકુલ સમજાતું નથી. સફાઈદાર કાચના ટૂકડા જેવું તેને માત્ર સુંદર લાગે છે. એટલું જ ! તેથી શરીરનો જેવો ઉપયોગ કરવો જોઈએ તેવો આ જીવ કરી શકતો નથી. શરીરમાં રહેલી શકિતને વેડફવામાં તેને આનંદ મળે છે, ગમે ત્યાં ખાય ને ગમે તે ખાય, ગમે ત્યાં પીવે ને ગમે તે પીવે અને

માત્ર ભોગ વિલાસમાં ડૂબી જઈ શરીરને ખલાસ કરી નાંખે છે ! પરંતુ કોઈ જાણભેદુ અચાનક મળી જાય છે ત્યારે આંખ ઉઘડી જાય છે. કાચના ટૂકડાઓ જેવું સફાઈદાર જણાતું શરીર ગુરુના સાંનિધ્યથી ઘણું મૂલ્યવાન લાગવા માંડે છે. જ્ઞાનીના સંગમાં શરીર તો જ્ઞાનના હીરાની ખાણ છે એવી સમજ પ્રગટે છે. એવી સમજણ જીવનમાં ચમત્કાર સર્જી જતી હોય છે. સદ્ભાગ્યે આપણને કબીર સાહેબ જેવા જાણભેદુ મળ્યા છે અને આપણા સહુ વતી કલ્યાણની ભાવનાથી ધર્મદાસ સાહેબ સદ્ગુરુને કાયા ગુદડીનું રહસ્ય સમજાવવા વિનંતિ કરે છેઃ

**ધર્મદાસ વિનવે કર જોરી,**
**સાહેબ સુનિયે વિનતિ મોરી,**
**કાયા ગુદડી કહો સંદેશા,**
**જાસે જીવકા મિટે અંદેશા.-૧**

અર્થાત્ ધર્મદાસ હાથજોડીને સદ્ગુરુ કબીર સહેબને વિનંતિ કરે છે કે આ શરીર રૂપી ગોદડીનો મર્મ સમજાવો કે જેથી અજ્ઞાનને કારણે જીવનની સર્વ શંકા-કુશંકાઓનો અંત આવે. આખું આ પદ ગુરુ શિષ્ય વચ્ચે જે સંવાદ થયેલો તેનું આલેખન છે. ધર્મદાસ સાહેબ તમામ જીવના પ્રતિનિધિ બનીને સમસ્ત જીવોની સમસ્યાઓ રજૂ કરી રહ્યા છે. ધર્મદાસ શિષ્યપદે આરૂઢ થઈને આપણા સહુનું કલ્યાણ કરી રહ્યા છે. આ માનવદેહના સર્જન પાછળ કયું રહસ્ય છૂપાયેલું છે તે જાણવાની કોને ઈચ્છા ન થાય?

તે પહેલાં આ ધર્મદાસ કોણ હતા? તેઓ કયાંના રહેવાસી હતા? તે પણ જાણી લેવું જોઈએ. ધર્મદાસ સાહેબ બીજું કોઈ નહીં પણ કબીર પંથના આદ્ય સ્થાપક સદ્ગુરુ. જો કે ધર્મદાસ સાહેબનો સમય હજી પણ નિશ્ચિત થયેલો નથી. છતાં વિદ્વાનો એક વાતમાં સર્વ સંમત થાય છે કે તેઓ સદ્ગુરુ કબીર સાહેબના સમય પછી થયા છે. કબીર પંથની સ્થાપના તેથી કબીર સાહેબ દિવંગત થયા પછી જ થઈ છે તે હકીકત પણ સર્વ સ્વીકૃત છે. વર્તમાન સમયમાં સ્વામી બ્રહ્મલીન મુનિ કબીરપંથના આગલી હરોળના મૂર્ધન્ય વિદ્વાન થઈ ગયા. તેઓ પણ કહે છે કે 'સદ્ગુરુ શ્રી કબીરસ્વામીના અંતર્ધાન થયા પછી જ કબીરપંથનો જન્મ થયો હતો.' તેથી અહીં બે મુદ્દાઓ આપણું ધ્યાન ખેંચે છેઃ જો ધર્મદાસ સાહેબ સદ્ગુરુ કબીર સાહેબ વિદેહ થયા પછી થયા હોય તો બંનેનું મિલન કેવી રીતે થયું ગણાય? બંને વચ્ચે સંવાદ કેવી રીતે થયો હોય? બીજો મુદ્દો, આ જ્ઞાન ગુદડીનું પદ કબીર સાહેબનું જ છે એમ કેવી રીતે માનવું? આ પદના કર્તૃત્વનો પ્રશ્ન ઉપરના પ્રશ્ન સાથે સંબંધિત ગણાય. બંને પ્રશ્નો એક જ સમસ્યામાંથી ઉદ્ભવ્યા છે.

ભલે ધર્મદાસજી સાહેબ સદ્ગુરુ કબીર સાહેબની હયાતી બાદ થયા

હોય, પરંતુ તેમનું મિલન ન થયું હોય અને તેમની વચ્ચે વાતચીત ન થઈ હોય એમ કહી શકાય નહીં. આધ્યાત્મિક જગતમાં કેટલીક અલૌકિક ઘટના બનતી હોય છે. સાધના કરનાર અનેક અનુભૂતિઓમાંથી પસાર થતો હોય છે. ધર્મદાસ સાહેબ પણ સાચા સાધક હતા. તેમનું જીવન પણ સાધનારત હતું. તેથી કબીર સાહેબનાં દર્શનનો અનુભવ તેમને થયો હોવો જોઈએ. માત્ર દર્શન જ નહીં, પણ વાર્તાલાપ પણ થયો હોવો જોઈએ. વીસમી સદીમાં વિવેકાનંદ જેવા સંતોના જીવનમાં વિદેહ થઈ ગયેલા સદ્‌ગુરુ ફરીથી પ્રગટપણે દર્શન આપી માર્ગદર્શન આપ્યાના અલૌકિક અનુભવો થયા હોય તો પાંચ સદી પહેલાં પણ તેવી ઘટના ન બની હોય એમ માનવાને કોઈ કારણ જણાતું નથી. રામકૃષ્ણ પરમહંસે દેહ છોડી દીધા પછી વિવેકાનંદના જીવનમાં શૂન્યાવકાશ ઊભો થાયો હતો. પ્રગટ ગુરુની આવશ્યકતા વિના હવે માર્ગદર્શન કોણ આપશે એવી મૂંઝવણ તેઓ અનુભવવા લાગ્યા હતા. તેવી દશામાં તેમણે પવહારી બાબાના સાંનિધ્યમાં જઈ તેમની શરણાગતિ સ્વીકારી લેવાની તૈયારી કરેલી ત્યારે વિદેહ થઈ ગયેલા હોવા છતાં સદ્‌ગુરુ રામકૃષ્ણ પરમહંસ સદેહે પ્રગટ થયેલા ને શિષ્યને જરૂરી માર્ગદર્શન પણ આપેલું.

દક્ષિણ ભારતને છેવાડે કન્યાકુમારી એક તીર્થધામ છે. ત્યાં દરિયામાં વિવેકાનંદની શિલા પ્રખ્યાત છે. તે શિલા કિનારેથી લગભગ બે ફર્લાંગ જેટલી દૂર છે. તે શિલા પર પણ વિવેકાનંદને પોતાના ગુરુદેવ રામકૃષ્ણ પરમહંસનાં દર્શનનો અલૌકિક અનુભવ થયેલો. ઈ.સ.૧૮૯૩માં વિશ્વધર્મ પરિષદમાં ભારતના પ્રતિનિધિ બનીને અમેરિકા ગયેલા તે પહેલાં એ શિલા પર વિવેકાનંદને અનુભવ થયેલો. ગુરુદેવ રામકૃષ્ણદેવે સૂચના આપેલી તે હિસાબે તેમણે મદ્રાસ જઈ અમેરિકા જવાનું આમંત્રણ સ્વીકારેલું. બાકી તે પહેલાં વિવેકાનંદે આમંત્રણનો અસ્વીકાર કર્યો હતો. સાધના માર્ગે સાધકને આ પ્રકારના અનુભવો આજે પણ થતાં હોય છે. તે દર્શનોની આભાસી કહીને અવગણના ન કરી શકાય.

તા.૧૬-૧૦-૯૪ના ભૂમિપુત્રના આપણા જમાનાના મહામનીષી ગણતા વિનોબા ભાવેનો ખુલાસો આ અંગે સમજવા જેવો છેઃ ચિત્તથી પર કોઈ દર્શન છે, એ દર્શનનો સાક્ષાત્કાર થાય છે. તેમાં રૂપ દર્શન પણ છે, સંકેત દર્શન પણ છે. જેટલું વિશાળ વૈજ્ઞાનિક ક્ષેત્ર બહાર ખડું છે, જેટલી વિશાળ માનવતા બહાર ખડી છે, નીતિનું ને સેવાનું ક્ષેત્ર બહાર ખડું છે, તેટલું જ વિશાળ એક ત્રીજું વિશ્વ છે, જે અંતરવિશ્વ છે. તેમાં જે અનુભવ આવે છે, તે ઉપાસના દ્વારા, જ્ઞાન દ્વારા આવે છે. એ ખરું કે તેના વિના યે માણસના ચિત્તનું સમાધાન થઈ શકશે, પરંતુ આ વિશેષ

અનુભૂતિથી ચિત્ત શકિત સંપન્ન થશે. સમાધાનમાં શકિત પણ ઉમેરાશે, અને તે ચિત્રમાં ઈશ્વરી ચેતનાનો અંશ આવિર્ભૂત થશે'.......'આ રીતે ઘણાને સાક્ષાત્કાર થાય છે. એ સાક્ષાત્કારનું વિવરણ નૈતિક કે કરુણાની ભૂમિકાથી નહીં થાય. તેનું વિવરણ વૈજ્ઞાનિક કે બૌદ્ધિક ભૂમિકાથી નહીં થાય. આ બેઉથી ભિન્ન તે એક ત્રીજી વસ્તુ છે. તેના તરફ જો કોઈનું અનવધાન રહેશે, તો તેના જીવનનો અનુભવ અધૂરો રહેશે, ને તેને પૂર્ણ પુરુષના દર્શન (આત્મદર્શન) નહીં થાય. એ શુદ્ધ હશે, બુદ્ધ હશે, છતાં સિદ્ધ નહીં હોય.

ઈ.સ.૧૯૨૦માં બોસ્ટનમાં ભરાયેલી વિશ્વધર્મ પરિષદમાં પરમહંસ યોગાનંદે ભારત તરફથી હાજરી આપી હતી. તેમણે અંગ્રજીમાં પોતાની આત્મકથા લખી છે ને તે લોસ એન્જલીસથી જ પ્રગટ પણ કરી હતી. તેમાં તેમણે વિદેહ થઈ ગયેલા ગુરુને વેદના ભરેલા સ્વરે પ્રાર્થના કરીને સદેહે પ્રગટ થવાનું આવાહન કર્યું હતું. તે સમયે તેઓ મુંબઈની રીજેન્ટ હોટલમાં હતા. દિવસ દરમ્યાન જાગૃતિ અવસ્થામાં ગુરુ યુકતેશ્વરગિરિ સહેદે પ્રગટ થયા હતા ને ગુરુએ મરણ પછીની જીવની ગતિની ગૂઢ વાતો પર પરમહંસ યોગાનંદને જ્ઞાનનો વાર્તાલાપ આપ્યો હતો તે ઘટના પણ અત્રે યાદ કરવા જેવી છે. સદ્ગુરુદેવ યુકતેશ્વરગિરિ સાથેનો આ અલૌકિક પ્રસંગ પરમહંસે પોતાની આત્મકથામાં એક જુદા જ પ્રકરણરૂપે આલેખ્યો છે, તે એક આધ્યાત્મિક જગતમાં થતાં દર્શનનો દસ્તાવેજી પૂરાવો છે.

આ જ રીતે મહર્ષિ અરવિંદને અલીપુર જેલમાં ભગવાન કૃષ્ણની અનુભૂતિ થયેલી. શ્રી કૃષ્ણે સ્પષ્ટ કહેલું કે તારે તો મારો ભુલાય ગયેલો યોગનો સંદેશો જગતને ફરીથી યાદ કરાવવાનું મહત્ત્વનું કાર્ય કરવાનું છે. ભારતની આઝાદીનું કાર્ય તો બીજાને હાથે જ થશે- ને તે પણ ટૂંક સમયમાં જ થશે. શ્રી કૃષ્ણની આ આજ્ઞાને લક્ષમાં લઈને જ મહર્ષિ અરવિંદના જીવનમાં વાળાંક આવ્યો હતો તે ઈતહાસ પણ ખૂબ જગ પ્રસિદ્ધ છે. 'ગાંધી ગૌરવ' મહાકાવ્યના રચયિતા મહાત્મા યોગેશ્વરજીના જીવનમાં આવા અનેક અલૌકિક દર્શનો થયેલાં તે તેમની આત્મકથા 'પ્રકાશના પંથે'માં જોઈ શકાય છે. જગદમ્બાનું દર્શન તેમને જાગૃતિ અવસ્થામાં થયેલું ને તેમની સાથે વાર્તાલાપ પણ થયેલો તેનું શબ્દશઃ આલેખન તેમણે પોતાની આત્મકથામાં કરેલું છે.

આ દૃષ્ટિએ 'જ્ઞાનગુદડી'ના પદને આપણે જોવું જોઈએ. સદ્ગુરુ કબીર સાહેબની હયાતી બાદ ધર્મદાસજીની ભકિતને લક્ષમાં લઈ સદ્ગુરુએ પ્રત્યક્ષ પ્રગટ થઈ દર્શન આપેલાં ને બંને વચ્ચે જે વાતચીત થયેલી તે જ આ પદ. ધર્મદાસ સાહેબે જે વાણી સદ્ગુરુદેવની શ્રવણ કરી તે શબ્દશઃ સાચી

છે અને તનું કર્તૃત્વ કબીર સાહેબનું જ ગણાય. વ્યાવહારિક જગતમાં વિદ્વાનો તો કબીર સાહેબને અક્ષરજ્ઞાન વિહોણા જ લેખે છે તેથી તેમણે પોતાને હાથે તો કાંઈ લખ્યું જ નહોતું એમ ગણાય. વેદોની વાણી ઋષિઓએ સંભળી હતી અને પછી તેમણે તે વાણીને શબ્દસ્થ કરેલી તેથી તેને શ્રુતિ કહેવામાં આવે છે. પરંતુ તેના કર્તૃત્વની વાત આવે ત્યારે વિદ્વાનો વેદવાણીને ભગવાનની જ વાણી ગણે છે ને તેના રચયિતા પણ સ્વયં ભગવાન જ ગણાય છે. આ દૃષ્ટિએ પણ આ પદની વાણી કબીર સાહેબની પોતાની જ છે અને શબ્દસ્થ ખુદ ધર્મદાસે કરી હોય તો પણ તેના કર્તા તો કબીર સાહેબ જ ગણાય તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

આવા અલૌકિક અનુભવોમાં જે જે સદ્‌ભાગી સંતોને દર્શનો થાય છે ને અદ્‌ભુત વાણી સાંભળીને જે ધન્યતાનો અનુભવ થાય છે તે પરાવાણીનો જ પરચો ગણાય. તે પરાવાણીને સાંભળનારે વૈખરી વાણીમાં શબ્દશઃ સાકાર કરવા પ્રયત્ન કર્યો હોય તેથી તે વાણીનું મહત્ત્વ જરા પણ ઓછું થતું નથી. હા, સાંભળનારના સામર્થ્ય પર જ તેનો આધાર રહે છે તે વાત સાચી છે. અહીં ધર્મદાસજીએ તે કાર્ય સફળતાપૂર્વક કર્યું છે તેમાં કોઈ બે મત નથી. આટલા ખુલાસા પછી વાચકવર્ગને સમજાશે કે સાધના માર્ગે આગળ વધનારને જે દર્શનો થતાં હોય છે તે આભાસી અને ખોટાં નથી હોતાં, પરંતુ તે સો ટકા સત્ય હોય છે. વ્યાવહારિક જગતમાં ભલે તેવા અનુભવો ન થતાં હોય. પારમાર્થિક જગતમાં તેવા અનુભવો અનેક થતા હોય છે. આજે પણ એવા અનુભવ કરનાર અનેક સંતો અસ્તિત્વ ધરાવે છે.

ધર્મદાસજીએ પહેલી કડીમાં સદ્‌ગુરુને હૃદયપૂર્વક વિનંતિ જ કરી છે અને માનવ શરીર વિષે જે આધ્યાત્મિક મહત્ત્વ રહેલું છે તે અંગે ઉપદેશવાણી સાંભળવાની ઉત્કંઠા વ્યકત કરી છે. તેને અનુલક્ષીને સદ્‌ગુરુ કબીર સાહેબ જવાબ આપતા કહે છે.

**અલખ પુરુષ જબ કિયા વિચારા**
**લખ ચૌર્યાસી ધાગા ડારા**
**પાંચ તત્ત્વ કી ગુદડી બીની**
**તીન ગુનન સે ઠાટા કીની -૨**

અર્થાત્ અલખ પુરુષે એટલે કે આ સૃષ્ટિના સર્જકે રચનાનો નિર્ણય કર્યો ત્યારે ચોર્યાસી લાખ યોનિઓના તાણા ને પાંચ તત્ત્વના વાણા વડે શરીરની ગોદડી તેણે બનાવી. પછી તેમાં ત્રણ ગુણોના દોરાઓ પરોવીને તેને તૈયાર કરી દીધી.

કબીર સાહેબ સૃષ્ટિ રચનાથી વાતનો પ્રારંભ કરે છે. દુનિયાના દરેક ધર્મવેત્તાઓએ સૃષ્ટિ રચનાને પોતપોતાની રીતે સમજવા પ્રયત્ન કર્યો જ છે. ભારતીય દર્શનશાસ્ત્રોમાં પણ તે અંગે ખુલાસો છે. एको ऽ हं बहुस्याम् એકમાંથી અનેક થવાની સૃષ્ટિકર્તાની ઈચ્છા આ સૃષ્ટિ રચના માટે કારણભૂત છે. સદ્‌ગુરુ કબીર સાહેબ તેમાં તાલમિલાવી પોતાની રીતે અહીં રહસ્યાત્મક વાતને રજૂ કરી રહ્યા છે. 'અલખપુરુષ' દ્વારા શું સમજવું એવો વાચકવર્ગને સહેજે પ્રશ્ન થશે. જે અગમ્ય, અગોચર ને અવિગત છે તેવો સૃષ્ટિનો સર્જક. તેનો માત્ર અનુભવ જ થઈ શકે છે. કબીર સાહેબે તેનો અનુભવ કર્યો હોવાથી તેને માત્ર અલખ પુરુષ કહ્યો. જે કોઈના લક્ષમાં જ નથી આવતો તેવો તે પુરુષ છે. તેનું વર્ણન કરવા માટે ભાષાના શબ્દો ઉપયોગી થતા નથી. એક પદમાં સાહેબે તેનું સ્પષ્ટીકરણ પણ કર્યું છે.

**કહ કબીર મુખ કહા ન જાઈ**
**ના કાગદ પર અંક ચઢાઈ**
**માનો મૂંગે સબ ગૂડ ખાઈ**
**સૈનન બૈન ઉચારા હૈ !**

અર્થાત્ તેની વાત, કબીર સાહેબ કહે છે કે નથી મુખથી કહી શકાતી કે નથી કાગળ પર લખી શકાતી. ગૂંગો માણસ જેમ બધો ગોળ ખાઈને તેના મધુર સ્વાદને માત્ર ઈશારાથી જ સમજાવી શકે છે તેમ મેં પણ આ વાત કેવળ સાનમાં સમજાવી છે. છતાં લોકો પોતપોતાની રીતે કલ્પના કરી કરીને સૃષ્ટિકર્તાનું વર્ણન કર્યા કરે છે અને પછી તે કપોળકલ્પિત વાતોમાં જાતે જ ગૂંચવાયા કરે છે. જેને અનુભવ નથી થતો તેણે તો કલ્પના જ કરવી પડે તે સમજી શકાય એવી વાત છે. કલ્પના આખરે તો એક કલ્પના જ છે ! તેમાં સત્યનો અંશ હોય જ ન શકે! જે અનુભવને આધારે કહે છે તેની વાણીમાં ભારોભાર સત્ય સમાયેલું હોય છે. અનુભવ કરનારને અનુમાન કરવું પડતું નથી. તેણે તો જેવું જોયું છે. તેવું જ કહેવા પ્રયત્ન કરવો પડે. પરંતુ તે ગૂઢ હોય તો ગૂંગા માણસની જેમ ઈશારાથી કહેવું પડે છે. સત્યને રજૂ કરવાની એ પણ એક રીત છે. જ્યારે અનુમાન તો ખોટું પણ હોય શકે. અનુમાન કરનારની વાત પર સંપૂર્ણ ભારોસો કેવી રીતે રાખી શકાય ? પેલા આંધળા માણસોએ હાથીનું વર્ણન કર્યું હતું તેવી ઘટના બને. એક આંધળો કહે થાંભલા જેવો હાથી, તો બીજો કહે કે સૂપડા જેવો હાથી. જેના હાથમાં હાથીના પગ આવ્યા તેને થાંભલા જેવો લાગે તે સ્વાભાવિક વાત કહેવાય. જેના હાથમાં કાન આવ્યા તેને સૂપડા જેવો લાગે તે પણ સ્વાભાવિક વાત કહેવાય. પરંતુ સદ્‌ગુરુ કબીર સાહેબની વાણી તો અનુભવની વાણી કહેવાય છે. તેમાં અનુમાન નથી, કેવળ નકકર અનુભવ જ છે. 'અલખ પુરુષ' શબ્દો તે

રીતે સમજવા જોઈએ. પુરુષ એટલે જે પુરમાં- નગરમાં- રહે છે તે આત્મતત્ત્વ. તે તત્ત્વ નિરાકાર ને નિર્ગુણ હોવાથી કોઈના ધ્યાનમાં આવતું નથી માટે તે અલખ. આત્મા અલખ કહેવાય. તે અગમ્ય અને અગોચર પણ કહેવાય. છતાં તેનો અનુભવ કબીર સાહેબે કરેલો છે એટલે તેઓ પોકાર કરીને કહે છે કે 'કર નૈનો દીદાર મહલમેં પ્યારા હૈ' અર્થાત્ હે જીવ ! તું તારી સગી આંખે દર્શન કરી લે - આ શરીર રૂપી મહેલમાં પ્રિયતમનો વાસ છે !

**કર્તા એક અગમ હૈ આપ**
**વાકે કોઈ મા ન બાપ**
**કર્તા કે નહિ બંધુ ઔર નારી**
**સદાઅખંડિતઅગમઅપારી**

અર્થાત્ સૃષ્ટિનો રચનારો તો એક જ છે અને તે સ્વયંભૂ છે. તેની કોઈ માતા નથી અને તેનો કોઈ બાપ નથી. તેને કોઈએ પણ ઉત્પન્ન કર્યો નથી. તેથી તેના નથી કોઈ ભાઈ કે નથી કોઈ બહેન. તેની કોઈ પત્ની પણ નથી. તે તો નિત્ય, અખંડ, અગમ્ય ને અપાર છે. સદ્‌ગુરુ કબીર સાહેબ એક આત્મતત્ત્વને જ આ સૃષ્ટિના સર્જક ગણે છે. લોકો સૃષ્ટિના સર્જનહારની જુદીજુદી કલ્પના કરીને તેમાં ભાઈ-બહેન-પત્ની આદિ સાંસારિક સંબંધોના રંગો પૂરે છે, તે સત્ય નથી. તે તો બધા કલ્પનાના રંગો જ કહેવાય. માત્ર જનસમુદાય તેવી કાલ્પનિક વાતો કરે છે એવું નથી. કેટલાક સાધુ સંતો અને મહંતો પણ તેવા રંગે રંગાયેલા છે. અટેલ કબીર સાહેબ તેવાને લક્ષમાં રાખીને પણ કહે છે:

**ચાર ભુજાકે ભજનમેં ભૂલિ પરે સબ સંત**
**કબીર સુમરે તાસુકો જા કે ભુજા અનંત**

અર્થાત્ ભગવાનના ચાર હાથ છે એવી કલ્પના કરીને ઘણા બધા સાધુ સંતો પણ તેની ભકિત કરી રહ્યા છે. કબીર તો તેવા પરમાત્માનું સ્મરણ ને ભકિત કરે છે કે જેને ગણી ન શકાય તેટલા હાથ હોય ! વિષ્ણુના ચાર હાથના સ્વરૂપની કલ્પના જાણીતી છે. તેના દસ કે ચોવીસ અવતાર થયા છે તેવી પણ કથાનો પ્રચાર થાય છે. તે બધી કથા કાલ્પનિક જ છે. સદ્‌ગુરુ કબીર સાહેબ દશ અવતાર અંગે પણ સ્પષ્ટીકરણ કરતાં કહે છે કે :

**દશ અવતાર ઈશ્વરી માયા કર્તા કૈ જિન પૂજા,**
**કહૈ કબીર સુના હો સંતો ઉપજૈ ખપૈ સો દૂજા.**

અર્થાત્ કબીર કહે છે કે અવતાર સૃષ્ટિના કર્તાના નથી થયા, પણ ઈશ્વરની માયાના થયા છે. તેથી હે સંતો સાંભળો, તમે બધા માયાના સ્વરૂપને કર્તા માનીને તેની પૂજા કરો છો. જે 'ઉપજૈ' એટલે કે જે ઉત્પન્ન થાય

છે, જન્મ ધારણ કરે છે અને જે 'ખપૈ' એટલે કે મરી જાય છે, મરણને શરણ થાય છે તે સૃષ્ટિનો સર્જનહાર નહીં, પણ તે તો બીજું જ ગણાય ! આ રીતે કબીર સાહેબ પોતાના અનુભવને આધારે બિન અનુભવી સંતોએ જે જે વાતો વહેતી કરી છે અને જે જે વાદો ઊભા કર્યા છે તેનું ખંડન કરે છે. કબીર સાહેબે આત્માનાં દર્શન કર્યા છે અને તેનો સાક્ષાત્કાર કરીને સત્ય વાત જગતને જણાવી રહ્યા છે. આત્મા જ આ સૃષ્ટિનો સર્જનહાર છે. કરોળિયો પોતાની લાળમાંથી તંતુઓ પેદા કરીને પોતાનું જાળું રચે છે ને પોતે તેમાં પૂરાય જાય છે. તેમ આત્માનું પણ સમજવું . ચોર્યાસી લાખ યોનિઓનું સૌ પ્રથમ સર્જન થયું તેનો તાણો બનાવ્યો. ચોર્યાસી લાખ યોનિઓની અધૂરપ લક્ષમાં લીધી. તેમાં કોઈ એક કોષી જીવ છે, તો કોઈ દ્વિકોષી છે. ત્રણ કોષવાળાં પણ છે ને ચાર કોષવાળાં પણ છે. પરંતુ તે સૌમાં ખામી છે. તે ખામી દૂર કરવા પાંચ તત્ત્વનો વાણો લીધો. માનવ દેહને પંચકોષી બનાવ્યો. વિજ્ઞાનમય કોષ ને આનંદમય કોષથી જે અધુરપ જણાતી હતી તે દૂર થઈ. માનવ સિવાય બીજી કોઈ યોનિમાં સૃષ્ટિના કર્તાને જાણી શકતું નથી. સૃષ્ટિકર્તાની યાદ પણ કોઈને આવતી નથી. યાદ આવે તો જાણી શકે, સમજી પણ શકે. તે સમજી શકે તો આનંદ માણી પણ શકે. માનવ દેહમાં વિજ્ઞાનમય કોષ હોવાથી માનવ સૃષ્ટિકર્તાને યાદ પણ કરી શકે છે ને જાણી પણ શકે છે. જાણ્યા પછી તે પરમાનંદ માણી પણ શકે છે કારણ કે આનંદમય કોષ શરીરમાં છે. આ રીતે માનવ દેહ પંચકોષી થવાથી સંપૂર્ણ બન્યો.

માનવ શરીર અંગે વિજ્ઞાન શું માને છે તે પણ આપણે જાણવું જોઈએ. વિજ્ઞાનના જમાનામાં આપણે શ્વાસ લઈએ છીએ તેથી વિજ્ઞાનનો મત જાણવો જરૂરી છે. અદ્યતન કાળનો મહાન વૈજ્ઞાનિક ડાર્વિનનો સિદ્ધાંત માનવ શરીરને સમજવા પ્રયત્ન કરે છે. તે માને છે કે માનવ શરીરની રચના છેક છેલ્લે થઈ હોવી જોઈએ. ધીમે ધીમે સુધારો થતો ગયો ને માનવ શરીર બન્યું એમ માનવામાં આવે છે. સુધારાની આ ક્રિયાને ઉત્ક્રાંત થયું એમ કહીને ડાર્વિન વર્ણવે છે. વિજ્ઞાનના વિચારોને ટેકો આપતી હોય તેવી સદ્‌ગુરુ કબીર સાહેબની ચર્ચા વિચારણા છે. જો કે ચોર્યાસી લાખ યોનિઓ અંગે ડાર્વિન મૌન છે. યોનિઓની ગણતરીમાં ભારતીય દર્શન શાસ્ત્રો ચોક્કસ મત ધરાવે છે. ચોર્યાસી લાખ યોનિઓની ગણતરી તેઓ આ પ્રમાણે આપે છે :

૨૭,૦૦,૦૦૦ (સત્તાવીસ લાખ) કૃમિ કીટાદિ પશુઓ
૧૪,૦૦,૦૦૦ (ચૌદ લાખ) પક્ષીઓની જાત
૯,૦૦,૦૦૦ (નવ લાખ) પાણીમાં રહેનારા જુદાજુદા જંતુઓ

૩૦,૦૦,૦૦૦ (ત્રીસ લાખ) જુદી જુદી વનસ્પતિઓ
૪,૦૦,૦૦૦ (ચાર લાખ) જુદા જુદા મનુષ્યો

---------------

૮૪,૦૦,૦૦૦

આ કોષ્ટકને ધ્યાનમાં લઈશું તો ખ્યાલ આવશે કે જુદી જુદી વનસ્પતિ અને યોનિઓ ભારતીય દર્શન શાસ્ત્રોએ હજારો વર્ષ પહેલાં ગણતરીમાં લીધી હતી. એનો અર્થ એ થયો કે વનસ્પતિમાં જીવ છે. તે સત્યનો તે સૌ અનુભવી સંતોને સાક્ષાત્કાર થયો હતો. વનસ્પતિમાં જીવ છે તે શોધ વિજ્ઞાને છેક વીસમી સદીમાં કરી છે. તે પહેલાં સંતોએ જાણી લીધું હતું.આ દૃષ્ટિએ ચોર્યાસી લાખન યોનિઓની ગણતરી પણ વજૂદવાળી હોવી જોઈએ. એ સિદ્ધ થાય છે. આ કોષ્ટક કાલ્પનિક નથી, પણ સત્ય પ્રતીત થાય છે. આપણે તો માનવ શરીરને સમજવું છે અને તેથી વિજ્ઞાનના અભિપ્રાયનો મુદ્દો ખ્યાલમાં રાખવાનો છે. માનવ શરીર એ સંપૂર્ણ શરીર છે એમ વિજ્ઞાન માને છે.

આપણે જોયું કે માનવ શરીરનું સર્જન પણ અત્માએ જ કર્યું છે. આખી સૃષ્ટિ તેણે સર્જી અને સર્જનનથી આલગ રહેવાનું તેને ગમ્યું નહીં. તેથી તે સૃષ્ટિમાં સર્વવ્યાપકપણે સમાઈ ગયો. સર્જનમાં સમાઈ જવાની તેની ક્રિયા ખૂબ ગૂઢ અને ગહન છે.

**તામેં જીવ બ્રહ્મ ઔર માયા,**
**સમરથ ઐસા ખેલ બનાયા!**
**જીવન પાંચ પચ્ચીસો લાગે,**
**કામ, ક્રોધ, મોહ મદ પાગે ! - ૩**

અર્થાત્ સમર્થ પુરુષે એવો સરસ ખેલ રચ્યો છે કે જીવ, બ્રહ્મ અને માયાનું રહસ્ય તેમાં જ છૂપાયેલું જણાય છે. જીવ તો પાંચ ઈન્દ્રિયોને પ્રકૃતિના પચ્ચીસ તત્ત્વોના વિષયોમાં એવો મગ્ન બની ગયો છે કે તે કામ, ક્રોધ, મોહ, મદના ફંદામાં ફસાઈ ગયો છે ! અહીં સમરથ શબ્દનો પ્રયોગ કર્યો છે. તે શબ્દ આત્માની અનંત શકિતને વ્યકત કરનારો છે. આત્માનું સામર્થ્ય સૃષ્ટિના સર્જનમાં પ્રતિબિંબિત થયા વિના રહેતું નથી. આ માનવ શરીરમાં હાથનો એક અંગૂઠો કેવો ગજબનો ઘડયો કે વ્યકિતને અંગૂઠાના નિશાનથી જાણી શકાય છે. અંગૂઠાનું નિશાન બીજા કોઈના અંગૂઠાના સાથે મળતું આવે જ નહીં ! અબજો માણસો હોવા છતાં એક અંગૂઠાનું નિશાન જુદું જ તરી આવે ! કેવી ગજબની કારીગીરી ! દરેક વસ્તુ એવી રીતે ગોઠવી કે તે સ્વતઃ ક્રિયા કર્યા જ કરે છે. ભૂખ લાગે એટલે દરેક જણ કાંઈ ને કાંઈ જમે જ ! તે જમવાથી લોહી બન્યા જ કરે ! નાક

દ્વારા શ્વાસોશ્વાસ ચાલ્યા જ કરે છે ને શુદ્ધિકરણની ક્રિયા પણ થયા જ કરે છે. નાક દ્વારા પ્રાણવાયુ એટલે કે ઓક્સિજન અંદર શોષાય અને તે દ્વારા લોહી શુદ્ધ થયા જ કરે છે. ગટર યોજના જાણે કે જુદી જ! પિશાબ અલગ થઈ જાય ને સમયે સમયે તે સાફ થઈ જાય ! અશુદ્ધિઓ મળ દ્વારા પણ નીકળ્યા જ કરે છે ! આ બધી સ્વતઃ ચાલ્યા કરતી ક્રિયાઓમાં આત્માના સામર્થ્યના દર્શન થયા વિના રહેતા નથી. તેથી પણ વિશેષ સામર્થ્ય શરીરમાં ગૂઢ રીતે સંતાઈ જવામાં રહેલું ગણાય. તેને શોધવા જનાર શોધી શકતો નથી. છતાં તે નથી એમ કોઈથી કહી શકાતું પણ નથી. સર્જનની સુંદરતા પણ કેટલી બધી મન મોહક છે ! સર્જનની સુંદરતામાં પણ સર્જકના સામર્થ્યનો પરચો જીવ માત્રને મળી જ જાય છે. આ રીતે સમર્થ આત્માએ આ બધો ખેલ રચ્યો ને માનવને બુદ્ધિનું દાન કરીને પોતાના સામર્થ્યનો પરિચય પણ કરાવ્યો. જગતના લોકો જેને બ્રહ્મ કહે છે અથવા પરમાત્મા કહે છે તે પુરુષ રૂપે એટલે કે આત્મા રૂપે આ શરીરમાં રહેલો છે. તેની માયા પણ મનના સ્વરૂપે શરીરમાં જ રહેલી છે. છતાં પણ તેની માયાનો પાર કોઈ પામી શકતું નથી. પ્રકૃતિ પણ માયાનું સ્વરૂપ જ ગણાય. જીવ માત્ર પ્રકૃતિને આધીન રહે છે તે બ્રહ્મની માયાનો જ પરચો કહેવાય ! કામ, ક્રોધ, મોહાદિ ભાવો પણ માયાનું જ પરિણામ છે. જીવ તેના ફંદામાં ફસાઈ જાય તે પણ માયાનું જ પરિણામ છે ! આ રીતે સૃષ્ટિનો સર્જક શરીરમાં જ રહેતો હોવા છતાં સૃષ્ટિનું રહસ્ય કોણ જાણી શકે છે ? સંતો, જ્ઞાનીઓ, તપસ્વીઓ ને યોગીઓ તે જાણવા મથે છે, છતાં કેટલાને સફળતા મળે છે ?

સદ્‌ગુરુનો આ સૂર ભારતીય દર્શનશાસ્ત્રોમાં પણ સંભળાય છે. તૈતિરીય ઉપનિષદ્ દાવાપૂર્વક કહે છે કે तत् सृष्टवा तदेवानुप्रविशत् અર્થાત્ તત્ એટલે તે આત્માએ. સૃષ્ટવા એટલે કે સર્જન કરીને તેમાં જ પ્રાવિશત્ એટલે કે પ્રવેશ કર્યો. એનો અર્થ એ થયો કે શરીરમાં તો તે પ્રવેશ પામ્યો જ છે. પણ શરીરની બહાર પણ તે ગૂઢ રીતે છૂપાઈને રહ્યો છે. તેથી મુંડકોપનિષદ્‌ના ઋષિ કહે છે કે स ब्रह्माभ्यन्तरो हि अजः । अजः એટલે કે જે જન્મતો જ નથી તે આત્મતત્ત્વ. તે શરીરની અંદર ને શરીરની બહાર પણ વ્યાપકપણે રહેલો છે. શ્રીમદ્ ભાગવદ્‌ગીતા પણ અઢારમાં અધ્યાયમાં કહે છે કે હે અર્જુન, જે મેં ઈશ્વરની તને વાત કરી છે તે ઈશ્વર સર્વ પ્રાણીમાત્રના હ્દય પ્રદેશમાં રહેલ છે ને તેના બળથી જ સમગ્ર સંસાર કાર્યરત રહે છે. શ્રી કૃષ્ણવાણી ને કબીરવાણી આ રીતે સમાન ભૂમિકા પરથી ઉચ્ચારાયેલી અનુભૂતિની વાણી છે તેનો ખ્યાલ આપણને આવ્યા વિના રહેતો નથી. સૃષ્ટિ સર્જનના રહસ્યાત્મક ભાગને કબીર સાહેબે

ધર્મદાસજીને જવાબ આપતી વખતે તાણાવાણાના રૂપકથી સમજાવ્યો. માનવ શરીરની અદ્ભૂત રચનાનો વિશેષ ખ્યાલ આપવા તેમણે કહ્યું :

**કાયા ગુદડીકા વિસ્તારા**
**દેખો સંતો અગમ સિંગારા**
**ચાંદ સુરજ દો પેબંદ લાગે**
**ગુરુ પરતાપસે સોવત જાગે - ૪**

અર્થાત્ હે સંતો, શરીર રૂપી ગોદડીનો વિસ્તાર તેમજ તેનો અગમ્ય શણગાર તો જુઓ ! તેના પર ચંદ્ર ને સૂરજ એવા બે શણગારના ટપકાં કર્યા છે કે જે રાતદિવસ સૂતા જાગતા પણ ગુરુકૃપાથી કાર્યરત રહે છે.

આ શરીર રૂપી ગોદડીનો વિસ્તાર કેવી રીતે થયો ? સદ્‌ગુરુ કબીર સાહેબ એક પદમાં તેનો ખુલાસો કરતાં કહે છે કે 'મન હિ ચૌદહ લોક બનાયા' અર્થાત્ મનને કારણે જ ચૌદલોકનો વિસ્તાર થયો છે. છતાં તે મન વિષે સૌ અજ્ઞાત છે. આપણે અગાઉ વિચારી ગયા તે હિસાબે મન એટલે માયા. માયાને કારણે જ વિસ્તાર વધ્યો કહેવાય. મનને અને માયાને ઓળખવામાં ભલભલા ગોથાં ખાય જાય છે. આપણા શાસ્ત્રગ્રંથો કહે છે કે જયાં સુધી મન છે ત્યાં સુધી આ જગત છે. મતલબ કે જગતનો વિસ્તાર મનને કારણે જ છે. તેજોબિંદુ ઉપનિષદ્ છે તે તો સ્પષ્ટ કહે છે - મન એવ જગત્ સર્વમ્ ! મન એવ હિ કાલશ્ચ । મન એવ હિ ભૂમિશ્ચ ।....મન એવ હિ તોયમ્ । .... દૃશ્યમ્ જડમ્ દ્વન્દ્વજાતમ્ અજ્ઞાનં માનસં સ્મૃતમ્ ॥ અર્થાત્ જગત, કાળ, પૃથ્વી, પાણી બધું જ મન દ્વારા સર્જાયેલું છે. અર્વાચીન ભૌતિક વિજ્ઞાની સર આર્થર એડીંગ્ટન કહે છે કે **The stuff of the Universe is mind stuff.** એટલે કે આ બ્રહ્માંડમાં જે કંઈ નજરે ચઢે છે તે ખરેખર તો માનવ શરીરનો જ વિસ્તાર છે કારણ કે તે સહુ મન દ્વારા વિસ્તાર પામ્યું છે. માનવ શરીર ન હોત તો ? તો મન પણ ન હોત, આ માયા પણ ન હોત ને તેથી આ વિસ્તાર પણ ન હોત ! શરીરમાં પ્રભુ પોતે આત્મસ્વરૂપે વાસ કરીને બેઠા હોય પછી તેનો વિસ્તાર કરવામાં મન કે માયા કાર્યરત રહે તેમાં આશ્ચર્ય શું ? આશ્ચર્ય તો ખરેખર તે ગણાય કે શરીર રૂપી ગોદડીને સમજતો નથી અને તેમાં વસેલા આત્મતત્ત્વને જાણતો નથી !

બીજી પંક્તિમાં અગમ સિંગારા શબ્દો કંઈક વિશેષ વાત કહી જાય છે. ચંદ્રનાડી ને સૂર્યનાડીની વાત સાહેબ કહી રહ્યા છે. જેને તેઓ કોઈ વાર ઈંગલા ને પિંગલા નાડી પણ કહે છે. ગંગા જમના કહીને પણ કયારેક તેનું વર્ણન તેઓ કરે છે. આ નાડી નાકના નસ્કોરાથી પ્રારંભ પામે છે. ડાબા નસ્કોરામાં જે નાડી છે તે ઈંગલા ને જમણા નસ્કોરામાં જે છે તે પિંગલા. ઈંગલાનું ટૂંકુ નામ ઈડા પણ કહેવાય છે. આ નાડી

છે તો સાવ પોલી. પરંતુ પોલી નાડી જે કામ કરે છે તે શરીરના બીજાં અંગો કામ નથી કરતાં ! તેથી આ નાડીઓ અત્યંત મહત્ત્વની ગણાય છે. આખું શરીર તે નાડીઓ દ્વારા જીવંત રહે છે. રાત દિવસ સતત તે નાડીઓમાં પ્રાણ ચાલ્યા જ કરે છે ઉંઘ ને જાગૃતિમાં પણ તેનું શ્વસન અટકતું નથી. તેથી કબીર સાહેબ તે નાડીઓને આ કાયા રૂપી ગોદડીના શણગાર તરીકે વર્ણવે છે. આ નાડીઓ કામ કરતી બંધ થઈ જાય તો આ શરીર રૂપી ગોદડી નકામી થઈ જાય. તેને સ્મશાનમાં બાળી દેવા વિના છૂટકો નહીં ! ચંદ્રનાડી ને સૂર્યનાડીથી જ શરીરની શોભા વધે છે. તે અગમ્ય એટલા માટે છે કે તેની ક્રિયા કયાંથી શરૂ થાય ને કયાં વિરમે તેનો ખ્યાલ કોઈને આવતો નથી. તેનો સંબંધ બહાર કોની સાથે છે અને અંદર શી લેવડ દેવડ થાય છે તે ખૂબ ગૂઢ છે. એક મિનિટમાં ૧૫ થી ૨૦ વખત શ્વાસોશ્વાસ ચાલે છે. આખા દિવસ દરમ્યાન ૨૧૬૦૦ વાર તે નાડી શ્વસન કરે છે.

'ગુરુ પરતાપ' શબ્દો આપણું ધ્યાન દોરે છે. જે કંઈ અગમ્યપણે આ શરીર રૂપી ગોદડીમાં થઈ રહ્યું છે તે ગુરુના પ્રતાપે જ. તો આ ગુરુ તે કોણ ? કોઈ વ્યકિત ? કોઈ પંચ મહાભૂતનો દેહધારી પુરુષ? ઉપનિષદ્‌નો ઋષિ કહે છે કે તે કોઈ સાકાર વ્યકિત કે પુરુષ નથી પણ તે તો આત્મતત્ત્વ જ છે. आत्मा वै गुरुः આત્મા તે જ ગુરુ. આત્મા છે તો આ નાડીઓ કામ કરી શકે છે. તો જ આ શરીર રૂપી ગોદડીનું મહત્ત્વ પણ જળવાય છે. તો જ તેની શોભા પણ વધે છે કાયા રૂપી ગોદડીનો વિસ્તાર પણ તો જ શકય બને છે. તે તત્ત્વ ન હોય તો આ મન કે માયા અથવા પ્રકૃતિ પણ શું કરી શકે ? તે સૌ આત્મદેવના સાધનો જ છે. તેથી કાયા રૂપી ગોદડીની શોભા વધારવી હોય તો આ સાધનો સાત્ત્વિક ભાવથી ભીના રહે તે માટે મહેનત કરવી પડે. ચંદ્રનાડી ને સૂર્યનાડી પર સંયમ સ્થાપવો પડે. સંયમ સ્થપાતા તેની ક્રિયાઓમાં ઘણો તફાવત પડી જાય છે ને મન-માયા-પર પણ તેની વ્યાપક અસર પહોંચાડી શકાય છે. તેથી ચેતવણી આપતા હોય તેમ કબીર સાહેબ કહે છે:

**શબ્દ કી સૂઈ સુરતિકા ડોરા**
**જ્ઞાન કી શોભન સિરજન જોરા**
**અબ ગુદડીકી કર હુશિયારી**
**દાગ ન લાગે દેખ વિચારી - ૫**

અર્થાત્ સર્જનહારે શબ્દની સોયમાં ચિત્તની વૃત્તિ રૂપી દોરો પરોવીને તેમજ જ્ઞાનના બરાબર ટાંકા મારીને સીવી દીધી છે તેથી આ કાયા રૂપી ગોદડીને ખૂબ સાચવવાની જરૂર છે. હોંશિયારી વડે તેના પર કોઈ ડાઘ ન લાગે

તેની કાળજી રાખવી જોઈએ.

સદ્‌ગુરુ કબીર સાહેબ જયારે જયારે 'શબ્દ'ની વાત કરે છે, ત્યારે ત્યારે તેનું ચોકકસ પ્રયોજન હોય છે. તેથી તેનો વિશિષ્ટ અર્થ પણ થતો હોય છે. અહીં સોઈ દોરાના પ્રતીક દ્વારા સૃષ્ટિના સર્જનહારનો એક વ્યાપાર સાહેબ દર્શાવી રહ્યા છે. દોરો હોય પણ સોઈ ન હોય તો દરજી શું કરી શકે ? તે જ રીતે સોઈ હોય પણ દોરો ન હોય તો પણ દરજી શું કરી શકે ? સર્જનના વ્યાપારમાં બંનેની જરૂર છે. અહીં શબ્દનો સંદર્ભ ચૈતન્ય તત્ત્વ સાથેનો છે અને સુરતિ તેની ચિત્તવૃત્તિ જ છે. એક પદમાં શબ્દની સમજ આપતાં કબીર સાહેબે સ્પષ્ટીકરણ કર્યું છે કે :

**શબ્દ હિ તત્ત્વ હૈ શબ્દ નિ:તત્ત્વ હૈ**
**શબ્દ આકાર નિરાકાર ભાઈ**
**શબ્દ હિ પુરુષ હૈ, શબ્દ હિ નારિ હૈ**
**શબ્દ હિ તીન દેવા થપાઈ**
**શબ્દ હિ દૃષ્ટ અનદૃષ્ટ ઓમકાર હૈ**
**શબ્દ હિ સકલ બ્રહ્માંડ ભાઈ**
**કહૈ કબીર તૈં શબ્દકો પરખિ લે**
**શબ્દ હિ આપ કરતાર ભાઈ.**

અર્થાત્ શબ્દ મૂળ ચૈતન્ય તત્ત્વ છે અને જડ તત્ત્વરૂપે પણ તે જ છે. શબ્દ જ આત્મા છે અને શબ્દ માયા પણ છે. તે સાકાર પણ છે ને નિરાકાર પણ છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એ ત્રણે દેવોનું સ્વરૂપ પણ શબ્દ જ છે. પ્રગટ અને અપ્રગટ ઓમકાર શબ્દ જ છે કે જેમાંથી સકલ બ્રહ્માંડની ઉત્પત્તિ થઈ છે. કબીર કહે છે તે પરમ શબ્દને તું બરાબર જાણી લે કારણ કે શબ્દ પોતે પરમાત્મા સ્વરૂપ છે.

બીજા એક પદમાં સાહેબે શબ્દનો મહિમા ગાતાં કહ્યું છે કે

**સાધો શબ્દ સાધના કી જૈ**
**જાસુ શબ્દ તે પ્રગટ ભયે સબ શબ્દ સોઈ ગહિ લીજૈ.**

અર્થાત્ હે સંતો ! તમે સૌ શબ્દબ્રહ્મની સાધના કરવા મંડી પડો. કારણ તે શબ્દ બ્રહ્મમાંથી જ સર્વ કાંઈ ઉત્પન્ન થયું છે તેથી તેનો મર્મ ગ્રહણ કરી લેવો જરૂરી છે. એ જ પદને અંતે જુદા શબ્દોમાં કબીર સાહેબે શબ્દના રહસ્યને દોહરાવ્યું છે :-

**શબ્દૈ માયા જગ ઉતપાની શબ્દૈ કેર પસારા,**
**કહૈ કબીર જહં શબ્દ હોત હૈ તબ હૈ ભેદ ન્યારા.**

અર્થાત્ આ શબ્દ માયા સ્વરૂપ છે કારણ કે જગતને તેણે ઉત્પન્ન કર્યું છે. તેના દ્વારા આ જગતનો વિસ્તાર પણ વધતો રહે છે. તેથી કબીર કહે છે કે જયાં જયાં આ શબ્દ બ્રહ્મની શકિત છે, ત્યાં ત્યાં તેના રહસ્યનો

મહિમા અનેરો છે. આ રીતે શબ્દનું તત્ત્વજ્ઞાન કબીર સાહેબે વર્ણવ્યું છે. તેને સમજી લેવામાં આવે તો અર્થઘટન સરળ થઈ પડે. સદ્‌ગુરુ કબીર સાહેબ શબ્દને એક જ અર્થમાં નથી વાપરતા. કયા સંદર્ભમાં તેમણે શબ્દને પ્રયોજ્યો છે તે તપાસવું પડે છે અને તેને લક્ષમાં રાખીને શબ્દનો અર્થ કરવો પડે છે. નહીં તો અર્થઘટન ખોટું થવા સંભવ રહે છે. અહીં સોયદોરાના સંદર્ભમાં શબ્દનો ઉપયોગ કર્યો હોવાથી શબ્દ એટલે આત્મા નહીં, પણ આત્માનું ચૈતન્ય. સર્જનહારે શરીર રૂપી ગોદડી નિર્માણ કર્યા પછી અંદર ચૈતન્ય તત્ત્વ પ્રગટાવ્યું તથા તે ચૈતન્ય તત્ત્વને ક્રિયાશીલ રાખવા માટે તેમાં ચિત્તની ચંચળતા પેદા કરી. તેનો સદૈવ ઉપયોગ કરી શકાય તે માટે તેમાં જ્ઞાનની ચિનગારી પ્રગટાવી. મતલબ કે બુદ્ધિ, મેધા, પ્રજ્ઞાનું નિર્માણ કર્યું. આ રીતે સર્જનહારે જડ પ્રકૃતિને ચેતન પ્રકૃતિને જોડી દીધી. ચેતન પ્રકૃતિની મદદથી તેનો વિસ્તાર વધતો રહે તેવી વ્યવસ્થા કરી. સર્જનહારના કાર્યને આગળ વધારતા જવાની બંને પ્રકૃતિની જવાબદારી જીવને માટે ઘણી મોટી ગણાય. કારણ કે તે પ્રવૃત્તિ કરતાં કરતાં જ આ કાયારૂપી ગોદડીને ડાઘ લાગી જવાનો સંભવ રહે છે. તેથી પેલી પ્રજ્ઞાને મેધાની સહાય લઈને જીવે હોંશિયારીપૂર્વક જીવન જીવવું જોઈએ. કોલસાના વેપારીના વસ્ત્રને કોલસાનો કાળો ડાઘ લાગ્યા વિના રહેતો નથી. તે ગમે તેટલી કાળજી રાખવા પ્રયત્ન કરે તો પણ એક એવી ભૂલથાપ તો થઈ જ જાય છે કે જેને કારણે કાળો ડાઘ લાગી જ જાય છે ! સદ્‌ગુરુ કબીર સાહેબ જેવા સમર્થ સંતો જ બચી જાય છે ને તેઓ દાવો કરી શકે છે કે :-

**દાસ કબીર જતનસે ઓઢી**
**જ્યોં કી ત્યોં ધરી દીની ચદરિયા.**

અર્થાત્ દાસ કબીર જેવા સંતોએ સંભાળપૂર્વક તેને ઓઢી અને પરમાત્માએ જેવી નિર્મળ સોંપેલી તેવી જ નિર્મળ પાછી પરમાત્માને સોંપી દીધી ! પરંતુ સામાન્ય માણસો તો હર ક્ષણે ભૂલોની પરંપરા સર્જતા હોય છે. તેઓ સારી રીતે સંભાળ રાખી શકતા નથી. તેથી તેવા જીવોને હોંશિયારી રાખવાની અહીં ચેતવણી કબીર સાહેબ આપી રહ્યા છે. તેવા જીવો પોતાની બુદ્ધિનો સદુપયોગ કરતા શીખી જાય તો જરૂર જતન ખૂબ કાળજીપૂર્વક થઈ શકે. સાવધાની રાખી કાયારૂપી ગોદડીને ઓછી મેલી થવા દેશે. કદી ભૂલ થાય ને ડાઘ લાગી જાય તો સાહેબ ઉપાય બતાવતાં કહે છેઃ-

**સુમતિકા સાબુન સિરજન ધોઈ**
**કુમતિ મૈલકો ડારો ખોઈ**
**જિન ગુદડીકા કિયા બિચારા**
**સો જન ભેટે સિરજનહારા. - ૬.**

અર્થાત્, કદાચ જો ડાઘ લાગી જાય તો સુમતિ રૂપી સાબુથી તેને સત્વર ધોઈ નાંખવો જોઈએ. જેથી કુમતિનો મેલ તરત નીકળી જાય. જેણે જેણે એ પ્રમાણે ગોદડીની સંભાળ રાખી છે તેને સર્જનહાર પ્રભુનાં દર્શન થયાં છે.

સદ્ગુરુ સામાન્ય માણસની ગતિને બરાબર પિછાણે છે. તેથી તેઓ વ્યવહારુ માર્ગ ચીંધે છે. માનવમાત્ર ભૂલને પાત્ર એ હકીકત સ્વીકારીને કબીર સાહેબ વચલો માર્ગ કાઢે છે. સુમતિનો સાબુ વાપરવાની સલાહ આપે છે. માણસ પોતાની ભૂલનો એકરાર કરે તો કુદરતી રીતે તેને સન્મતિ સૂઝે છે. પરંતુ ભૂલ જ નથી કરી એવી ભ્રમણામાં રહેનારને સન્મતિ સૂઝતી નથી એ પણ હકીકત છે. ભૂલને ઢાંકવા કદી પ્રયત્ન ન કરવો જોઈએ. એક ભૂલ ઢાંકવા જતાં અનેક ભૂલોની પરંપરા સર્જાતી હોય છે. પછી તે ભૂલોની જાળમાં તે ફસાય છે અને વિનાશ નોતરે છે. તેથી સન્મતિના સાબુની વાત સાથે ભૂલના એકરારની વાત પણ સમજી લેવી જોઈએ.

સુમતિ કે કુમતિનું સ્થાન તો આખરે મન છે. આ મન જ સૌને મથાવે પણ છે. કારણ કે સ્વમાન, અભિમાન, અહંકાર વગેરે મનમાં જ વાસ કરે છે. જો અભિમાન હશે તો ભૂલને ઢાંકવા પ્રયત્ન કરશે. તે ભૂલનો એકરાર ભાગ્યે જ કરશે. તેથી સાધકે પોતાના મનને પણ તૈયાર રાખવું પડશે. મનમાં મિથ્યાભિમાન ન રહે તેની કાળજી રાખવી પડશે. તો સુમતિના સાબુનો ઉપયોગ જીવ કરી શકશે. વ્યવહારના જગતમાં આપણે અનુભવીએ છીએ કે વસ્ત્ર પર જો કોઈ ડાઘ પડયો હોય તો તરત ધોઈ નાંખવાથી તે નીકળી જાય છે. તે ડાઘ ધોવામાં વાર લગાડવામાં આવે તો તે ડાઘ સાવ સૂકાઈ જાય તો કપડા પર તે ડાઘ પાકો બને છે. તેવા ડાઘને કાઢવા માટે ઘણી મથામણ પછી કરવી પડે છે. કબીર સાહેબને આ સત્યની ખબર છે તેથી તેમણે સાધક જીવને ડાઘ પડી જાય તો તરત જ સુમતિના સાબુથી ધોવાની સલાહ આપી છે. તરત ધોવાથી મેલ નીકળી જશે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો પણ કબીરસાહેબે આપેલું માર્ગદર્શન એકદમ સાચું છે. કુવિચારોથી કુમતિ ઘડાય ને તેવું કાર્ય કરવા જતાં કલંક લાગી જાય. વિચારોના પરપોટા હર ક્ષણે મનમાં ઉદ્ભવે છે. સારા વિચારો આવે તો સુમતિ ઘડાય ને કાર્યો સારાં જ થાય. મનમાં પહેલાં વિચાર આવે છે ને પછી કર્મમાં જીવ પ્રવૃત્ત થાય છે. એટલે કર્મો સુધારવા માટે સારા વિચારો કરવાની ટેવ પાડવી ઘણી જરૂરી છે. સારા વિચારની ટેવથી ખરાબ વિચારોને પણ દૂર કરી શકાય છે. તેથી સુમતિનો સાબુ વાપરતા પહેલાં સાધકે પોતાના મનને પણ તૈયાર રાખવું પડે છે.

કબીર સાહેબનો માર્ગ મધ્યમ માર્ગ કહેવાય છે. એ માર્ગમાં

વ્યાવહારિકતાનો પણ ખ્યાલ રાખવામાં આવ્યો છે. ભૂલ થવી સ્વાભાવિક છે. માનવના સ્વભાવમાં તેનો સમાવેશ છે. તેથી ભૂલ કરનારને કબીર સાહેબ હડધૂત કરતા નથી. તેની અવગણના પણ કરતા નથી. તેને પ્રેમથી ફરી ભૂલ ન થાય તેવી સલાહ આપીને તેને આગળ વધારે છે. સાધકને જરા પણ નિરાશ કર્યા વિના તેનો ઉત્સાહ જળવાય રહે તેવી સ્પષ્ટ ઘોષણા કરે છેઃ-

**ચલતે ચલતે ગિર પડા તાકો ન લાગે દોષ**
**કહૈ કબીર જો બેઠા રહૈ તા સિર કરડે કોષ.**

અર્થાત્ જે ચાલે છે તેને જ પડી જવાનો ભય રહે છે. જે ચાલતો જ નથી તે કેવી રીતે પડી જાય ? એટલે ચાલતા ચાલતા પડી જાય તે કંઈ પાપ નથી. તેવી ઘટના બને તો પાપ કૃત્ય થયું એમ માનવું નહિ. પડી જવું એ તો સ્વાભાવિક ક્રિયા છે. પાપ તો તેને લાગે છે કે જે પડી ગયા પછી બેઠો જ રહે છે. ખરેખર તો પડી ગયા પછી તરત જ ઊઠીને ચાલતી પકડવી જોઈએ. ચાલવાનું અટકી જાય તે દોષરૂપ છે. તેવા માણસને પોતાની મંઝિલ ઘણી દૂર જ લાગ્યા કરે છે. દૂરતા તેના મનને કરડતી રહે છે. તેના મનને નિરાશ કરતી રહે છે. માટે બેસી રહેવું એ પાપ છે.

ચલતે ચલતે શબ્દોમાં પુરુષાર્થ જીવનું ચિત્ર ખડું થાય છે. જે પુરુષાર્થ કરતો રહે છે તેનાથી જ ભૂલો થતી હોય છે. આ સંભાવનાનો સ્વીકાર કબીર સાહેબે આ પદમાં કર્યો છે અને તેને અનુલક્ષીને પુરુષાર્થી જીવ નિરાશ ન બને તેટલા માટે તેને સમુચિત માર્ગદર્શન આપવામાં આવ્યું છે. જીવ પોતાની જીવનયાત્રા શરૂ કરે એટલે વિટંબણાઓ તેને નડવાની જ. સંઘર્ષ કરતાં કરતાં તેનાથી ભૂલો થવાની જ. તેનું પતન પણ થાય તો આશ્ચર્ય નહી. વિશ્વામિત્રનું પણ પતન થયેલું. પરંતુ પતન એ પાપ નથી એ સૂત્ર જ મુસાફરને નવી જિંદગી ને નવું જોમ આપનારું થઈ પડે છે. શ્રી કૃષ્ણવાણી પર શ્રીમદ્ ભગવદ્ગીતામાં આ જ પ્રકારે પુરુષાર્થી જીવને પ્રોત્સાહિત કરે છે :-

**ખૂબ અધર્મી યે મને ભજે કરીને પ્રેમ**
**તો તે સંત થઈ જશે પામી મારી રહેમ**
**શાંતિ પૂર્ણ તે પામશે, ધર્માત્મા બનશે**
**મારો ભક્ત કદી નહીં અર્જુન, નષ્ટ થશે.**

**- (સરળગીતા-પૃ.૬૬)**

આધ્યાત્મિક માર્ગે પ્રયાણ કરનારને પોતાના મન સાથે લડવું પડે છે ને લડતાં લડતાં મનથી હારી જઈને પતન પણ તે પામે છે. તે હકીકતનો સ્વીકાર કરીને શ્રીકૃષ્ણ તેવા જીવને કેટલી બધી હિંમત આપે

છે ! તેને કેવું સરસ પ્રોત્સાહન આપે છે ! તેની મુસાફરી ચાલુ રહે તો જ પ્રભુની મદદ મળતી રહે તે સધ્યારો પણ જેવો તેવો ન ગણાય! કબીર સાહેબની વાણી પણ પડી ગયેલા માણસને ધૂળ ખંખેરીને ચાલવાનું મન થાય તેવી છે. બીજી એક સાખીમાં પણ તેવી જ વાત કરી છે :-

**સકલ દુરમતિ દૂર કરિ અચ્છો જન્મ બનાવ**
**કાગ ગતિ તૂં છાંડ કે હંસગતિ ચલી આવ.**

અર્થાત્ દુષ્ટબુદ્ધિનો સદંતર નાશ કર અને જીવનને સદ્‌બુદ્ધિ વડે સુંદર બનાવ. કાગડાના જેવી વૃત્તિ છોડીને તું હંસની માફક વિવેક બુદ્ધિનો ઉપયોગ કરી લક્ષ્યસ્થાને પહોંચી જા !

અહીં પણ સુમતિ ને કુમતિનો મુદ્દો જ સાહેબે લક્ષમાં રાખ્યો છે. જ્યાં સુધી કુમતિ હોય, દુર્બુદ્ધિ હોય, ત્યાં સુધી તેને બીજાની સલાહ પણ ગમતી નથી. મન પોતે સંકલ્પ કરે તો જ તેને દુર્બુદ્ધિ દૂર કરવાની ઈચ્છા થાય. તેવી ઈચ્છાનો ઉદ્‌ભવ થાય ત્યારે તેને અન્યની મદદની જરૂર પડે. સુજ્ઞ જનો કાંઈક કહે તો તે સાંભળી શકે ને તે પ્રમાણે પોતાનામાં સુધારો કરવા પ્રવૃત્ત થાય. વારંવારની મહેનતથી તે જીવનની બાજીને સફળતાપૂર્વક સુધારી શકે તેવું પ્રોત્સાહન આ પંક્તિઓમાં પણ સાહેબે પૂરું પાડયું છે.

કાગગતિ ને હંસગતિ શબ્દો આપણું ધ્યાન ખેંચે છે. પક્ષીઓમાં કાગડો ખૂબ ચેતન ને ચતુર ગણાય છે. પરંતુ વિવેક જ્ઞાન તેને હોતું નથી. કાગડો કોઈને દગો દેવામાં પાછો ન પડે. કોઈની પાસેથી ઝુંટવી લેવામાં પણ પાછો ન પડે. સારા નરસાનો તેને જરા પણ ખ્યાલ નથી હોતો. ગમે તે ખાય પણ લે છે. વિષ્ટા પણ ખાય ને માંસના ટુકડા પણ ખાય. તે માટે તેને જરા પણ સંકોચ નથી થતો. જ્યારે હંસ પક્ષી ધીર ગંભીર હોય છે. કર્મમાં પ્રવૃત્ત થાય તે પહેલાં વિચાર કરે છે. તેનામાં સારા નરસાનો પૂરેપૂરો ખ્યાલ છે. દૂધ મૂકવામાં આવે તો કહેવાય છે કે દૂધ દૂધ તે પી જશે ને પાણી રહેવા દેશે. તેથી તે ઉત્તમ વસ્તુને જ પંસદ કરે છે. મોતીનો ચારો જ તે ચરે. આ બંને શબ્દ સૂચક છે. સંસારમાં કાગડા જેવા ને હંસ જેવા બંને પ્રકારના માણસો હોય છે. હકીકતે કાગડો ભલે હંસ ન થઈ શકે, પણ કાગડા જેવો માણસ હંસ જેવો થઈ શકે! માણસનું રૂપાંતર બાહ્ય પહેરવેશથી નથી થતું પણ વિચારોના પરિવર્તનથી થાય છે. સદ્ વિચારો હંસનો ખોરાક બની જાય છે. તે અભક્ષ્ય પકડે પણ નહીં એટલે ખરાબ વિચાર તેને પંસદ જ નથી. કારણ કે તે સ્વભાવે સજ્જન છે. હંસગતિવાળો માણસ સજ્જનોના સંગમાં હરતો ફરતો જણાશે. ખાવા પીવામાં શુદ્ધ રહેવાનો તેનો આગ્રહ યથા યોગ્ય નિયમોના પાલનમાં જણાશે. હંસનું રહેઠાણ માનસરોવર ગણાય છે. માનસરોવર તો પવિત્ર યાત્રાધામ તરીકે વિખ્યાત છે. જેને પવિત્રતા ગમતી હોય તેને માનસરોવરમાં

રહેવાનું ગમે જ ! તેથી આ પદમાં કબીર સાહેબે સન્મતિ દ્વારા માનવ ડાઘ વગરનો પવિત્ર બની શકે છે તે આડકતરી રીતે સૂચવી દીધું ગણાય, છતાં કુમતિ નથી ઉદ્‌ભવતી એવું સાહેબ કહેતા નથી. મનમાં કુમતિ પણ વસે છે ને સન્મતિ પણ વસે છે તેનો સ્વીકાર પહેલેથી તેમણે કર્યો છે તેથી સન્મતિના સાબુના ઉપયોગથી કુમતિનો મેલ ધોવાની વાત આ પદમાં રજૂ કરી છે.

જીવનની નક્કર વાસ્તવિકતાનો કબીર સાહેબને બરાબર ખ્યાલ છે. આ કાયરૂપી ગોદડીમાં મન રહેલું છે ને આ મનમાં બંને પ્રકારની સંપત્તિ રહેલી છે તે આપણે આગાઉ વિચારી ગયા છીએ. દૈવી સંપત્તિ ને આસુરી સંપત્તિ માનવ જીવનમાં અવારનવાર નજરે પડે છે. દૈવી સંપત્તિનું પ્રભુત્વ રહે તો જીવનની ઉર્ધ્વ ગતિ થઈ શકે છે અને આસુરી સંપત્તિનું પ્રભુત્વ રહે તો જીવન અધમ ગતિને પામે છે. છતાં અતિશયતા તરફ માનવ ન ઘસડાય તેવું માર્ગદર્શન કબીર વાણીમાંથી મળ્યા જ કરે છે. સદ્‌ગુરુ કબીર સાહેબને અતિશયતા જરા પણ પસંદ નથી. તેમણે સ્પષ્ટ કહ્યું છેઃ-

**અતિકા ભલા ન બોલના, અતિકી ભલી ન ચૂપ,**
**અતિકા ભલા ન બરસના, અતિકી ભલી ન ધૂપ.**

ભલા એટલે કલ્યાણ કારી. અતિશય બોલવું કલ્યાણકારી નથી. તેમ અતિશય ચૂપ રહેવું પણ હિતકારી નથી. વધારે પડતો વરસાદ અને વધારે પડતો તાપ પણ કલ્યાણકારી નથી. બધું પ્રમાણસર હોય તે જ સારું. પ્રમાણસર અમૃત સમાન ગણાય. વધારે બોલવાથી મહાભારતનું યુદ્ધ પણ થાય ને અન્યાય થતો હોય ત્યારે સજ્જનો મૌન રહે તે પણ ભયંકર પરિણામ લાવે. વધારે વરસાદ લીલો દુકાળ સર્જે ને વધારે તાપ સૂકો દુકાળ ! આપણા સહુનો આ અનુભવ કબીર સાહેબે ચેતવણી રૂપે આપણને યાદ કરાવ્યો ગણાય. આપણી સૌની મર્યાદાનું તેમને ભાન છે. વ્યવહારમાં આપણે જેવું બોલીએ તેવું કરતા નથી. વિચાર ને વર્તન વચ્ચે વ્યવહારમાં ઘણું અંતર જણાય છે. કારણ સ્પષ્ટ છે- આપણને આપણું મન જ તેવું કરાવરાવે છે. મન સ્વભાવે ચંચળ છે અને તેની ઈચ્છાઓનો તો કોઈ પાર નથી. ઈચ્છાઓ ન કરવી એ આદર્શ તરીકે સ્વીકાર્યા પછી વ્યવહારમાં માનવની કસોટી થાય છે. આદર્શની વિરુદ્ધ તેનાથી વર્તન થઈ જાય છે. મન પર કોઈનો અંકુશ નથી. ઈચ્છાઓ પર તે કાપ મૂકી શકતો નથી. આ વ્યાવહારીક જગતનું સત્ય છે. આધ્યાત્મિક જગતમાં પ્રવેશ કરનારે સૌ પ્રથમ મનને જ કેળવવું પડતું હોય છે. મનને કેળવવું કઠિન છે. મોટા મોટા ઋષિઓ પણ થાકી ગયેલા ! ભલભલાનું પતન થયેલું ! જીવનની આ નક્કર હકીકતને લક્ષમાં લઈ તેમણે કહ્યું છેઃ-

**કાજર કેરી કોઠરી ઐસા યહ સંસાર,**

### બલિહારી વો દાસકી પૈઠિકે નિકસે બહાર !

આ સંસાર તો કાજળની કોટડી જેવો છે. એમાં પ્રવેશીને નિર્લેપપણે જે બહાર નીકળી શકે છે તે પ્રભુના ભકતની બલિહારી છે. કાજળની કોટડીમાં પ્રવેશ જેટલો સરળ છે તેટલો હેમખેમ નથી. હેમખેમ બહાર નીકળવાનું અતિશય મુશ્કેલ છે. કરોડોમાં એકાદ જણ હેમખેમ નીકળી શકે છે. તેથી તે આદર્શરૂપ ગણાય છે. કાજળની ઓરડીમાં પ્રવશનારાને કાળો ડાઘ ન લાગે એવું બનતું જ નથી. છતાં હેમખેમ બહાર નીકળવાનો આદર્શ રાખવાથી ઓછામાં ઓછા ડાઘ લાગે તેવી સ્થિતિ નિર્માણ થાય છે તેની કોણ ના કહી શકશે ? આ દૃષ્ટિએ આપણે કાગગતિને હંસગતિની વિશદતાથી ચર્ચા વિચારણા કરી. કાગમાંથી હંસ બનતા જીવનને કદાચ ઘણા જન્મારા વીતી જાય તેથી શું ? પુરુષાર્થ તો ઉત્તમ આદર્શ રાખીને કરવામાં જ આનંદ આવે છે. માનવને તેવો પુરુષાર્થ જ શોભાસ્પદ ગણાય. જેણે કાયા રૂપી ગોદડીનો આ રીતે વિચાર કર્યો છે તેની જ ઉર્ધ્વગતિ થઈ છે. જીવ વિચાર કરી જુએ કે આ દેહ લઈને શા માટે આ જ ઘરમાં મારો જન્મ થયો ? શા માટે કોઈ ગરીબને ઘરે જન્મ ના થયો ? ફૂટપાથ પર કેમ જન્મ્યો નહીં ? આ જ મા બાપને જ કૂખે કેમ જન્મ થયો ? આ જ યોનિમાં કેમ થયો ? કૂતરા બિલાડાના રૂપે કેમ નહીં ? વિચાર કરનારને જરૂર પોતાનો અંતર આત્મા એક દિવસ માર્ગદર્શન આપશે. તેની બૌદ્ધિક વિચારણા પણ જીવનમાં ભારે પરિવર્તન સરજી શકશે. તેના જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પથરાશે. ભગવાન બુદ્ધનો ઉદ્ભવ એ જ રીતે થયેલો. કોઈ ધન્ય પળે પુણ્યોદયના સુપરિણામ સ્વરૂપે માનવ પોતાના જીવનને ધન્ય બનાવી શકે છે. તે આત્માનાં દર્શન કરવા માટે સદ્ભાગી બની શકે છે. આત્મસાક્ષાત્કાર કરી જીવન સાર્થક કરી શકે છે. તેવા સત્પુરુષોથી જ આ ભારત ભૂમિ પાવન થઈ છે. માટે સદ્ગુરુએ આ પદમાં જાહેરાત કરી કે 'સો જન ભેટે સિરજન હારા'- તેવા જ મહાપુરુષો સૃષ્ટિના સર્જનહારને પ્રેમથી ભેટી શકે છે કે જેઓએ પોતાના ચિત્તને શુદ્ધ કર્યું હોય અને સન્મતિની પ્રાપ્તિ માટે સ્વાધ્યાય, સત્સંગ જેવા સાધનોને વારંવાર સેવ્યા હોય !

મહાન આદર્શ સામે રાખીને જો સદ્ગુણોની વૃધ્ધિ કરવામાં આવે તો ઉર્ધ્વગતિ કરવા માટેની ક્ષમતા વધે છે. ગુણો નહિ કેળવાય તો ઉર્ધ્વગમન નહીં કરી શકાય. ઉર્ધ્વગમન એટલે પ્રભુના પંથે આગળ વધવું. પ્રભુને પંથે આત્મકલ્યાણ સાધી શકાય. અજ્ઞાન અવસ્થામાં આત્મકલ્યાણનો વિચાર સુધ્ધા નથી આવતો અજ્ઞાનતાથી જે આગ્રહો ને દુરાગ્રહો જીવે સેવ્યા હોય તેને અનુકુળ થવામાં જીવનની શકિત વપરાતી હોય છે. તે સ્થિતિમાં ગમા ને અણગમા મનમાં દૃઢ થતા હોય છે. તે જીવને અહીં તહીં દોડાવે છે ને ગમે ત્યાં અથડાવે છે, ભટકાવે છે ! જીવ દુઃખી દુઃખી થઈ જાય છે. તેમાંથી ઉગરવાનો વિચાર જયારે સ્ફૂરે છે ને ઉગરવા માટે જીવ પ્રયત્નશીલ

બને છે ત્યારે સદ્‌ગુણોની આવશ્યતાનો પૂરેપૂરો ખ્યાલ આવે છે. આ સદ્‌ગુણો તે જ દૈવી સંપત્તિ. દૈવી સંપત્તિ સત્ત્વગુણી હોવાથી તેને સાત્ત્વિક સંપત્તિ પણ કહે છે. આ સાત્ત્વિક સંપત્તિમાં મન સ્થિર થાય ત્યારે દુઃખનો દરિયો તરી જવાનું સામર્થ્ય અંતરમાં પ્રગટે છે. પરંતુ તે પહેલાં મનની ચંચળતા દૂર કરવી પડશે અને મન ધ્યેયની પ્રાપ્તિ માટે એકાગ્ર બને તેવું બનાવવું પડશે. તેવું કરવા માટે આહારને વિહાર પણ વિચારવા પડશે. ગમે તે ખાય શકાશે નહીં, ને ગમે તે પી પણ શકાશે નહીં. ગમે ત્યાં ગમે ત્યારે વિહરવાની પ્રવૃત્તિમાં પણ કાપ મૂકવો પડશે. તેથી સંતો સાત્ત્વિક આહારને સાત્ત્વિક વિહાર પર ભાર મૂકે છે. સદ્‌ગુરુ કબીર સાહેબ પણ પોકારીને કહે છેઃ-

**કર નૈનો દિદાર મહલમેં પ્યારા હૈ**
**કામ ક્રોધ મદ લોભ બિસારો**
**સીલ સંતોષ છમા સત ધારો**
**મદ્યમાંસ મિથ્યા તજી ડારો**
**હો જ્ઞાન ઘોડે અસવાર,**
**ભરમ સો ન્યારા હૈ !**

અર્થાત્ આ શરીર રૂપી મહેલમાં પ્રિયતમ પ્રભુનો વાસ છે માટે હે જીવ, તારી આંખોથી તેનાં દર્શન કરી લે ! હા, તે માટે કામ, ક્રોધ, મદ, લોભ વગેરે તારે છોડવા પડશે. શીલવાન બનવું પડશે. સંતોષ,ક્ષમાને સત્યના ગુણો તારે કેળવવા પડશે. જ્ઞાન રૂપી ઘોડા પર સવાર થઈને વિચારશે તો જ તેને દારૂ ને માંસ નકામા જણાશે કારણ કે પ્રભુ પ્રિયતમ તો તે બધી ભ્રામક માન્યતાઓથી સાવ અલગ છે ! સદ્‌ગુરુ કબીર સાહેબના સમયમાં પણ દેવીને ભોગ ચઢાવવાની પ્રથા હતી. એટલે પશુની હિંસા કરવી પડતી. પશુની પૂજા કરીને દેવીને ભોગ ધરાવાતો ને પ્રસાદી તરીકે સારા ગણાતા માણસો પણ માંસ ખાતા. માંસની સાથે 'મદ્ય'(દારૂ) જોડાયેલો રહે છે. એટલે ખાણી પીણીની મઝા દેવીને નામે ચાલ્યા કરે છે. આજે પણ તે પ્રથા સાવ બંધ નથી થઈ. એટલું જ નહીં પણ તેવી ખાણી પીણી બજારૂ પણ બની ગઈ.

કહેવત છે- અન્ન તેવો ઓડકાર! મનનું બંધારણ ખોરાકથી થાય છે. જેવા ખોરાક ખાય તેવું તૈયાર થાય. જો મનને સાત્વિકતામાં સ્થિર કરવું હોય તો સાત્ત્વિક આહાર જરૂરી બની જાય છે. આજે તો વિજ્ઞાન પણ ખોરાકની અસર શરીર પર સીધી રીતે થાય છે તેવો પ્રચાર કરે છે. રોગ પર કાબુ મેળવવા આહાર પર સંયમ જરૂરી છે એમ તો ડોકટરો આપણને કહે જ છે. આ દૃષ્ટિએ પણ આહાર ને વિહારની મર્યાદા આપણે વિચારવી જોઈએ. જેમ કબીરવાણી 'મદ્ય માંસ મિથ્યા તજી ડારો' કહે

છે તેમ શ્રી કૃષ્ણવાણી પણ ગીતામાં સાત્ત્વિક આહાર પર ભાર મૂકે છે. દારૂને માંસ સાત્ત્વિક આહાર નથી ગણાતા. તે ઉત્તેજના કરનારા ખોરાક છે. હિંસક કૃત્ય કર્યા પછી જ માંસ પ્રાપ્તિ થતી હોય છે. હિંસક કૃત્ય પણ આસુરી સંપત્તિથી જ થાય. જયારે હિંસા કરવામાં આવે છે ને પ્રાણીને મારવામાં આવે છે ત્યારે પ્રાણીના શરીરમાં એક ધ્રુજારી ફરી વળે છે અને મારનાર તરફ ધિક્કારની લાગણી રોમે રોમે ફરી વળે છે. તેથી તે માંસ ખનારાના રગે રગમાં તોફાનની રમઝટ મચાવતું રહે છે. આવા અનેક કારણોસર 'મદ્ય માંસ' મનને સાત્ત્વિક બનાવી શકતા નથી. તેથી મહાન આદર્શ તેવો ખોરાક ખાનાર સિદ્ધ કરી શકતા નથી. સદ્દગુરુ તો આપણને મહાન આદર્શ - આત્મ કલ્યાણનો - સામે રાખીને જીવવાનું શીખવે છેઃ-

**ધીરજ ધુનિ ધ્યાન કર આસન**
**સતકી કૌપીન સહજ સિંધાસન**
**યુકિત કમંડલ કર ગહિ લીન્હા,**
**પ્રેમ ફાવરી મુર્શિદ ચીન્હા. - ૭**
**સેલી શીલ વિવેકકી માલા,**
**દયાકી ટોપી તન ધર્મશાલા.**

અર્થાત્ હે સંતો, ધીરજની ધુણી ધખાવીને ધ્યાન કરવા આસન દૃઢ કરો! સતની લંગોટી પહેરીને સહજના સિંહાસન પર આરૂઢ બનો! યોગનું કમંડલ હાથમાં ગ્રહણ કરી પ્રેમની પાવડીથી પવિત્ર બની પ્રભુને ઓળખો! શીલની સેલી ઓઢો, વિવેકની માળા પહેરો અને શરીરની આ ધર્મશાળામાં ધ્યાની ટોપી કાયમની પહેરેલી રાખો!

ધર્મદાસજીને લક્ષમાં રાખીને અહીં 'હે સંતો' એવું સંબોધન કર્યુ છે. જે આત્મકલ્યાણના પંથે આગળ વધવા માંગે છે તે સૌ સંતસ્વરૂપ જીવો કહેવાય! સામાન્ય રીતે જીવાતા જીવન કરતાં તેઓનું જીવન સાવ અનોખું જ હોય છે. ધીરજ, સત, ધ્યાન, સહજ, યોગ, પ્રેમ, શીલ, વિવેક, દયા વગેર ગુણો આધ્યાત્મિક માર્ગની અતિ આવશ્યક સંપત્તિ છે. અહીં ધીરજને ધુણી કરી છે. જંગલોમાં જયાં ગુફાઓ હોય છે. ત્યાં સાધુઓનો વાસ હોય છે. ત્યાં ધુણીને સતત જલતી રાખવી પડતી હોય છે. ધુણી બે રીતે ઉપયોગી છે. ઠંડીથી રક્ષણ પણ તે દ્વારા થાય છે અને અંધારામાં પ્રકાશની પણ ગરજ સારે છે. સંસાર રૂપી ઘોર જંગલ છે. તેમાં ધ્યાનની ગુફામાં જે જીવ બેસી જાય તે પોતાનું કલ્યાણ અવશ્ય સાધી શકે છે. ધ્યાનની ગુફામાં ધીરજના ગુણનું અતિશય મહત્ત્વ છે. સાહેબ એક સાખીમાં કહે છેઃ-

**કબિરા ધીરજ કે ધરે હાથી મનભર ખાય**
**એક ટૂક કે કારને શ્વાન ઘર ઘર જાય !**

અર્થાત્ કબીર સાહેબ કહે છે કે હાથીની કાયા મોટી એટલે તેને મણ

બંધી ખોરાક જરૂર પડે. તે ધીરજ રાખીને રહે છે તેથી તેને ખોરાક માટે રખડવું પડતું નથી. પરંતુ કૂતરાને એક ટૂકડા રોટલાની જ જરૂર હોવા છતાં કૂતરાને ઘરે ઘરે રખડવું પડતું હોય છે ! અને કેટલીક વાર તો તેટલો ખોરાક પણ તેને મળતો નથી ત્યારે તે વિષ્ટા ખાયને રહે છે. કૂતરામાં ધીરજ નથી એટલે બૂરી દશામાં તે રહે છે. આધ્યાત્મિક માર્ગે ધીરજ વિના જીવ કિનારે આવીને પણ ડૂબી મરે એવી દશામાં મુકાય જાય છે. તેણે કરેલી ઘણી બધી મહેનત નકામી જવા સંભવ રહે છે. વિદ્યારણ્ય સ્વામીના જીવનમાં ડોકિયું કરવાથી ધીરજના ગુણનો મહિમા સમજાશે.

આજે આપણે વિદ્યારણ્ય સ્વામીને વેદાંતના મહાન પંડિત તરીકે ઓળખીયે છીએ. જીવનની શરૂઆતમાં તેઓ ગાયત્રીના ઉપાસક હતા. ગાયત્રીના તેઓ વિધિસર પુરશ્ચરણો પણ કરતા હતા. તેમના આશ્રમની નજીક એક નદી હતી. તેમાં તેઓ સ્નાનાદિ કરતા ને આશ્રમમાં જઈને વિધિસર ગાયત્રીની ઉપાસના કરતા. એ રીતે ગાયત્રીના તેમણે બાવીસ પુરશ્ચરણો તો પૂર્ણપણે કર્યા હતા. પરંતુ બાવીસમું પૂર્ણ કર્યા પછી તેમના મનમાં ધીરજનો ગુણ ખૂટી જવા પામ્યો હતો. તેમને થવા લાગ્યું કે બાવીસ બાવીસ પુરશ્ચરણો કર્યા છતાં નથી કોઈ દિવસ અનુભવ થયો કે નથી ગાયત્રી માતાનાં દર્શનની કોઈ ઝાંખી થઈ ! મનમાં વિદ્રોહની ભાવના દૃઢ બની ! તેમનું મન હવે પુરશ્ચરણ નથી કરવા તરફ ઢળી ગયું પરિણામે તેમણે ગાયત્રી ઉપસાના બંધ કરી દીધી હતી. તેમણે માર્ગ બદલ્યો. જ્ઞાનના માર્ગે પદાર્પણ કર્યું. વેદાંતની ઉપાસના ચાલુ કરી દીધી. દરરોજ નદીએ સ્નાન સંધ્યા કરે અને આશ્રમમાં જ્ઞાન માર્ગની જરૂરી ઉપાસના કરે. એક દિવસ સંધ્યાવંદન કરી નદીથી આશ્રમમાં પાછા વળતા હતા ત્યારે સ્વામીજીને માર્ગમાં એક આઠેક વર્ષની બાળા મળી. તે બાળાએ સ્વામીજીને કહ્યું, 'કેમ સ્વામીજી, તમે માર્ગ બદલ્યો ?' સ્વામીજીએ જવાબ આપ્યો : 'ના, મેં માર્ગ બદલ્યો નથી. હું તો જે માર્ગે રોજ જાઉં છું તે જ માર્ગે આશ્રમમાં પાછો વળું છું.' બાળા બોલી : અરે, હું તો ઉપાસનાના માર્ગની વાત કરું છું. તમે ગાયત્રીની ઉપાસના કેમ છોડી દીધી ?' સ્વામીજીના હૃદયમાં વીજળીના જેવો પ્રકાશ ઝળકી ઉઠયો. બાળા કોઈ અલૌકિક હોવી જોઈએ. કારણ કે ગાયત્રી ઉપાસનાની વાત આ બાળા કયાંથી જાણે ? તેમણે બાળાના પગ પકડી લીધા. બાળાનું સ્વરૂપ બદલાયું ને ગાયત્રી માતાના સ્વરૂપે તેમને દર્શન થયું હતું. ત્યાર પછી બાકીના બે પુરશ્ચરણો તેમણે વિધિસર પૂર્ણ કરેલાં. આ ઘટના સાધના માર્ગના પ્રવાસીને ધીરજ વિષે ઘણું ઘણું કહી જાય છે. વિદ્યારણ્ય સ્વામી માતાજીના આશીર્વાદથી જ્ઞાન માર્ગના

મહાન વિદ્વાન તરીકે પ્રખ્યાત થઈ શકયા હતા.

ધૈર્ય એક સરખું ન ટકે તો ઉપાસક પ્રગતિ સાધી શકતો નથી. કોઈ પણ સાધક કે ઉપાસક પોતાની મંઝિલ સુધી પહોંચી શકતો નથી. એમ તો વ્યવહારના જગતમાં પણ ધૈર્યનું ઘણું મહત્ત્વ છે જ. કહેવત છે કે ધીરજના ફળ મીઠાં અથવા તો ઉતાવળે આંબા ન પાકે. એ બધી કહેણીઓ ધૈર્યનો જ મહિમા ગાનારી છે. ધૈર્યના ગુણ વિના ભૌતિક સમુદ્ધિનો વિકાસ પણ કરી શકાતો નથી. તેથી ધીરજના ગુણ વિષે સંતો પણ તેવું જ કહે છે. આધ્યાત્મિક જગતમાં પણ ધીરજ વિના વિકાસ થઈ શકતો નથી. ઉપર આપણે જોયું કે મહાન વ્યકિતઓના જીવનમાં પણ કયારેક ધૈર્ય ઘટી જતું હોય છે. તેવે વખતે તેઓના જીવનમાં પણ મોટા અવરોધો ઊભા થતા હોય છે. ધૈર્યને ટકાવવા માટે તો શ્રદ્ધા ને સમજણ બંને અતિ આવશયક છે. શ્રદ્ધા ડગે તો ધૈર્ય ડગે ! ધૈર્ય ખૂટે તો માર્ગ પણ છૂટે ! મંઝિલ પર પહોંચાડનારા માર્ગને પણ છોડી દેતા તેવા માણસો અચકાતા નથી. તેથી અહીં સદ્‌ગુરુ કબીર સાહેબ ધીરજનો ગુણ એકધારો જળવાય રહે તે માટે ધ્યાનાદિ સાધનોનો ઉપયોગ શ્રદ્ધાથી કરવાનો આદેશ આપે છે. જપ ધ્યાનાદિ સાધનો માણસના મનને ચોકકસ પ્રકારની ક્રિયાઓમાં જોડી શકે છે અને એ દ્વારા મન શુદ્ધ થતું જતું હોય છે. મનની શુદ્ધિ જ ધૈર્યને ટકાવી શકે છે. માટે ધ્યાનની ગુફામાં મન સ્થિર કરવાની પ્રવૃત્તિ કામિયાબ નીવડતી હોય છે. સતની લંગોટી એટલે સતમાં મનની ધારણા થાય એવી સ્થિતિ મન સતમાં સ્થિર થાય એટલે કે મન અત્મતત્ત્વમાં લીન બનતું હોય તો તેવી સ્થિતિને સતની લંગોટી જાણવી. ધીમે ધીમે મન આત્મપરાયણ થવા લાગે તે મંગલમય સિદ્ધિ કહેવાય. જયાં સુધી સત તરફ ગતિ થતી નથી ત્યાં સુધી મન સાંસારિક પદાર્થોની પ્રાપ્તિની ઝંખનામાં જ રમમાણ રહેતું હોય છે. સંસાર તરફનો તે રાગ સત તરફ ગતિ થવા માંડે ત્યારે વિરાગ બની જાય છે અને આત્માનો તે અનુરાગી પણ થઈ જાય છે. પછી તેનું મન સંસારના મોહમાં ફસાતું નથી. સતની લંગોટી શબ્દ દ્વારા તે પ્રકારના વિરાગની અવસ્થાનું સૂચન થયેલું આપણે સમજવું જોઈએ. પરંતુ તે પ્રકારની સિદ્ધિ સરળતાથી પ્રાપ્ત થઈ શકતી નથી. તે માટે તો ઘણી તપશ્ચર્યા કરવી પડે એમ છે. તપશ્ચર્યા એટલે સંસારને છોડીને વનમાં ચાલ્યા જવાનો અર્થ સમજવો નહીં. તપશ્ચર્યા એટલે માણસે પોતાના મનને કેળવવા માટે જે જહેમત ઉઠાવવી પડે છે તે. મન અમસ્થું જ આસકિત કરી બેસતું હોય છે તેથી સાધકે મનની સાથે લડવું પણ પડતું હોય છે. ઈન્દ્રિયોને ઠેકાણે રાખવા ઈન્દ્રિયોનો સંયમ સાધવો જરૂરી બને છે અને મનને ઠેકાણે રાખવા મન પર કાબૂ મેળવવો પડતો હોય છે. આ બંને પ્રકારની સંયમની સિદ્ધિ મેળવવા ઘણુ તપવું પડે ને ખમવું પણ પડે તે તપશ્ચર્યાનો અર્થ થાય. તેથી સાહેબે એક સાખીમાં કહ્યું છે કે :-

**સાચ બરાબર તપ નહીં, જૂઠ બરાબર પાપ**
**જાકે હિરદે સાચ હૈ, તા હિરદે ગુરુ આપ.**

સત્ય સમાન બીજું કોઈ તપ નથી અને અસત્ય સમાન બીજું કોઈ પાપ નથી. જેના હૃદયમાં સત્ય માટે અનુરાગ છે તેના હૃદયમાં આત્મસ્વરૂપનાં દર્શન થાય છે. આત્મતત્ત્વ માટેનો અનુરાગ તેને છેવટ સુધી વિજય અપાવે છે. સતના પરિચયથી ભકતના હૃદયમાં તમામ પ્રકારના પડદાઓ પણ હટી જાય છે. ત્યાર પછી મન અનુરાગી બનીને સતનું સ્મરણ કર્યા કરે છે. સાહેબ કહે છે કે :-

**સાચ બિના સુમિરન નહીં, ભય બિન ભકિત ન હોય,**
**પારસમેં પરદા રહૈ, કંચન કેહિ બિધ હોય ?**

અર્થાત્ સત્ય વિના એટલે આત્મા વિના સ્મરણ થઈ શકે નહીં. ભય ન હોય તો ભકિત પણ કેવી રીતે પ્રગટે ? આત્મા પારસમણિ છે. મન લોઢું છે. આત્મા અને મન વચ્ચે જો ભ્રાંતિનો પડદો રહ્યો હોય તો પારસમણિ સ્વરૂપ આત્મતત્ત્વની લોહસ્વરૂપ મન પર જે અસર થવી જોઈએ તે થાય નહીં. પારસમણિના સ્પર્શથી લોઢું સુવર્ણ બની જાય પણ અહીં પારસમણિનો સ્પર્શ જ ન થાય તો લોઢું, લોઢું જ રહે ! તેથી સતની લંગોટી પહેરનારના હૃદયમાં કોઈ ભ્રમ રહેતા જ નથી એમ સાહેબ પ્રતિપાદન કરવા માંગે છે. પરંતુ સાહેબની વાણી સામાન્ય માણસોને સમજાતી નથી. તેથી આ જગતમાં જૂઠની પૂજા પણ થઈ રહી છે. એટલું જ નહિ પણ ખોટા ગુરુઓ પણ પરમાત્માની જેમ પૂજાય છે. સાહેબ પોતાનો અનુભવ જણાવતા કહે છે :-

**સાંચે કોઈ ન પતી જઈ, જૂઠે જગ પતિયાય**
**ગલી ગલી ગોરસ ફિરૈ, મદિરા બૈઠિ બિકાય !**

અર્થાત્ સત્ય પર જગતમાં કોઈને વિશ્વાસ નથી. સૌને જૂઠા પર વિશ્વાસ છે. તેથી જ માખણ જેવા સત્ત્વિક અને ઉત્તમ પદાર્થને વેચવા માટે ગલીએ ગલીએ બૂમો પાડીને ફરવું પડે છે જયારે દારૂ જેવો દુષ્ટ પદાર્થ દુકાનમાં ઘરબેઠા વેચાય છે ! જગતમાં આવી વિષમતા હોવાથી સંત પુરુષોને ઘણુ સહન કરવું પડે છે. સાચા સંતોની વાણીનું મૂલ્ય આજે કેટલું ? જયારે પ્રપંચી સાધુઓની પૂજા થતી હોય છે ! જગતનો આવો વ્યવહાર સૌને જાણે કે કોઠે પડી ગયો છે. આવી સદ્ભાગી સ્થિતિ માટે કોઈને ચિંતા નથી. છતાં જગતના લોકો ખરેખર સદ્ભાગી ગણાય કારણ કે આવી વિષમ પરિસ્થિતિમાં પણ સંતો તો સત્યનો જ મહિમા ગાયા કરે છે ! આ પદમાં સદ્ગુરુ સત્યના મહિમાનું જ મંડન કરી રહ્યા છે ! સત્યની લંગોટી પહેરીને સહજના સિંહાસન પર આરૂઢ થવાની સલાહ આપે છે. સિંહાસન પર કોણ બેસી શકે ? કયાં તો રાજા કે કયાં તો ભગવત્સ્વરૂપ સંત ! સિંહાસન પર બેસવાનો અધિકાર સૌનો નથી. તે માટે તો યોગ્યતા

પ્રાપ્ત કરવી પડે. તેમાં વળી સહજનું સિંહાસન તો ઘણું કઠિન. સાહેબનો 'સહજ' શબ્દ પણ એક વિશિષ્ટ અર્થવાળો છે.

**સહજ સહજ સબ કોઈ કહૈ, સહજ ન ચીન્હૈ કોય**
**જા સહજૈ સાહબ મિલૈ, સહજ કહાવૈ સોય !**

અર્થાત્ હાલતા ચાલતા સૌ 'સહજ' 'સહજ' તો બોલ્યા કરે છે પણ ખરેખર સહજને કોઈ જાણતું નથી ! જે સહજ ભાવથી પરમાત્મ સ્વરૂપ સાહેબ મળી જાય છે તે જ ખરો સહજ ભાવ કહી શકાય. ગમે તેમ સહજ શબ્દનો ઉપયોગ થતો રહ્યો હોવાથી સહજ શબ્દનું અર્થ ગૌરવ હણાય ગયું હોય તેમ લાગે છે. તેથી આ સાખી દ્વારા સાહેબે સહજ શબ્દને ફરીથી સમજાવવા પ્રયત્ન કર્યો છે.

સહજ શબ્દની ઉત્પતિ સમજી લઈએ તો 'સહજઃ' શબ્દને ઓળખવામાં ઉપયોગી થશે. 'સહજ' શબ્દમાં ત્રણ અક્ષર છે. પેલા બે અક્ષર 'સહ'નો અર્થ સાથે થાય. 'જ' અક્ષરનો અર્થ જન્મેલું એવો થાય. જે જન્મની સાથે આવેલું તે. મતલબ કે જે સાથે જન્મેલું તે પોતાનું સ્વરૂપ. તે શુદ્ધ, બુદ્ધ ને નિત્ય છે. સદાકાળ તે પવિત્ર જ છે. તેથી આત્મસ્વરૂપ તે પરમાત્માનું જ શુદ્ધ સ્વરૂપ છે એમ અનુભવી સત્પુરુષોનું કહેવું છે. આ રીતે 'સહજ' શબ્દ સૌનું જે મૂળ છે તે તરફ આપણું ધ્યાન દોરે છે. પ્રકાશ થતાં જ અંધારું ચાલ્યું જાય તેવી તે ક્રિયા તરફ આપણને દોરી જાય છે. તેવી ક્રિયામાં આડંબર, ધતિંગ, કે પ્રપંચ સૌનો જાણે કે નિષેધ છે. યોગ સાધવા પદ્માસને બિરાજવું જ પડે તેવો આગ્રહ તેમાં નથી. શરીરના કોઈ પણ ભાગ પર દબાણ કે તાણનો અનુભવ કરવો પડે તો તે પણ સાહજિકતાનો અભાવ જ ગણાય. સદ્‌ગુરુ કબીર સાહેબ સંપૂર્ણ સાહજિક સ્થિતિને જ પસંદ કરે છે. તે યોગશાસ્ત્રી દૃષ્ટિએ મનની સર્વોત્તમ દશા ગણાય. તેથી કબીર સાહેબે તે અવસ્થા વિશેષને સિંહાસન શબ્દથી વર્ણવી છે. સહજના સિંહાસન પર કોણ બેસી શકે ? કોઈ સામાન્ય માણસ માટે અશક્ય જ છે. સદૈવ સહજ સમાધિમાં નિમગ્ન રહેનાર કોઈ ભગવત્સ્વરૂપ સંત જેવા જ તે સિંહાસન પર બેસી શકે. સહજનું સિંહાસન કદાચ સ્થૂળ આંખોથી ન પરખી શકાતું હોય તેથી પણ શું? આધ્યાત્મિક ઊંચાઈનું માપ કોણ કાઢી શકે ? તે ઊંચાઈ તો હૃદય જ અનુભવી શકે ! કોઈ પ્રસંગે તેવી ઊંચાઈ વાણી વર્તનમાં પણ નીતરતી જાણી શકાય ! બાકી સ્થૂળ સિંહાસનો તો ઘણા ઊંચા પણ હોય છે ને તેને ફૂલોથી સારી રીતે શણગારેલાં પણ હોય છે, પરંતુ તેના પર બેસનાર કદાચ આવી આધ્યાત્મિક ઊંચાઈને ન પણ પામ્યા હોય તે બનવા જોગ છે. સદ્‌ગુરુ કબીર સાહેબ તો સિંહાસન શબ્દોના ઉપયોગથી મનની સર્વોત્તમ દશાને વર્ણવી રહ્યા છે, કોઈ સ્થૂળ સિંહાસનની વાત નથી.

જેવો સહજ શબ્દ તેવો યુકિત શબ્દ આ પદમાં સદ્‌ગુરુ કબીર સાહેબે પ્રયોજેલો છે. યુકિત એટલે યોગ. યુકિત કમંડલ એટલે યોગનું સાધન. યોગના સાધનથી તન અને મન બંને યુકિતપૂર્વક કેળવી શકાય છે. શરીરની સ્થૂળતા યોગના સાધનથી મટી શકે. શરીર નીરોગી પણ રહી શકે. યોગ દ્વારા મનની ચંચળતા તે જ રીતે મટી શકે અને મન એકાગ્રપણે રહી પણ શકે. તેથી યોગના સાધનનો અહીં મહિમા કર્યો છે. સહજની સ્થિતિ એકદમ કાંઈ પ્રાપ્ત થઈ શકતી નથી. મન અને તન બંને જેમ જેમ કેળવાતા જશે તેમ તેમ ધીમે ધીમે સહજની સ્થિતિ નિર્માણ થતી જશે. તેથી યોગની અવગણના કોઈથી પણ કરી શકાશે નહીં. યોગની ક્રિયા કરવામાં કેટલીક વાર સાધક કંટાળો અનુભવતો હોય છે ને આળસ પ્રમાદ વધતાં યોગને છોડી પણ દે છે. તે બરાબર ન કહેવાય. ખરેખર તો આળસ ને પ્રમાદને છોડવાના છે. તે શત્રુની જેમ વચ્ચે અડચણો ઊભી કરે છે. તેનો ત્યાગ કરવાને બદલે સાધક જો યોગના સાધનનો ત્યાગ કરે તો તે કલ્યાણકારી નથી એવું સૂચન કબીર સાહેબ અહીં કરી રહ્યા છે.

રોજિંદા જીવનમાં ડોકિયું કરવાથી પણ યોગનો મહિમા સમજી શકાશે. મન શાંતિ ને પ્રસન્ન અવસ્થામાં હોય છે, ત્યારે માનવ એકાગ્ર બની જઈ મોટા મોટા કામો અઘરા ને મુશ્કેલીથી થાય એવા હોવા છતાં સરળતાથી કરી શકે છે એવો સૌનો અનુભવ છે. ભૌતિક સિદ્ધિ મેળવવા માટે પણ એકાગ્રતાની જરૂર જણાય છે. મન જો શંકાશીલ હોય તો સિદ્ધિ હાથમાંથી સરકી જાય છે. જીતની બાજી હારમાં પણ પલટાઈ જાય છે. એકાગ્ર થવાની ક્રિયા યોગની જ ક્રિયા છે. એટલે રોજિંદા જીવનમાં પણ યોગ તો વણાયલો જ હોય છે. આપણે નાના હતા ત્યારે એકડો કેવી રીતે શીખેલાં ? આપણા કોઈ વડીલે એકડો સ્લેટ પર લખી આપેલો ને આપણે તેના પર ચીતર્યા કરેલું. તે ક્રિયા યંત્રવત્ હતી છતાં આપણે તેને વળગી રહેલા. તો થોડી મહેનતે એકડો આવડી ગયેલો. તે એકડો પછી તો સહજ બની ગયેલો. એ રીતે યોગની ક્રિયાઓને આપણે સમજવી જોઈએ. વારંવાર એકસરખી એક ક્રિયા કરવાથી તે સહજ બની જતી હોય છે. તેવું યોગનું પરિણામ છે. આ રીતે યોગ માણસને ટેવ પાડવાનું જ શીખવે છે. તેને અભ્યાસ પણ કહેવામાં આવે છે. કરિયાણાની દુકાને ગાંધીને એકસાથે ઘણાં કામો કરવાનો અભ્યાસ પડી ગયેલો આપણે અનુભવીએ છીએ. તે એકસામટા દસ ઘરાક સાથે વાતો પણ કરતો જાય છે. કોણે શું માંગ્યું છે તેના તે પડીકાં પણ તૈયાર કરતો જાય છે. વાત કરતાં કરતાં તે સહજ રીતે જે વસ્તુ માંગી હોય તેનો જ ડબ્બો પણ પકડે છે ને તેને તોલીને પડીકામાં બાંધી પણ દે છે. હિસાબમાં પણ કયાંય ચૂકતો નથી. આ તેનો અભ્યાસ

કહેવાય. જયારે તે મૃત્યુ પામે ને તેના છોકરાને પહેલા પહેલા બેસવું પડે તો તેને આ રીતનો અભ્યાસ ન હોવાથી તે ઘરાકને આપી શકતો નથી એટલે ઘરાક ચાલ્યા પણ જાય છે. તેનાથી ભૂલો પણ ઘણી થવા સંભવ છે. તેણે વસ્તુને શોધવી પણ પડે. આ રીતે અભ્યાસ ભૌતિક રીતે સમૃદ્ધ થવામાં પણ ઉપયોગી નીવડે છે. અભ્યાસ વડે સહજની સ્થિતિ પ્રાપ્ત કરી શકાય છે. વ્યવહારમાં પણ અપણે સહજને જ કીમત ગણીએ છીએ. દરેકના મનમાં સહજ માટે પ્રેમભાવ હોય તેવું લાગ્યા વિના રહેતું નથી.

**સહજ મિલૈ સો દૂધ સમ, માંગ મિલે સો પાની**
**કહૈ કબાર વહ રકત સમ જામેં ખૈંચાતાની.**

આપણે કોઈના ઘરમાં અચાનક જઈ ચઢીએ ને બેસતાં જ આપણી સમક્ષ જે કાંઈ નાસ્તો કે પીણું ધરવામાં આવે તો તે આપણને ઘણું વ્હાલું લાગે છે કારણ કે તે વણમાગ્યું સામે આવ્યું છે. તે આપણને અમૃત સમાન કીમતી પણ લાગે છે. પરંતુ માગ્યા પછી મળે તેનું મૂલ્ય પાણી જેટલું જ ગણાય છે. પાણીનું મૂલ્ય કરતાં સાવ ઓછું હોય ! પછી ભલે તે લાડુના રૂપે હોય કે મહામૂલી મિઠાઈના સ્વરૂપે હોય ! માગ્યા પછી પણ જેમ તેમ કમનથી મળેલી વસ્તુમાં આપું કે ન આપું અથવા આપું તો આટલું જ આપું એવો ખેંચતાણનો ભાવ હોવાથી કબીર સાહેબ કહે છે કે તે ન સ્વીકારવું જોઈએ. કારણ કે તે લોહી બરાબર ગણાય ! આપનારનું લોહી બળી જતું હોવાથી લેનારને પણ તે હિતકારી થતું નથી. તે પચતું નથી. તેમાંથી તેનો દહાડો પાકતો નથી. યોગ દ્વારા આવી યુકિત પ્રયુકિતઓ શીખી જનાર કુશળ ગણાય છે. સાથે સાથે પ્રેમભાવ જો ક્રિયામાં ભળતો જાય ને વધતો જાય તો સોનામાં સુગંધ ભળે ! સદ્‌ગુરુ કબીર સાહેબ પ્રેમની ફાવરી કહીને અહીં તે વાત કહી રહ્યા છે. ફાવરી એટલે લાકડાની પાવડી. ગામડામાં લાકડાની પાવડીનો ઉપયોગ થતો હોય છે. ખાસ કરીને કોઢમાં જયાં ઢોરો બાંધતા હોય છે ત્યાં છાણ ખસેડવા માટે પાવડી રાખેલી હોય છે. કદાચ તેના નામો પ્રાંતે પ્રાંતે જુદા હશે. પરંતુ છાણ ખસેડવા માટે પાવડી અથવા તેના જેવું બીજું સાધન જરૂર હોય છે. તેવી પાવડી સાધુઓને રાખવી પડતી નથી. સાધુઓની પાવડી જુદી હોય છે. તે પ્રમાણમાં નાની પણ ખરી. પરંતુ તેનો ઉપયોગ સાધુઓ અનેક રીતે કરતા હોય છે. તેમની નજીક કચરો થયો હોય છે તેને દૂર કરવા પણ તેનો ઉપયોગ તેઓ કરતા હોય છે. મતલબ કે શુદ્ધિકરણની ક્રિયા તે દ્વારા અહીં સૂચવવામાં આવી છે. પ્રેમ પોતે જ પવિત્ર છે. જેમ ગંગા નદીમાં ગટરનું પાણી ભળી જાય તો પણ ગંગા નદી અપવિત્ર થતી નથી. બલકે ગટરનું પાણી પોતે જ પવિત્ર બની જાય છે ને ગંગા તરીકે જ તે એકરૂપ થઈ જાય છે તેમ પ્રેમની ગંગાનું પણ સમજવું. અહીં કબીર સાહેબે પ્રેમને ફાવરી સાથે સરખાવીને

પ્રેમભાવ વિના નિર્મળ થવાતું નથી એવું ગર્ભિત સૂચન કર્યું છે. પ્રેમના પ્રાર્દુભાવથી મનમાં ઘર કરી બેઠેલા ખરાબભાવો પણ દૂર થાય છે ને ખરાબ વિચારો પણ પજવતા બંધ થાય છે. સાધુ જેમ ફાવરીથી તેની આસપાસ એકત્ર થયેલો કચરો ખસેડયા કરે છે તેમ પ્રેમભાવ હૃદયની મલિનતાને દૂર કર્યા કરે છે. કબીર સાહેબ પ્રેમને રસાયણ તરીકે માને છે :-

**જા ઘટ પ્રેમ ન સંચરે સો ઘટ જાન મસાન**
**જૈસે ખાલ લોહારકી સાંસ લેત બિનુ પ્રાન.**
**સબ રસાયન મૈં કિયા પ્રેમ સમાન ન કોઈ**
**રતિ એક તનમેં સંચરે સબતન કંચન હોય !**

જે શરીરમાં પ્રેમ જાગ્યો નથી તે શરીરને સ્મશાન જાણ. તેની તો જેવી રીતે લોહારની ધમણ શ્વાસ લે છે તેમ પ્રાણ વિના શ્વાસની ક્રિયા ચાલ્યા કરે છે. ખરેખર તો પ્રેમ વિના પરમાત્માની પ્રાપ્તિ થતી નથી. પ્રેમ વિના આધ્યાત્મિક શિખરોને સર કરી શકાતા નથી. પ્રેમ તો એક એવું રસાયણ છે, જે દ્વારા હરકોઈ પવિત્ર બની શકે છે. જરા અમસ્થો પ્રેમનો આવિષ્કાર થતાં જ આખું શરીર સોના જેવું કીમતી બની જાય છે. સાધુને, યોગીને કે સંન્યાસીને માત્ર બાહ્ય ત્યાગ કર્યાથી પરમ સુખની પ્રાપ્તિ નથી થતી. માત્ર કપડાં બદલી કાઢવાથી દુઃખનો અંત આવતો નથી. હાથમાં માત્ર કમંડલુ લઈને ફરવાથી યોગી થોડું જ થઈ જવાય છે ?

**મન ના રંગાએ,**
**રંગાએ જોગી કપરા!**
**આસન મારિ મંદિરમેં બૈઠે**
**નામ છાંડિ પૂજન લાગૈ પથરા!**

કબીર સાહેબ કહે છે કે હે યોગી! તેં મન તો રંગ્યું નહીં ને માત્ર કાપડાં જ રંગ્યાં! મંદિરમાં આસન જમાવીને બેસી ગયો અને પરમાત્માનું સ્મરણ છોડીને માત્ર પથરાને જ પૂજવા લગ્યો! જમને દરવાજે તો તું જરૂર પકડાઈ જશે! તારા બધાં વિપરીત કર્મોનાં ફળ તારે ભોગવવાં પડશે. જગતને છેતરશે, ભાવિક ભોળાં ભક્તોને દગો દેશે, પણ પ્રભુને તો તું છેતરી શકવાનો નથી! ભલે અત્યારે તું ઘરે ઘરે ફરે ને જુદા જુદા મંત્રો દેતો ફરે:-

**ઘર ઘર મંત્ર જે દેત ફિરત હૈ મહિમા કે અભિમાના**
**ગુરુવા સહિત શિષ્ય સબ બૂડે અંતકાલ પસ્તાના.**

અર્થાત્ પોતાની મોટાઈ વધારવા અત્યારે તું ભલે ઘરે ઘરે મંત્રો દેતો ફરે પણ અંતકાલે જરૂર પસ્તાશે. ગુરુ શિષ્યો સહિત ભવસાગરમાં ડૂબી મરશે! 'કિયા અપના પાયેગા'! આ જગતમાં ખોટા ગુરુઓ ભલે પૂજતા હોય, પરંતુ કર્મનું ફળ ભોગવ્યા વિના કોઈનો છૂટકારો થતો નથી. તેથી સદ્‌ગુરુ

કબીર સાહેબ યોગીને સન્માર્ગે ચાલવાનો જ ઉપદેશ આપે છે. સાચો યોગી પોતાના મનને પવિત્ર રાખે છે અને મનને આત્માલીન રાખી જગતમાં પોતાનું પ્રારબ્ધ પ્રેમપૂર્વક ભોગવે છે. તે કૂડકપટમાં ફસાતો નથી. આશ્રમ-મંદિરોની માયામાં લપેટાતો નથી. યોગનો બાહ્યાચાર ભલે તેના જીવનમાં જણાતો ન હોય તો પણ તે મનથી પ્રભુને વરી મૂક્યો હોય છે. તેના રોમે રોમમાં પ્રેમનો પાવો વાગ્યા કરતો હોય છે. પ્રેમથી જ પ્રભુ પ્રાપ્ત થાય છે ને જીવન સાર્થક બને છે!

સેલી એટલે રેશમી સાલ. તેવી સાલ પર કેટલીક વાર તો રામ રામની છાપ છાપેલી હોય છે. ઘણા સાધુ સંન્યાસીઓ તેવી સાલ ઓઢીને ભર બજારમાં ફરતા હોય છે. પરંતુ ચરિત્ર કેવું ? નકરની યાદ અપાવે એવું ગંધાતું ચારિત્ર હોય છે. ચરિત્ર તે જ શીલ. શીલ પર સદ્‌ગુરુ ભાર મૂકીને કહે છે કે શીલ રૂપી રેશમની સેલી ઓઢ કે જેથી તું પણ તરે ને બીજાને પણ તું તારી શકે! સાહેબ શીલવંતને જ સૈથી મહાન ગણે છેઃ-

**સીલવંત સબમેં બડા, સર્વ રત્નકી ખાનિ**
**તીન લોકકી સંપદા રહી શીલમેં આનિ.**

અર્થાત્ આ વિશ્વમાં જે ચારિત્ર્યશીલ માનવી છે તે સૌથી મહાન ગણાય છે કારણ કે તે સર્વ રત્નોની ખાણ સમાન હોય છે. ત્રણે લોકની સંપત્તિ ચારિત્ર્યશીલમાં આવીને વસેલી હોય છે. તેથી શીલવંત મનુષ્યો જગતમાં બહુ ઓછા જણાશે. જ્ઞાની, ધ્યાની, સંયમી, દાતા ને શૂરવીર તો ઘણા મળશે પણ શીલવાન તો કોઈક જ હશે. શીલવાન મનુષ્યના ગળામાં લાકડાની બનાવેલી માળા ભલે ન દેખાતી હોય, પણ તેનું હૃદય શ્વાસે શ્વાસે રામનો જાપ કરતું હશે! તેનામાં વિવેક જ્ઞાન ભારોભાર જણાશે. તેઓનું વર્તન પ્રેમ ને સદ્‌ભાવભર્યું જ હશે. તેઓનો સ્વભાવ દયાળુ જ હશે. તેઓ સાવ સાદા પહેરવેશમાં જણાશે છતાં તેઓનું ચરિત્ર ઉત્તમ હશે. તેવા મહા પુરુષોને લક્ષમાં રાખીને સાધુજનોની તુલના કરવી જોઈએ.

**દયાભાવ હિરદે નહીં, જ્ઞાન કથૈ બેહદ**
**તે નર નરક હિ જાહિંગે સુનિ સુનિ સાખી શબ્દ.**

હૃદયમાં દયાભાવ ન હોય તેવા માણસો ભલે સાખી ને શબ્દ સાંભળે અને જ્ઞાનની હદ વગરની વાતો કર્યા કરે, પણ તેઓનું વર્તન અતિશય ઘાતકી હોવાથી તેઓ નરકમાં જ જશે. મોંઢેથી ડાહપણ ભરેલી વાતો કરવાની ટેવથી શું વળે ? વર્તનમાં પણ તે દેખાવું જોઈએ. વાણીને વર્તન સરખા રહેવા જોઈએ. માત્ર વાતોથી કાર્યસિદ્ધિ થતી નથી. ઘાતકી કૃત્યો કરનારા તરફ પરમાત્મા કદી પ્રેમ વરસાવતા નથી કારણ કે ઘાતકી સ્વભાવ પ્રભુને ગમતો જ નથી. પરમાત્માને તો સરળ, સાદા ને દયાળુ સ્વભાવવાળા માનવો જ અતિપ્રિય હોય છે. તેવા માણસો અનેકને આશ્રય

આપી શકે છે અને અનેકના કાર્યો પણ કરી શકે છે. તેવાઓનું જીવન ધર્મશાળા જેવું હોય છે. ધર્મશાળામાં ગમે તે વર્ણનો કે જાતિનો માણસ જઈ શકે છે. તે માટે તેણે ધનિક માણસોની પણ મદદ લેવી પડતી નથી. નિશ્ચિંત ભાવે તે ધર્મશાળામાં રહી શકે છે. અને આરામ લઈ પોતાની યાત્રા આગળને આગળ ધાપાવી શકે છે. તેઓનું જીવન જાણે કે સાર્વજનિક હોય છે. ગમે તેને ગમે ત્યારે તેઓ મદદરૂપ થઈ શકતા હોય છે. પ્રભુને તેવા જીવો વ્હલા હોય છે.

તેથી પ્રભુનાં દર્શન માટે સંસાર ત્યાગની આવશ્યકતા નથી. ઘણા સંપ્રદાયો સંસાર ત્યાગને જરૂરી ભલે માનતા હોય, ત્યાગી, વૈરાગી કે સંન્યાસીઓ ભલે સંસારનો ત્યાગ મહત્ત્વનો માનતા હોય પણ સદ્ગુરુ કબીર સાહેબની વિચારસરણી જરા જુદી જ લાગે છે. તેઓ સંસારના ત્યાગને મહત્ત્વનો માનતા નથી. વાસનાનો ત્યાગ મહત્ત્વનો છે. સંન્યાસ ધારણ કર્યા પછી પણ વાસનાનો ત્યાગ પજવતો હોય છે. તેથી પ્રભુનાં દર્શન કરનારને પોતાના મનને વાસના વગરનું બનાવવું જોઈએ. વાસના પ્રભુને પસંદ પડતી નથી. તેથી કબીર સાહેબે એક સાખીમાં દલીલ કરતા કહ્યું છે:-

**બ્રહ્મ હિ તે ભવ ઊપજા કહત સયાને લોગ**
**હોવત હૈ ભવ ત્યાગતે બ્રહ્મ ત્યાગ સંજોગ.**

આ સંસારની ઉત્પત્તિ બ્રહ્મમાંથી જ થઈ છે એવું જ્ઞાની પુરુષો માને છે. તેથી સંસારના ત્યાગ કરવાથી બ્રહ્મનો ત્યાગ થઈ જવાનો ભય રહે છે. માટે સંસારનો ત્યાગ અનિવાર્ય ગણવો ન જોઈએ. માત્ર બાહ્ય ત્યાગથી શું વળે ? સંસારમાં રહીને વાસનાનો ત્યાગ કરનારા પ્રભુનાં દર્શન કરી શકે છે. વાસનાનો ત્યાગ એ જ સાચો ત્યાગ છે. ઉપર છલ્લા ત્યાગથી જીવ ન તો સંસારનું સુખ માણી શકે કે ન તો પ્રભુને પ્રાપ્ત કરી શકે. મનમાંથી સંસારની વાસના નિર્મૂળ થવી જોઈએ. શ્રીકૃષ્ણ પણ શ્રીમદ્ ભાગવદ્ગીતામાં તેવા જ ત્યાગને સમ્યક્ પ્રકારનો ત્યાગ કહે છે. આપણા ત્રિદેવોનું જીવન તપાસો તો ખ્યાલ આવશે કે તેઓ સહુ ગૃહસ્થી ધર્મનું પાલન કરતા હતા. તેઓ ખરેખર સાચા સદ્ગૃહસ્થીઓ હતા. તેઓના મનમાં પાકો વૈરાગ્ય હોવા છતાં તેઓ સંસારમાં જ રહેતા હતા. અહંતા ને મમતાથી તેઓ વેગળા રહી શકતા હતા. તેથી સદ્ગુરુ કબીર સાહેબ પ્રભુનાં દર્શન કરવા માટે સંસારનો ત્યાગ જરૂરી માનતા નથી. આ પદમાં કેટલીક પરિભાષાના સાધુ સંન્યાસીઓની જણાશે છતાં કબીર સાહેબ તો ગૃહસ્થીપણાને જ મહત્ત્વ આપે છે. તેવી પરિભાષાના ઉપયોગથી સાચા સદ્ગૃસ્થ બનીને આધ્યાત્મિક લાભ લેવાનો ઉપાય બતાવી રહ્યા છે. યોગ

તો ગૃહસ્થી પણ કરી શકે ને સંન્યાસી પણ કરી શકે. ત્યાગી વૈરાગીને પણ લાભદાયી જ થાય છે. યોગનું સાધન સર્વોપયોગી હોવાથી કબીર સાહેબ યોગને મહત્ત્વ આપે છે.

**મહર મતંગા મત બૈશાખી**
**મૃગ છાલા મન હી કો રાખી.**

અર્થાત્ દયાની મતંગા બનાવો, શ્રદ્ધાની વૈશાખી કરો અને મનના આસન પર સ્થિર બનો!

આ પકિંતઓમાં મતંગા, બૈશાખી કે મૃગછાલા જેવા શબ્દો સાધુ કે સન્યાસીઓના જીવન સાથે સંકળાયેલા છે. તે બધા સાધનોનો ઉપયોગ તેઓ શરીરની સહાય માટે કરતા હોય છે. પરંતુ એ બધા સાધનો એક સરખી રીતે વપરાતા નથી હોતા. કબીર સાહેબ તે શબ્દો પાસે કામ લે છે. દયાની મતંગા બનાવો એવું કહીને મતંગાના સાધનનું સ્વરૂપ બદલી નાંખે છે. તે સ્થૂળ સાધન મટીને સૂક્ષ્મતર બની જાય છે. જેમ સ્વરૂપ સૂક્ષ્મ તેમ તેની શકિત વિશેષ. મતની બૈશાખી શબ્દોનું પણ તેવું જ કાર્ય ગણાય. મત એટલે અહીં શ્રદ્ધા. પોતાની શ્રદ્ધાને દૃઢ બનાવો. દૃઢ શ્રદ્ધા સાધકને પથચ્યુત થવા દેશે નહીં. અહીં મતાગ્રહી થવાની સલાહ નથી પણ વિવેકપૂર્વક સમજદારીથી પોતે જેને માને છે તેને શ્રદ્ધાપૂર્વક વળગી રહેવાનો ઉપદેશ છે. મૃગછાલા તો હરણની ચામડીનું આસનિયું ગણાય. તે માટે મૃગની હિંસા કરવી પડે. કબીર સાહેબ તેવું ઈચ્છતા નથી. ઘાતકી કૃત્ય કર્યાથી આસન તૈયાર થતું હોય તે આસન જીવનું કલ્યાણ કેવી રીતે કરી શકે ? બલ્કે તેના બેસનાર હિંસકવૃત્તિવાળો ન થઈ જાય તો સારું. તેથી સાહેબે પોતાના મનને મૃગછાલા બનાવવાની સલાહ આપી છે. સાધક મનના મૃગચર્મ પર આસન જમાવી સ્થિરતા ધારણ કરે તો તે હિતકારક છે. મન પર સંયમ સ્થપાય તો તે ઉત્તમ અવસ્થા ગણાય છે. મન તો અતિ મહત્ત્વનું માધ્યમ છે. મનન મન દ્વારા જ થઈ શકે. મનન કરવાની શકિતને કારણે તો મનુષ્ય માનવ કેહવાયો. મનન કરનારું મન કેવું છે તેના પર માનવની સફળતાનો આધાર છે. કહેવતો પણ મનનો જ મહિમા ગાય છે. મન હોય તો માળવે જવાય ! મન ચંગા તો કથરોટમેં ગંગા! મહર્ષિ પતંજલિ પણ યોગદર્શનના ગ્રંથમાં સૌ પ્રથમ મનના સંયમને જ યોગ કહે છે. યોગનું પ્રથમ લક્ષણ જ ચિત્તની વૃત્તિનો નિરોધ ગણાય. નિરોધ એટલે સંયમ. માનવ માત્રનું અંતઃકરણ શેનું બનેલું છે ? મન, ચિત્ત, બુદ્ધિ અને અહંકારનું બનેલું ગણાય છે. જયારે સંકલ્પ-વિકલ્પ કરે છે ત્યારે તેને મન કહેવામાં આવે છે. જયારે તે ચિંતન કરે અથવા તો ચિંતા કરે તો તેને ચિત્ત કહી ઓળખવામાં આવે છે. જયારે વિવેકપૂર્વક વિચારણા કરી નિર્ણય કરવામાં આવે છે ત્યારે તેને બુદ્ધિ કહેવામાં આવે

છે. જયારે આપણે હું પણાનો અનુભવ કરીએ છીએ ત્યારે તેને અહંકાર તરીકે પિછાણવામાં આવે છે. શકિત એક જ છે. જેવી ક્રિયા તે કરે છે ત્યારે તેવું જ તેને નામ આપી ઓળખવામાં આવે છે. મનન કરે તેથી મન, ચિંતન કરે તેથી ચિત્ત ને નિર્ણય કરે તેથી બુદ્ધિ. આમ અંતઃકરણની ચાર જુદુ જુદી ક્રિયાઓ છે. કરણ એટલે આકર્ષણ કરનાર-ખેંચનાર. જે પોતા તરફ બધી જ ઈન્દ્રિયોને સતત ખેંચ્યા કરે છે અથવા તો ઈન્દ્રિયોને કાર્ય કરવાની ફરજ પાડયા કરે છે તે અંતઃકરણ. આ અંતઃકરણ શુદ્ધ હોય તો માનવ પોતાનું જીવન સફળતાપૂર્વક જીવી શકે. મહર્ષિ પતંજલિ અંતઃકરણની શુદ્ધિને અનુલક્ષીને યોગનું વિજ્ઞાન સમજાવે છે. આપણા ઉપનિષદ્દના ગ્રંથો પણ અંતઃકરણની શુદ્ધિને મહત્ત્વ આપે છે. **मन एव मनुष्याणाम् कारणं बन्ध मोक्षयोः।** અર્થાત્ બંધન અને મોક્ષનું કારણ મન જ છે. મન ધારે તો મનુષ્યને ઊંચે શિખર પર પહોંચાડી શકે છે અને ધારે તો ઊંડી ખીણમાં ફેંકી શકે છે. મન પાસે અગાધ શકિત છે. મનની શકિતનો ઉપયોગ સાધકે આત્મકલ્યાણ સાધવામાં કરવો હોય તો મન પર સંયમ સ્થાપવો જ પડે. કબીર સાહેબે કહ્યું છે કે :-

**મનકી હારે હાર હૈ, મનકી જિતે જીત**
**કહે કબીર પિયુ પાઈએ મન હી કો પરતીત.**

અર્થાત્ મન જો પહેલેથી હારી ગયેલું હોય તો માણસ જીતની બાજી પણ હારી જતો હોય છે. મન પહેલેથી વિજય મળશે જ એવો વિશ્વાસ ધરાવતું હોય તો હારની બાજી પણ જીતમાં પલટાતી હોય છે. તેથી કબીર કહે છે કે સાધકે મનનો વિશ્વાસ પ્રાપ્ત કરી શરીરમાં રહેલા પરમાત્માને પ્રાપ્ત કરી લેવા જોઈએ. આ કારણે માનવે મનના માધ્યમ તરફ દુર્લક્ષ રાખવું ન જોઈએ. તે તો એક શકિતશાળી સાધન છે. માનવને કુદરત તરફથી મળેલી તે એક મોટી બક્ષીસ પણ છે. તેના જેવી ઝડપી ગતિ કોઈની નથી. એક જ મિનિટમાં સમગ્ર દુનિયાનો પ્રવાસ કરીને પાછું પોતાના સ્થળે હાજર થઈ શકે છે. એવું તે જોરદાર સાધન છે. તેની ઝડપી ગતિ તેની અનંત શકિતનો પુરાવો છે. શ્રી કૃષ્ણ પણ શ્રીમદ્દ ભાગવદ્દ ગીતાના છઠ્ઠા અધ્યાયમાં મનનું મહત્ત્વ જણાવતા કહે છે :-

**જે મનને જિતે સદા, મિત્ર બને છે તે**
**પોતાનો શત્રુ બને મન ના જિતે જે.**

હે અર્જુન, જે મનુષ્ય પોતાના મન પર સંયમ સ્થાપે છે તેનું મન તેની સાથે મિત્ર બનીને કામ આપે છે. પરંતુ જે સંયમ સ્થાપી શકતો નથી. તેનું મન તેની સાથે શત્રુ બનીને કામ કરે છે. મનને શત્રુ બનાવવું કે મિત્ર બનાવવું તે આપણા પોતાના હાથની વાત ગણાય. જો મિત્ર બને તો તેની અગાધ શકિત આપણા લાભ માટે જ વપરાય. જો શત્રુ બને તો તેની અગાધ શકિત

આપણને રડાવે, કૂટાવે અને છિન્ન ભિન્ન પણ કરી દે. આપણને નિરાશ ને નિષ્ફળ બનાવી મૂકે ! તેથી સદ્‌ગુરુ સાહેબે આ પદમાં મનને મૃગછાલા બનાવી તેને અંકુશમાં રાખવાનું સૂચવ્યું છે. તો જ તેનો સમુચિત ઉપયોગ કરી શકાય છે. નહીં તો ભલભલા તપસ્વીઓ પણ નીચે ગબડી પડયા છે. નારદ જેવા સમર્થ મુનિઓ પણ થાકી ગયા છે.

ઈન્દ્રદેવે મોકલેલી અપ્સરાઓ નારદ મુનિને જિતી શકી નહીં. તેથી નારદમુનિ પોતાને કામજયી માનવા લાગ્યા ને તેનો તે પ્રમાણે પ્રચાર પણ કરવા લાગ્યા. મન કયારે અહંકારમાં સરકી પડે તે કોઈ જાણી શકતું નથી. નારદ મુનિને પણ ખબર ના રહી. પોતે ભગવાન શંકર કરતાં પણ મહાન છે એવું માનવા લાગ્યા હતા. નારદે મહાદેવ પાસે જઈને પોતાનો અહં પ્રદર્શિત કરી બતાવ્યો ત્યારે મહાદેવે સૂચના પણ આપેલી કે આ વાત ભગવાન વિષ્ણુને ના કહેશો. એ સાંભળીને નારદને ચઢયો મદ. તે વિષ્ણુ પાસે પહોંચી ગયા ને સમગ્ર અહંકાર ઠાલવી દીધો. વિષ્ણુ ભગવાને ખુશી તો વ્યકત કરી પણ પોતે પોતાના ભકતનું પતન થાય તેવું ઈચ્છાતા નહોતા. આ ભકત પર અહંકાર ગાઢ રીતે છવાઈ ગયો છે તે જો દૂર ન કરવામાં આવે તો તેનું જરૂર પતન થાય. તેથી તેના અભિમાનને ઠેસ લાગે તેવી ઘટના વિષ્ણુ ભગવાન ઊભી કરે છે.

એક નગરમાંથી નારદ જતા હતા. મંદિર પાસે થોભ્યા તો એક મોટું બોર્ડ જોયું. તેમાં નગરના રાજાની કુંવરીનો ફોટો હતો. તેની નીચે તેના સ્વયંવરની જાહેરાત હતી. વાંચીને કુંવરીનું સ્વરૂપ નિહાળ્યું તો નારદને ખૂબ ગમી ગયું. સ્વયંવરમાં ભાગ લેવાની ઈચ્છા થઈ. પરંતુ પોતે તો વૃદ્ધ ગણાતા હતા. કુંવરી તો નવયૌવન હતી. તે પસંદ કરે તેવું રૂપ હોવું જોઈએ. ભગવાન વિષ્ણુની કૃપા થાય તો રૂપ પરિવર્તન થઈ શકે. એટલે વિષ્ણુ પાસે પહોંચીને ભકિતભાવપૂર્વક માંગણી કરી કે તમારું મદન મનોહર રૂપ મને આપો. વિષ્ણુએ તથાસ્તુ કહીને સાન્ત્વન આપી દીધું. નારદ ખુશમિજાજમાં આવી જઈ સ્વયંવરમાં ભાગ લેવા ગયા. પ્રથમ હરોળની બેઠક મેળવવા પ્રયત્ન કર્યો. જેવી કુંવરી આવે તેવી જ વરમાળા પહેરાવી દે એવી જગ્યા પસંદ તો કરી, પણ કુંવરીએ વરમાળા તો પહેરાવી નહિ. બાજુ વાળાએ નારદનું ધ્યાન દોર્યું કે તમારું રૂપ તો દર્પણમાં જુઓ ! નારદે દર્પણમાં જોયું તો વાંદરાનું સ્વરૂપ હતું ! વિષ્ણુ પર નારદ ખિજાયા, પણ ભગવાને તો પોતાના ભકતનો અહંકાર દૂર થાય તે માટે જ વાંદરાનું સ્વરૂપ આપ્યું હતું. આ રીતે વિજય આપાવનારું મન બીજી બાજુ પછાડે પણ છે.

**નિશ્ચય ધોતી પવન જનેઊ**
**અજપાજપે સો જાને ભેઊ**
**રહે નિરંતર સતગુરુ દાયા**

અહીં 'નિશ્ચય' શબ્દ બુદ્ધિનું સૂચન કરે છે. અંતઃકરણ વિશે આપણે જોયું કે બુદ્ધિ અંતઃકરણનો એક ભાગ છે. જે નિર્ણાયક શકિત છે તેને બુદ્ધિનું નામ આપવામાં આવ્યું છે. દૃઢ નિશ્ચયાત્મકતા પ્રભુ પંથે ઘણી ઉપયોગી છે તેથી તેવી સ્થિતિ અહીં દર્શાવવા સાહેબે 'નિશ્ચય ધોતી' શબ્દ પ્રયોગ કર્યો છે. ધોતી તો પહેરવેશનું સાધન ગણાય. તેનું સ્વરૂપ સ્થૂળ લેખાય. તેના વડે માનવ શરીરનું રક્ષણ કરી શકે. એટલું જ નહીં પણ તે પહેરનારને સભ્ય સમાજમાં સ્થાન મળે છે. તે ધોતીની સ્થૂળતા નિશ્ચયની ધોતી બની જવાથી સૂક્ષ્મતમ સ્વરૂપમાં રૂપાંતર પામે છે, સાથે સાથે તેવા શબ્દ પ્રયોગથી અર્થ ગૌરવ પણ સધાય છે. નિર્ણયની દૃઢતા વડે સાધક સભ્યતાનો ઓપ લગાડે છે. મનોબળ વધ્યાનો સ્પષ્ટ નિર્દેશ પણ થાય છે.

'પવન જનેઊ' એટલે શ્વાસોશ્વાસની જનોઈ. પવન શબ્દ શ્વાસનો પર્યાય ગણાય છે. તે દ્વારા પ્રાણાયામનું આડકતરું સૂચન થયેલું પણ ગણાય. અગાઉ સદ્‌ગુરુ યોગનો નિર્દેશ કરી ગયા છે. પ્રાણાયામ એ યોગનું એક પગથિયું છે. આપણે સદ્‌ગુણોની વૃદ્ધિ અંગે અગાઉ વિચારણા કરી છે. સદ્‌ગુણો વધારવા માટે યમ અને નિયમ ઘણા ઉપયોગી ગણાય છે તે યમને નિયમ અષ્ટાંગયોગનાં પહેલાં બે પગથિયાં છે. અષ્ટાંગ યોગના આઠેઆઠ પગથિયાં આ પ્રમાણે છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. અષ્ટાંગ યોગનું ત્રીજું પગથિયું મનની મૃગછાલા દ્વારા સૂચવાઈ ગયું છે. આસન સિદ્ધિ વિના અષ્ટાંગ યોગ અધૂરો ગણાય. મનના મૃગચર્મ પર સ્થિર આસન કરવાથી આસનસિદ્ધિ સાધી શકાય છે.

હવે 'પવન જનેઊ' શબ્દ પ્રયોગથી સદ્‌ગુરુ કબીર સાહેબ પ્રાણાયામનું ચોથું પગથિયું દર્શાવી રહ્યા છે. મનના સંયમ સાથે પ્રાણના સંયમનું ઘણું મહત્ત્વ છે. પ્રાણના અસ્તિત્વનો ખ્યાલ શ્વાસો શ્વાસ દ્વારા સહેજે થાય. આ શ્વસન ક્રિયા દરેક માનવ એક મિનિટમાં ૧૫થી૨૦ વખત કરતો જણાય છે. દર્દી ડોકટર પાસે જાય ત્યારે સૌ પ્રથમ દર્દીની નાડી ડોકટર તપાસે છે. હૃદયના ધબકારા કેટલા થાય છે તે તે દ્વારા આવી જાય છે. મતલબ કે હૃદયની પરિસ્થિતિનો ખ્યાલ ડોકટરને પ્રાણ દ્વારા આવી જાય છે. આ પ્રણ સૌનો અનિયમિત ગણાય. તેને બદલે જો શ્વાસોશ્વાસની ક્રિયા પ્રાણાયામ કરીને નિયમિત કરી દેવામાં આવે તો એક મિનિટમાં માત્ર એક જ વાર શ્વાસોશ્વાસની ક્રિયા થવા લાગે. તે સંયમિત પ્રાણની નિશાની ગણાય. તેવી સ્થિતિ ઉત્તમ ગણાય. હૃદયનું કામ પણ સરળ બને. બોજો હળવો થાય એટલે હૃદય વ્યવસ્થિત પણે પોતાની ક્રિયા કર્યા કરે.

આ રીતે અષ્ટાંગ યોગના ચોથા પગથિયાની વાત કબીર સાહેબ 'પવન જનેઊ' શબ્દ દ્વારા સૂચવી દીધી ગણાય.

'જનેઊ' એટલે જનોઈ. આ ધરતી પર જન્મ ધારણ કર્યા પછી આર્ય બાળકને સોળ પ્રકારના સંસ્કારો આપવામાં આવતા. જનોઈ તેમાંનો પાંચમો સંસ્કાર ગણાય છે. જનોઈને યજ્ઞોપવિત પણ કહેવામાં આવે છે. યજ્ઞોપવિતની પ્રથા આર્યો દ્વારા ચાલુ થયેલી. આર્ય અનાર્યના ભેદો નિર્માણ થયેલા તેથી યજ્ઞોપવિતની પ્રથાનો પ્રરંભ થયેલો. આર્ય હોય તેને યજ્ઞોપવિત એટલે કે જનોઈ રાખવી જ પડતી. કહેવાય છે કે ગોત્ર પતિઓએ એક સંમેલન અથર્વાકના નેતાપદે બોલાવેલું ને તેમાં અનાર્યોનો અલગ વર્ગ નક્કી કરવામાં આવેલો. જનોઈ દ્વારા બંને અલગ પડી જાય તેવી પ્રથા ચાલુ કરવામાં આવેલી. બાકી જનોઈની વાત નથી ઋગ્વેદ કે યજુર્વેદમાં અને સામવેદમાં પણ. પાછળથી આર્ય અનાર્યના ભેદો ચાલુ થયેલા ને તેમાંથી જનોઈની પ્રથાનો જન્મ થયેલો એવું વિદ્વાનો માને છે. જનોઈને ત્રણ ધાગાઓ હોય છે. પહેલો ધાગો મા બહેનની રક્ષા કરવા માટેના વ્રતનો ગણાય છે. બીજો ધાગો કુટુંબ દ્વારા સમાજનું પોષણ કરવા માટેના વ્રતનો મનાય છે. ત્રીજો ધાગો સંસારમાં વિરકત પણે કાર્યો કરી ધર્મને સંસ્કૃતિના રક્ષણના વ્રતનો માનવામાં આવ્યો છે. આ રીતે જનોઈ ધારણ કરનારે વ્રતો ધારણ કરવા પડે. અજપાજપને જાણનાર એના રહસ્યને સારી રીતે સમજી શકે છે અવું અહીં એટલા માટે જ કહ્યું છે. યમ, નિયમ, વ્રતાદિની આવાશ્યકતા સંયમની સ્થાપના માટે જ હોય છે. જનોઈ પણ સંયમનું જ સૂચન કરે છે. જનોઈ આપતી વખતે ત્રણ પ્રકારના સંસ્કારોની ઘોષણા કરવામાં આવે છે- કટિમેખલા, અજીન અને દંડ. કટિમેખલા એટલે કેડ બાંધેલી રાખવી. શૌર્યનું કે બહાદૂરીનું કાર્ય કરવા માટે માણસે કમર કસવી પડે છે. જે આર્યબાળ હોય તેણે જનોઈ ધારણ કરવી પડે અને તેણે અન્યાયની સામે લડી લેવા તૈયાર રહેવું પડે. અજીનનો બીજો અર્થ મૃગચર્મ પણ થાય. ચોક્કસ પ્રકારના આસને બેસાડી શપથ લેવડાવવાની પ્રથા તે અજીન શબ્દો દ્વારા વ્યકત થાય છે. સાદાઈ ને સાદગીપૂર્ણ જીવન જીવીને બ્રહ્મચર્યનું પાલન કરવા માટે તેવા આસન પર બેસાડી શપથ લેવાના હોય છે. સમાજની સુવ્યવસ્થા માટે ત્રીજો સંસ્કાર દંડનો. નિયમભંગ કરે ત્યારે દંડનો ઉપયોગ કરવો પડે તે કેવી રીતે ઉપયોગ કરવો તેની કેળવણી પણ આપવામાં આવતી. આ રીતે જનોઈ દ્વારા સંસ્કારો આપવામાં આવતા. આ પદમાં 'પવન જનેઊ' શબ્દો પ્રાણની જનોઈ એટલે કે પ્રાણાયામ દ્વારા પ્રાણને સંસ્કારિત કરવાનો ઉપદેશ રજૂ કરે છે.

અજપાજપ કરનારને રહસ્યનું જ્ઞાન હોય છે. પરંતુ અજપાજપ એટલે શું સમજવું ? જપના મૂખ્યત્વે ત્રણ પ્રકાર છે:- વાચિક જપ, ઉપાંશું જપ

અને માનસિક જપ. વાચિક જપ એટલે વાણીથી કરતા જપ. મોઢેથી જે જપ કરવામાં આવે છે તે વાચિક જપ કહેવાય. વાચિક જપ બીજાને સંભળાય છે, જયારે ઉપાંશું જપ બીજાને સંભળાતા નથી. ઉપાંશું એટલે હોઠો માત્ર હાલતા જણાય-મોઢેથી અવાજ નીકળે નહીં, છતાં મોઢા વડે કંઈક ક્રિયા થતી હોય તેવું સ્પષ્ટ આંખે દેખી શકાય. તેવા પ્રકારના જપને ઉપાશું જપ કહે છે. જયારે માનસિક જપનો ખ્યાલ કોઈને ન આવે એવો હોય છે. મન દ્વારા જપ ચાલ્યા કરતા હોય છે. શ્વાસે શ્વાસે જપ જયારે ગૂંથાય જાય ને એકરૂપ થઈ જાય ત્યારે જપનું સાતત્ય જળવાય છે. તેવા જાપને અજપાજપ કહેવામાં આવે છે.

ભારતીય સંસ્કૃતિમાં જપનું ઘણું મહત્ત્વ છે. ભગવાન કૃષ્ણ પણ શ્રમદ્ ભાગવદ્ગીતામાં અર્જુનને બોધ આપતાં કહે છે કે यज्ञानाम् जपयज्ञोऽस्मि । અર્થાત્ યજ્ઞોમાં જપ યજ્ઞ હું પોતે છું. મતબલ કે ઘણા પ્રકારના યજ્ઞો છે તેમાં જપ યજ્ઞ મને અતિશય પ્રિય છે. ભગવાન કૃષ્ણ જપને યજ્ઞનું સ્વરૂપ માને છે ત્યારે જપ કામના રહિત થતા હોવા જોઈએ તેનો ખ્યાલ આવે છે. શરીરમાં સંચરતો પ્રાણ શ્વાસને પ્રશ્વાસ રૂપે યજ્ઞનું જ કાર્ય કરે છે. શ્વાસ અંદર લે છે ત્યારે 'ઓકિસજન' શરીરમાં પ્રવેશે છે અને લોહી સાથે ભળીને લોહીને શુદ્ધ બનાવવાનું કાર્ય કરે છે. જે કંઈ અશુદ્ધિ હોય તે ઉચ્છવાસ રૂપે બહાર નીકળે છે ત્યારે તેને આપણે કાર્બન 'ડાયોકસાઈડ' કહીને ઓળખીએ છીએ. તે શરીરને માટે ઝેર સમાન છે. માનવ માત્ર તેને બહાર કાઢયા કરે છે. છતાં તે ઝેર વધતું નથી કારણ કે વનસ્પતિઓ તેને શોષી લે છે. વનસ્પતિઓ 'ઓકિસજન' ફેંકી દે છે તે માનવને જરૂરી હોવાથી માનવો તેને શોષે છે. આ રીતે સૂક્ષ્મ પ્રકારની લેવડદેવડ કોઈ પણ કામના વિના આપોઆપ ચાલ્યા કરે છે. તેથી જપને યજ્ઞનું સ્વરૂપ આપવામાં આવ્યું.

શ્વાસોશ્વાસમાં ભગવાનના નામનું સ્મરણ ભળી જાય તો જપનું મૂલ્ય વધી જાય છે. તેવું સ્મરણ કરનારને હાથમાં માળાની જરૂર પડતી નથી. હાથમાં માળા લઈ સ્મરણ કરવાની એક પદ્ધતિ છે, તે વાચિક જપ જેવી ગણાય. માળા આંખે દેખી શકાય છે, તેથી વ્યકિત જપ કરે છે તેનો બીજાને ખ્યાલ આવી જાય છે. પરંતુ માળા વિના પણ સ્મરણની ક્રિયા થતી હોય છે, તેનો ખ્યાલ બીજાને આવી શકતો નથી. તે વિષે સાહેબે એક સાખીમાં સ્પષ્ટ કહયું છેઃ-

**કબિરા માલા કાષ્ઠકી બહુત જતનકા ફેર,**
**માલા સાંસ ઉસાસકી જામેં ગાંઠ ન મેર.**

લાકડાની માળા માણસે બનાવેલી છે. તે માળામાં ગાંઠ પણ હોય છે ને તેમાં મેરુ પર્વતની નિશાની પણ હોય છે. માળાને હાથની આંગળીઓ

દ્વારા ફેરવવી પડે છે. મેરુને નહિ ઓળંગાય તેવી તેની વિશિષ્ટ રીતી હોય છે. પરંતુ ભગવાને માનવ માત્રને શ્વાસ પ્રશ્વાસની માળા સ્મરણને માટે આપી છે. તેમાં કોઈ શરતો નથી. તે માળા તો સહજ રીતે ચાલ્યા જ કરે છે. તેમાં કોઈ મુશ્કેલી પણ જણાતી નથી. શ્વાસોશ્વાસની આ સૂક્ષ્મમાળા ઉપાંશુ જપ જેવી ગણાય. કારણ કે બીજાને તેના શ્વોસશ્વાસની તો ખબર પડે જ છે. પરંતુ જયારે આ સૂક્ષ્મમાળા અજપાજપમાં ફેરવાય જાય છે ત્યારે બીજાને તેની અવસ્થાનો કાંઈ ખ્યાલ આવતો નથી. મન સ્મરણમાં ડૂબી જતું હોય છે એટલે શરીરનું ભાન પણ નહિવત્ રહેતું હોય છે. આવા જાપનું ઘણું મહત્ત્વ છે. છતાં તેવા જપની પણ મર્યાદા સાહેબે બતાવી છેઃ-

**જપા મરૈ, અજપા મરૈ, અનહદ ભી મર જાય**
**સુરત સમાની શબ્દમેં તાકો કાલ ન ખાય.**

કાળની સત્તા જપ કરનાર પર, અજપાજપ જપનાર પર અને અનાહત નાદ સાંભળનાર પર પણ ચાલે છે. પરંતુ ચિત્ત જો પાતાના નિજસ્વરૂપમાં સ્થિર થઈ જાય એટલે કે મન જો આત્મામાં લીન બની જાય તો તેવી વ્યકિતને કાળ ખાય શકતો નથી. કાળની સત્તાનો તેવી દશામાં અંત આવી જાય છે. મતલબ કે જન્મમરણના ફેરા ટળી જાય છે.

અજપાજપની અવસ્થામાં જપ કરનારને નાદ સંભળાતો હોય છે. આ નાદ દશ પ્રકારના હોય છે. ઘંટનાદ, વેણુનાદ, ઝાંઝરી વાગતી હોય તેવો નાદ, ઘુઘવતા સાગરનો નાદ વગેરે દશ પ્રકારે નાદ સંભળાતો હોય છે. તેમાં ઓમ્કારનો નાદ પણ સંભળાય છે. તે નાદમાં ચિત્તને પરોવી દેવાથી ચિત્ત સ્વરૂપમાં સ્થિર બની જાય છે એવો અનુભવી પુરુષોનો અભિપ્રાય છે. જે નાદ સંભળાય છે તેને અનાહત નાદ કહેવામાં આવે છે કારણ કે તે નાદ જાગૃતિમાં પણ બંધ થતો નથી. સતત તેનો ગુંજારવ ચાલ્યા જ કરતો હોય છે. તે અટકતો નથી. એટલે જપ પછી અજપાજપની તથા આનહત નાદની બે અવસ્થાઓ સાધકે ઓળંગવી પડે છે. જપનું સાધન યજ્ઞ રૂપ હોવાથી તે દ્વારા ચિત્ત કે મન પર તેની ધીમે ધીમે અસર થતી હોય છે. ચંચળ સ્વભાવ ધીમે ધીમે બદલાતો જાય છે. અજપાજપથી તે સ્વભાવ સદંતર બદલાઈ જતો હોવાથી મન અમન બની જતું હોય છે. ચિત્ત અચિત્ત થઈ જતું હોય છે. તેવી દશા શુદ્ધ દશા ગણાય. તેવું નિર્મળ ચિત્ત થાય ત્યારે જ અનાહત નાદ સંભળાય. નિર્મળ ચિત્ત જ સંભળાતા નાદમાં લીન થઈ શકે અને સાક્ષાત્કાર કરી શકે.

આ બધું સદ્‌ગુરુની સહાય વિના થતું નથી. સદ્‌ગુરુ જપ કરવાની આજ્ઞા આપે તે પ્રાથમિક અવસ્થા પણ સાધકને માટે પ્રેરણાદાયી હોય છે. સદ્‌ગુરુની સહાય પછી પણ સાધકે મનનો ઉપદ્રવ શાંત કરવા ઘણું

મથવું પડતું હોય છે. સદ્‌ગુરુની સહાયથી તેનો માર્ગ થોડો વધારે સુગમ અને આનંદદાયી જરૂર બનવા પામે છે. જેમ તે ગુરુની કૃપા પ્રાપ્ત કરવા માટે યોગ્યતા કેળવતો જાય છે તેમ તેમ તેની પ્રસન્નતા વધતી જાય છે અને એક ધન્ય ઘડીએ સદ્‌ગુરુની કૃપાના ફળ સ્વરૂપે તેનો જપ અજપાજપમાં ફેરવાઈ જાય છે. તેના મનના સ્વભાવમાં પણ ફેરફાર થતો જાય છે. મનની નિર્મળતા વધતી જાય છે અને પ્રગતિ ઝડપથી અનુભવે છે. આ સદ્‌ગુરુના શરણમાં રહેનારા સતત સદ્‌ગુરુ સાથે પોતાના મનને જોડેલું રાખી શકે છે. ભલે ગુરુ પાસે ન બેઠા હોય! હજારો માઈલ દૂર ભલે ગુરુ વિચરતા હોય! ગુરુ ભલે વિદેહ થઈ ગયા હોય! પરંતુ સાધક શિષ્યના મનથી સદ્‌ગુરુનું સાંન્નિધ્ય જાળવી શકતો હોવાથી આધ્યાત્મિક લાભ પ્રાપ્ત કરવાને માટે તે યોગ્ય ઠરે છે.

'ગુરુ બિન કૌન બતાવે બાટ' એ સદ્‌ગુરુ કબીર સાહેબનું પદ અહીં યાદ આવ્યા વિના રહેશે નહિ. સંસારમાં રહીને પ્રભુનાં દર્શન કરવા ઈચ્છતા જીવને કે પછી ત્યાગી, સંન્યાસી સ્વરૂપે વિચરણ કરતાં સાધુને સદ્‌ગુરુની મદદ વિના ચાલતું નથી. રસ્તો તો કઠિન લાગવાનો જ ! તલવારની ધાર પર ચાલવાનો દુર્ગમ માર્ગ કેવી રીતે પસાર કરી શકાય ? અજ્ઞાનના અંધકારમાં અટવાતા સૌ કોઈને વાટ વસમી લાગ્યા વિના રહેતી નથી. મનમાં તોફાન મચાવતી શંકા-કુશંકાઓની ભૂતાવળોથી કોણ પીડાતું નથી? અહંકારના કાળાડિંબ ઓળાઓમાં અથડામણ અનુભવતા જીવો એકાંતના અસુર સામે કેટલો વખત ટકી શકે? વાસના વંટોળિયાઓને વાવાઝોડા વીઝાય ત્યારે અસહાયતા અનુભવતા જીવને કોણ બચાવી શકે? ગુરુની શરણાગતિ જેણે સ્વીકારી છે તેવા કલ્યાણ પંથના પ્રવાસી પોકાર કરીને કહેશે 'એક માત્ર ગુરુની શકિત જ બચાવી શકશે'

પરંતુ જેના ભાગ્યમાં સદ્‌ગુરુનું મિલન નથી થયું અને છતાં આધ્યાત્મિક માર્ગે આગળ વધવાની તમન્ના છે તેને માટે કોણ સહાયક થઈ શકે ? સત્પુરુષો કહે છે કે એક માત્ર હરિ તેવા લોકોને સહાયભૂત થાય છે. જો તેવા લોકો હરિને પ્રાર્થના કરે ને તે પ્રાર્થના આર્તસ્વરે થતી હોય તો જરૂર હરિ પ્રાર્થના સાંભળે છે. તેને કોઈ પણ હિસાબે મદદ મળે તેવી ગોઠવણ તે જરૂર કરે છે. તેની નજીકની વ્યકિતને કયાં તો પ્રેરણા આપીને તેની પાસે મોકલી આપે કે કયાં તો કોઈ સમર્થ પુરુષોનો તેને ભેટો કરાવી દે. પ્રભુની શકિત ગમે તે સ્વરૂપમાં તેને સહાયભૂત થયા વિના રહેશે નહીં. છેવટે તેવા જીવને અત્માનો અવાજ પણ સંભળાશે. પોતાનો આત્મા પણ ગુરુ બનીને માર્ગદર્શન આપતો હોય છે. તેવા જીવને ધ્યાનમાં રાખીને શ્રી કૃષ્ણ ગીતામાં અર્જુનને શીખામણ આપતા કહે છેઃ

**અનુભવવાળો હોય જે જ્ઞાની તેમજ હોય,**

**તેને નમતાં સેવતાં પૂછ પ્રશ્ન તું કોઈ !**
**જ્ઞાન તને તે આપશે, તેથી મોહ જશે,**
**જગ આખું મુજમાં પછી જોશે આત્મા વિશે !**
**(સરળગીતા અ-૪)**

અર્થાત્ કોઈ અનુભવી જ્ઞાની પુરુષ હોય તેની શોધ કરી તેની પાસે પહોંચી જવું. સૌ પ્રથમ તેને નમસ્કાર કરવા ને તેની સેવા કરવી. પછી તેની રજા લઈ પ્રશ્ન પૂછવો. તે ખુશ થયા હશે તો તને જ્ઞાન આપશે અને તારો મોહ નષ્ટ થઈ જશે. મોહ નષ્ટ થતાં પ્રભુનું સચરાચરમાં વ્યાપક ને વિરાટ જે સ્વરૂપ છે તે તને દેખાવા લાગશે.

એ વાત સાચી છે કે ગમા અણગમાના ચશ્મા પહેરીને આપણે ફરતા રહીશું તો આપણી આસપાસ કોઈ મહાપુરુષ વિચરતા હશે તેને પણ આપણે ઓળખી શકીશું નહીં. જ્ઞાનની ભૂખ લાગી હોય તો ગમા-અણગમાના ચશ્મા તો ઉતારવા જ પડશે ! સાચો જ્ઞાની પુરુષ તો મૌનપણે વિચરણ કરતો રહે છે. તે કંઈ સામે ચઢીને 'ચાલો હું તમને જ્ઞાન આપું' એમ કદી કહેતો નથી. જે સાચો જ્ઞાની નથી તે ભલે બોલ્યા કરતો હોય ! તેની પાસે જવાથી કોઈ ફાયદો નહિ થાય. એટલે જીવે સાવધાની તો રાખવી જ પડે છે. ખોટા માણસ સાથે ભટકાય જવાથી જીવન બરબાદ પણ થઈ જાય. આજે તો કથાકારોને પણ સંત માનીને લોકો પૂજન કરવા લાગ્યા છે. કથા કરીને ધન એકત્ર કરનારા ઘણા કથાકારો સંતનો લેબાશ પહેરીને દેશ પરદેશ ઘુમી રહ્યા છે. તેવા કથાકારો વિદ્વાન જરૂર હશે, પણ સાક્ષાત્કારી સત્પુરુષ તો નથી જ ! તેઓ ભારતીય તત્ત્વજ્ઞાન સારી રીતે સમજાવતા હોય છે તે તેઓનું સત્કર્મ જરૂર ગણાય. સંસ્કૃતિની શ્રેષ્ઠ પ્રસાદી તેઓ જ જનસમુદાયને સારી રીતે પીરસતા હોય છે તેથી તેઓ ધન્યાવાદને પાત્ર પણ ગણાય. પરંતુ અનુભવી સંત એટલે કે પરમ શકિતનો પ્રત્યક્ષ અનુભવ કરી ચૂકેલો હોય તેવા સંત માની તેની પૂજા કરવી એ તો એક મજાક જ સમજવી. તેથી શ્રી કૃષ્ણ અનુભવી જ્ઞાની મહાપુરુષનો સમાગમ કરવાનો આગ્રહ રાખે છે. તેની સેવાપૂજા કરી તેની પ્રસન્નતા પ્રાપ્ત કરવી જરૂરી ગણાય. તે પ્રસન્ન હશે તો જ જ્ઞાનની પ્રાપ્તિ કરી શકાશે.

'સાધુ સંગતિ કરિ સબ કુછ પાયા' અર્થાત્ સાધુની સંગતિમાં રહીને મેં તમામ ચીજો પ્રાપ્ત કરી. સદ્દગુરુ કબીર સાહેબની આ અનુભવની વાણી કહેવાય. સાહેબ સાધુ શબ્દનો પ્રયોગ કરે છે ત્યારે તેઓના મનમાં જે મહાન આદર્શ મનમાં નક્કી કરીને તેને સિદ્ધ કરવા સતત સાધના રત રહે છે તેવી વ્યકિત છે. માત્ર પહેરવેશ બદલીને અને ટીલાં ટપકાં કરીને સાધુ હોવાનો ડોળ કરે છે તેવી વ્યકિત સાચો સાધુ નથી. તેવા

બનાવટી સાધુની સંગતથી કાંઈ જ પ્રાપ્ત થતું નથી. બલકે જે કાંઈ થોડી કમાણી થઈ હોય તે પણ બરબાદ થઈ જતી હોય છે. માટે સાધુ સંગતિ સત્પુરુષોની જ સમજવી. સાધુ સંગતિમાં સત્સંગનો રંગ લાગતો હોય છે અને જીવ સતની આરાધના કરતો થઈ જાય છે.

એ વાત ખરેખર સત્ય છે કે સત્સંગની અસર માનવ મન પર સારી એવી થતી હોય છે. હા, સત્સંગ કોણ કરાવે છે તેના પર મુખ્ય આધાર હોય છે. જો સત્સંગ કરાવનાર માત્ર વિદ્વાન હશે તો તેની ઝાઝી અસર થતી જણાશે નહીં. કદાચ થોડી અસર થતી જણાય તો તે પણ કામ ચલાઉ જ ! પરંતુ જો કોઈ સમર્થ સંત સત્સંગ કરાવતા હોય તો તેની ઘેરી અસર થતી હોય છે. કારણ કે તેવા સંત પુરુષો જેવું બોલતા હોય તેવું જ કરતા હોય છે. તેઓના વચનમાં ને વર્તનમાં બિલકુલ અંતર હોતું નથી. તેથી તેમનું અસીમ આત્મબળ તેમની વાણીમાં વ્યકત થતું હોય છે. આત્મબળથી રસાયેલી વાણી સાંભળનારાના અંતરને ભેદી જતી હોય છે. ગમે તેવા કઠોર હૃદયને પણ હલાવી જતી હોય છે. આ રીતે સમર્થ મહાપુરુષોની વાણી ભારે પરિવર્તન કરનારી નીવડતી હોય છે.

બ્રિટિશરોના જમાનામાં ગુજરાત સૌરાષ્ટ્રમાં લૂંટારૂઓ ને બહારવટિયાઓનો ભારે ત્રાસ હતો. સત્તા બ્રિટિશરોના હાથમાં હતી. નાના મોટા રજવાડાઓમાં રાજાઓના હાથમાં સત્તા હતી. છતાં કોઈનો પણ ડર તેઓને ડરાવતો ન હતો. લૂંટફાટ પર સત્તાધીશોનો અંકુશ રહ્યો ન હતો. સત્તાધીશો ઘણી મહેનત કરતા હતા. ઘણા સાધનો પણ તે માટે તેઓએ તૈયાર રાખ્યા હતા. પણ દુનિયાની કોઈ તાકાત તેઓને ડરાવી શકતી નહોતી. પરંતુ એક સામાન્ય શરીર ધારીએ તે સૌ લૂંટારૂઓ ને બહારવટિયાઓ પર કામણ કર્યું તે સૌને આશ્ચર્ય પમાડે એવું છે. શ્રી રવિશંકર મહારાજે એકલે હાથે તેઓ પર પ્રભાવ જમાવ્યો હતો. કારણ કે રવિશંકર મહારાજની વાણીમાં આત્માનું બળ ભળેલું હતું. રવિશંકર મહારાજ હતા તો એક ગરીબ ગૃહસ્થી જ. પરંતુ તેઓ સત્યના પૂજક હતા. પવિત્ર જીવન જીવનારા હતા. સંપૂર્ણપણે માનવતાવાદી હતા. તેથી તેઓના વચન પર વિશ્વાસ રાખીને તમામ બહારવટિયાઓએ હથિયાર હેઠા મૂકી દીધા હતા અને મહારાજને શરણે થઈ ગયા હતા. તેઓના જીવનમાં ભારે પરિવર્તન મહારાજની વાણી કરી શકી હતી. ઈતિહાસ આજે પણ તેની શાખ પૂરે છે.

એ જ પ્રમાણે મધ્યપ્રદેશની ચંબલની ખીણોમાં સંત વિનોબા ભાવેની અને જયપ્રકાશ નારાયણની અસર થવા પામી હતી. જે કામ મોટા મોટા સત્તાધીશો ન કરી શકયા હતા તે કામ એક સંતે અને તેના શિષ્ય, જયપ્રકાશ નારાયણે કરી બતાવ્યું હતું. તે વાતને હજી પૂરા ત્રીસ વર્ષ પણ થયા નથી એવો તેનો તાજો ઈતિહાસ છે. ભારત સરકાર પાસે હથિયારોનો

તોટો નહોતો. સિપાહી અને લશકરનો પણ અભાવ નહોતો. અમલદારો પણ એક એકથી ચઢિયાતા હતા. છતાં ચંબલની ખીણમાં લૂંટારૂઆનો ત્રાસ કોઈ અટકાવી શકયું નહોતું. એક સુલકડી કાયાવાળો સંત તેઓના જીવનમાં પ્રભાવ પાથરી શકયો હતો. સંતને શરણે તે સૌ બહારવટિયાઓ આવી ગયા હતા. આ હકીકત લક્ષમાં લેવામાં આવે તો સદ્‌ગુરુ સાધુની સંગતનું જે મહત્ત્વ દર્શાવી રહ્યા છે તે બરાબર સમજી શકાય.

આ ઘટના બની છે વિજ્ઞાનના જમાનામાં. જેને **Space Age** તરીકે ઓળખવામાં આવે છે તે જમાનાની આ સાચી બનેલી ઘટના છે. કોઈ પણ બુદ્ધિશાળી માણસ આ ઘટનાની અવગણના ન કરી શકે. સંતોનો સમાગમ સારી સૃષ્ટિ માટે આશીર્વાદ રૂપ ગણાય છે. તે જ સત્ય સદ્‌ગુરુ આ પદમાં જરા જુદા સંદર્ભમાં જુદી ભાષામાં, વ્યકત કરી રહ્યા છે. સામાન્ય જન સમાજમાં પણ વ્યસનો, કુટેવો અને કુરિવાજોને કારણે દગા ફટકાઓ, તોફાનો અને દંગાઓ કયાં નથી થતા ? લગભગ તમામ દેશોમાં છેલ્લાં પચાસ વર્ષોમાં અરાજકતા વધી રહ્યાની ચિંતા સમર્થ સત્તાધીશોને કયાં નથી સતાવતી ? વિમાનો અપહરણ કરી ત્રાસવાદીઓનો ત્રાસ જે રીતે છેલ્લા પચ્ચીસ વર્ષમાં વધ્યો છે તે પહેલાં કયાં હતો ? શા માટે તે ત્રાસને કોઈ સત્તાધીશ રોકી શકતું નથી ? તે માટે ખર્ચાળ તપાસ પંચો નીમવામાં આવે છે અને અભ્યાસ વર્તુળોનો આડંબર ઊભો કરી સંશોધન થઈ રહ્યું છે એવો સધ્યારો આપવામાં આવે છે. પણ કોઈ સુખદ પરિણામ હજી સુધી આવ્યું જણાતું નથી.

કહેવાય છે કે એવા એક અભ્યાસ વર્તુળે આ અંગે ગંભીરતાપૂર્વક પ્રયત્ન કર્યો હતો. મુંબઈની સમસ્યાઓ સાથે સાંકળીને સંશોધન કરવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આ અંગે મુંબઈની પોલીસનો 'રિર્પોટ' (હેવાલ) તેણે મેળવ્યો હતો. તેના પરથી તેમણે જે તારતમ્ય કાઢયું છે તે સૌને વિચાર કરતા કરી મૂકે એવું છે. તે 'રિર્પોટ'માં જણાવ્યું છે કે મુંબઈની વસ્તીમાં દસ ટકા લોકો દરરોજ માંસાહાર કરે છે. મુંબઈમાં બનતા ચોરી લૂંટાફાટ ને ખુનામરકીના બનાવોમાં તે દસ ટકાના સત્યાંસી ટકા લોકો સામેલ છે. તે અભ્યાસ વર્તુળ તે પરથી તારતમ્ય કાઢીને જણાવે છે કે માંસાહારનો ખોરાક તેવા કૃત્યો માટે જવાબદાર છે. દુનિયામાં પ્રોટીન અંગેની ગેરસમજૂતી ઊભી થઈ ત્યારથી બિનજરૂરી માંસાહારનું પ્રમાણ ખૂબ વધી ગયું છે. અન્ન તેવો ઓડકારના સિદ્ધાંત પ્રમાણે માણસોના મનમાં ઘણી બધી વિકૃતિઓ માંસાહારના ખોરાકથી વધી જવા પામી. તેથી આજે અરાજકતાનું પ્રમાણ ઓછું થઈ શકયું નથી.

આ બધા મુદ્દાઓને લક્ષમાં રાખીને વિચારવામાં આવે તો સંતોના સામર્થ્યનો સાચો ખ્યાલ આવે અને સંતોનો સમાગમ સમાજ જીવનને કેટલો

ફાયદાકારક છે તેનો બરાબર અંદાજ પણ આવે. જો કે આજે તો પરિસ્થિતિ વિપરિત છે. સંતોની અવગણના વિશેષ પ્રમાણમાં થઈ રહી છે. સંતો સમાજને ભારરૂપ છે એવો પ્રચાર કરવામાં સુધારકો ગૌરવનો અનુભવ કરે છે. ભલે આજે કથાઓનું આયોજન થતું હોય, ભલે ઠેર ઠેર સંત્સગ મંડળોની સ્થાપના થતી હોય અને મોટી મોટી ગૌશાળાઓ ઊભી કરી ગાયની પૂજાનું મહત્ત્વ સમજાવવા પ્રયત્ન થતો હોય, પરંતુ તેઓનો આદર્શ વેપારી ધોરણથી જ ખરડાયેલો છે. કયાં તો ફંડફાળા ઉઘરાવવા કે કયાં તો મનોરંજન પૂરું પાડવા સિવાય અન્ય સત્કાર્યોમાં તેઓ કાર્યરત જણાતા નથી. ધાર્મિકતાના ઓથા હેઠળ અનેક આશ્રયો ઊભા થઈ ગયા છે ને બનાવટી સાધુ સંતોંનો રાફડો ફાટયો હોય તેવું જણાય છે. તેવા લોકો સંતત્વ નામે ચરી ખાતા હોય છે. તેવા જ પ્રપંચી લોકો સાધુઓના લેબાસમાં પોતાની અધમ વાસનાઓને સંતોષવા જયાં ત્યાં ફાંફા મારતા હોય છે. આ બધી હકીકતોને કારણે જનમાનસમાં આસ્થાનું પ્રમાણ ઘટી જાય તે સ્વાભાવિક પણ ગણાય. અશ્રદ્ધાળુ માનસ સંતત્વની ઠેકડી પણ ઉડાવે છે ત્યારે સમજુ માણસોને સહેજે દુઃખ થાય. સમાજ જીવનને ઉપયોગી થવા માટે સાચા સંતોએ આગળ આવવું પડશે અને પોતાના સામર્થ્ય વડે જૂઠા સાધુઓનો ઉપદ્રવ અટકાવવો પડશે. સાચા ને સમર્થ સંતો જ સમાજની સાચી મૂડી છે. બુદ્ધિશાળી લોકો એ સત્યને બરાબર સમજી પ્રચાર કરે તો જરૂર પરિવર્તન આવે. માત્ર કથાકારોથી સમાજ નહિ સુધરે. માત્ર પ્રવચનોથી પણ સમાજ જીવનની દિશા નહિ બદલાય. ઠેર ઠેર સત્સંગ મંડળો ને ભજન મંડળીઓ કાર્યરત બને તો વાતાવરણ થોડું અનુકૂળ જરૂર થાય. પરંતુ સાચા સાધુઓનો સમાગમ જે કરી શકશે, તે બીજું કોઈ નહીં કરી શકે!

આ પદમાં કહે છે તે મુદ્દો અનુભવી મહાપુરુષોનો છે. તેથી તે વાત સૌ કોઈએ લક્ષમાં લેવી જ જોઈએ. સદ્‌ગુરુ કબીર સાહેબ કહે છે કે સાધુજનના સમાગમથી જીવને બધું જ પ્રાપ્ત થતું હોય છે. સમર્થ મહાપુરુષોનો સંદેશ આ જ પ્રકારનો હોયઃ-

**એક હિ સાધે સબ સધે, સબ સાધે સબ જાય**
**જો તૂં સીંચે મૂલકો, ફૂલે ફલૈ અઘાય !**

અર્થાત્ એકને પ્રાપ્ત કરવાથી બધું જ પ્રાપ્ત થઈ જતું હોય છે તે એક સત્ય છે. પ્રભુને પ્રાપ્ત કરવાથી ખરેખર સર્વસ્વ મળી જતું હોય છે. જયારે બધું જ મેળવવાના પ્રયાસોમાં ખરેખર હાથમાં કાંઈ રહેતું નથી. થોડું મેળવેલું હોય તે પણ ચાલ્યું જતું હોય છે. માયાની મોહિનીમાં ફસાયેલા જીવોને લોભ લલચાવતો હોય છે ને તેવા જીવો એવી બાથ ભીડે છે કે જાણે બધું જ મેળવી લઉં ! પરંતુ ખરેખર તેઓના હાથમાં આંસુ સિવાય કાંઈ

જ આવતું નથી! બહુજન સમાજનો આ તો અનુભવ છે. આત્મા-પરમાત્મા સૌના આદિ ગણાય. તેથી તે સૌનો આધાર ગણાય. તેની આરાધના કરવાથી પરમ સુખની પ્રાપ્તિ થાય છે. જે રીતે ઝાડના મૂળને પાણી સીંચવાથી ઝાડ ખૂબ ફાલે ફૂલે છે ને પુષ્કળ ફળો આપે છે તેમ પ્રભુ સૌના મૂળ હોવાથી તેની જ આરાધના કરનારને પરમ સુખ ભરપેટ્ટે મળે છે. સંતોના સમાગમમાં રહેવાથી આવી સમજ પ્રગટે છે. આ પ્રકારની સમજણથી માનવ જીવન ઊજળું બને છે. ઘણી શક્તિ વેડફાતી અટકી જાય છે. માનવ જીવનની નકામી દોડધામ બંધ થઈ જાય છે. શ્રવણ, સ્મરણ અને કીર્તનના રાજમાર્ગ પર તેનો પ્રવાસ સુખદાયી બની જાય છે. શ્રવણ હંમેશા ચિત્ત દઈને કરવાની તેને સારી ટેવ પડે છે. સ્મરણ એકતાનતાથી કરવામાં તેને ખૂબ આનંદ આવે છે. કીર્તન ભાવપૂર્વક કરવામાં તેને સમયનું ભાન રહેતું નથી. તેના મનના સ્વભાવમાં ભારે પરિવર્તન તે અનુભવે છે

**લવકી લકુટી હૃદયા ઝોરી**
**ક્ષમા ખરાંઊ પહિર બહોરી**
**મુક્તિ મેખલા સુકૃત સુમરણી**
**પ્રેમ પિયાલા પીવે મૌની -૧૦**

અર્થાત્ લગની રૂપી લાકડી હાથામાં પકડ, હૃદયની ઝોળી ખભે ભેરવ, ક્ષમાની પાવડી વારંવાર પહેરેલી રાખ તેમજ કમરે મુમુક્ષુતાનો કંદોરો બાંધી પુણ્યોની સુમરણી વડે પ્રભુપ્રેમના પ્યાલા મૌનભાવે પીયા કર!

લવ એટલે લગની-તાલાવેલી. સદ્‌ગુરુ માટેની લગની કે તાલાવેલી સાધકને સદ્‌ગુરુની કૃપા પ્રાપ્ત કરવામાં ઉપયોગી થાય છે. આ જગતમાં દેખાદેખીથી અનુકરણ થયા કરતું હોય છે. ઘણા લોકો તે હિસાબે ગુરુ કરી લેતા હોય છે. ગુરુ સાથેનો તેઓનો સંબંધ સાવ પોકળ હોય છે. તેમાં વ્યવહારકિતા સિવાય વિશેષ કોઈ હેતુ હોતો નથી. તેવા લોકોના હ્રદયમાં લગનીનો સદંતર અભાવ હોય છે. સાંપ્રદયિતાના કુંડાળામાં જીવન જીવતા લોકોના હ્રદયમાં પણ જે લગન હોવી જોઈએ તે હોતી નથી. જે સમજણ હોય છે તે પણ એકમાર્ગી હોય છે. તેઓમાં ગુરુ પ્રત્યે આદર જરૂર હોય છે પરંતુ તે આદરભાવ સાંપ્રદાકિયકતાના રંગવાળો જ હોય છે ! અહીં તેવી કોઈ સાંપ્રદાકિતાની ગંધ નથી. જે સાધકને આત્મકલ્યાણની પગદંડી પર પ્રયાણ કરવું હોય ને જેને જીવનમાં આધ્યાત્મિકતાના ઊંચા શિખરો સર કરવાની દૃઢ નેમ હોય તેવા જીવને અનુલક્ષીને સાહેબે અહીં માર્ગદર્શન આપ્યું છે.

લકુટી એટલે લાકડી. લાકડી સાથે વૃદ્ધત્વનો સૌ પ્રથમ ખ્યાલ આવે અથવા તો અંધત્વની સ્ફુરણા થાય. તેવી કોઈ સ્થૂળ લાકડીની અહીં વાત

નથી. લગનીની લાકડી એક એવી લાકડી છે, જે આધ્યાત્મિક ચઢાણો ચઢવામાં સાધકને અતિ ઉપયોગી નીવડે છે. આધ્યાત્મિક ચઢાણો સીધાં વધારે હોય છે. તેથી લગનીની લાકડીનો ટેકો તેઓને સહાયક થઈ પડે છે. સમર્થ સદ્‌ગુરુને સાધક શિષ્યમાં તે પ્રકારની લગન અથવા તો તાલાવેલી જોઈને ખૂબ આનંદ થતો હોય છે. સદ્‌ગુરુની કૃપા તેવી પ્રસન્ન અવસ્થામાં જ ઉદ્‌ભવ પામતી હોવાથી તે પ્રકારની લગનીની વાત સાહેબ અહીં કરી રહ્યા છે. પરંતુ તેવી તાલાવેલી સહજ નથી હોતી.

**લગન કઠિન મેરે ભાઈ**

**ગુરુસે, લગન કઠિન મેરે ભાઈ**

**લગન લગે બિનુ કાજ ન સરિ હૈ**

**જીવ પરલયતર જાઈ !**

તેવી તાલાવેલી જન્મવી ઘણી મુશ્કેલ ગણાય છે અને એ પણ સાચું છે કે તેવી લગન વિના શિષ્યનું આત્મકલ્યાણનું કાર્ય સિદ્ધ થતું નથી. તેથી તેવી દશામાં જીવના આવાગમનના ફેરા મટતા નથી.

ગુરુ માટે શિષ્યના હૃદયમાં અપાર પ્રેમની ભરતી ન જાગે ત્યાં સુધી તેવી તાલાવેલી જન્મે પણ નહિ. શિષ્યના હૃદયમાં બીજી કોઈ કામના હોય તો પણ લગન લાગે નહિ. કામનાઓથી અને વાસનાઓથી હૃદય નિર્બળ બની જતું હોય છે. ગુરુ કૃપા ઝીલવા માટે તેવું હૃદય સક્ષમ નથી હોતું. માત્ર કામનાહીન કે વાસનાહીન હૃદય જ ગુરુ કૃપાને માટે પાત્ર ઠરે છે. સ્વામી વિવેકાનંદના દૃષ્ટાંતથી આ વાતને સહેલાઈથી સમજી શકાશે. સ્વામી વિવેકાનંદનું મૂળ નામ નરેન્દ્ર ઘોષ. નરેન્દ્ર ઘોષ કલકત્તા યુનિવર્સિટીના ગ્રેજયુએટ હતા. તેઓ પહેલા ધોરણથી છેલ્લા ધોરણ સુધી ખ્રિસ્તી મિશનરીની શિક્ષણ સંસ્થામાં ભણ્યા હતા. છતાં તેમને પ્રભુ દર્શનની તીવ્ર લગની હતી. તેથી તઓ જે કોઈ પરમાત્માની વાતો કરતું તેને તેઓ સાંભળતા અને પ્રશ્નો પૂછતા. ખાસ કરીને એક જ પ્રશ્ન પૂછતા તમે જે પ્રભુની વાત કરી તે પ્રભુને તમે જોયા છે ? કે પછી પુસ્તક વાંચીને કે અન્યનું સાંભળીને આવું કહો છો ? તેમના પ્રશ્નનો કોઈ હકારાત્મક જવાબ મળતો જ નહીં. વાત કરનાર ન તો પ્રભુના દર્શન કરી શક્યો હોઈ કે ન તો કોઈ દિવ્ય અનુભૂતિમાંથી પસાર થયો હોઈ ! તેથી તેવો પ્રશ્ન સાંભળીને સૌ કોઈ મૌન થઈ જતું હતું. પરંતુ જયારે તેઓ પરમહંસ રામકૃષ્ણની પાસે પહોંચ્યા ત્યારે તેઓ જવાબ સાંભળીને આશ્ચર્ય ચકિત બનેલા. શ્રી રામકૃષ્ણ પરમહંસે હકારાત્મક જવાબ આપ્યો હતો. તેમણે કહેલું કે 'હું તને જોઉં છું તેવી જ રીતે મેં જોયા છે. મેં પરમાત્મા સાથે વાતો પણ કરી છે.' જવાબ સાંભળીને વિવેકાનંદે તરત જ પશ્ન કરેલો કે 'તો પછી મને પ્રભુનાં દર્શન કરાવી શકશો ?' પરમહંસ દેવે કહ્યું હતું કે 'હા, જરૂર તને દર્શન કરાવીશ'

વિવેકાનંદનું હૃદય એકદમ નિર્મળ હતું. કામના કે વાસના રહિત અવસ્થા જોઈને ગુરુ રામકૃષ્ણ દેવે વિવેકાનંદને દિવ્ય દર્શન કરાવેલા તે જગ પ્રસિદ્ધ હકીકત સદ્‌ગુરુ કબીર સાહેબની વાતને ટેકો આપનારી છે. લગની વિના કોઈ કાર્ય સિદ્ધ થતું નથી. તાલાવેલીની સાથે હૃદયની પણ નિર્મળતા હોઈ તો પ્રભુનાં દર્શન માટે તે હૃદય સક્ષમ ગણાય. પ્રભુની કે ગુરુની કૃપાનો માર્ગ પ્રેમનો માર્ગ છે. શ્રદ્ધા ને પ્રેમ હૃદયની ઝોળીમાં હોવા જરૂરી છે. તે ન હોય ને બીજી જ કામનાઓ જો સાધકના હૃદયમાં સળવળતી હોય તો તે ગુરુની કૃપા પ્રાપ્ત કરી શકે નહીં એ નિઃશંક વાત છે.

'ખરાઊં' એટલે લાકડાની પાવડી. પહેલાના જમાનામાં સાધુઓ લાકડાની ચંપલ પહેરતા. ચામડાનો ઉપયોગ ઓછો થતો. સાહેબ તેવી પાવડીને લક્ષમાં રાખીને ક્ષમા રૂપી ચંપલ કાયમ પહેરી રાખવાનો બોધ કરે છે. 'બહોરી' શબ્દમાં વારંવાર પહેરવાનો ધ્વનિ પડઘાય છે. કારણ કે શિષ્યના જીવનમાં કામ-ક્રોધ-રાગના આવેશો આવતા જ હોય છે. સૌ કોઈને તેમાંથી પસાર થવું પડે છે. જીવનની તે નક્કર વાસ્તવિકતા કહેવાય. તેમાંથી પસાર થતી વેળા ક્વચિત દ્વેષ કે ઈર્ષ્યાનો શિકાર શિષ્ય બની જવા સંભવ છે. ત્યારે ક્ષમાભાવ તેને ઉપયોગી થાય છે. શ્રી કૃષ્ણ જેવા કૃષ્ણને સહન કરવું પડયું હતું. સ્યમંતકમણિ શ્રી કૃષ્ણે ચોર્યો નહોતો તોયે કૃષ્ણે જ ચોરેલો છે એવો આક્ષેપ થયો હતો. સ્યમંતકમણિની શોધ શ્રીકૃષ્ણે કરવી પડેલી ને પોતાની નિર્દોષતા પુરવાર કરવા તેમણે મથવું પડેલું. તો પછી સામાન્ય સાધુ સંતની તો શી વિસાત ? તેવા પ્રસંગોમાં સાધક શિષ્યે ક્ષમાભાવ જ પ્રગટ કરવો એવું માર્ગદર્શન સાહેબ આપી રહ્યા લાગે છે. ક્ષમા એ તો મોક્ષનો ભવ્ય દરવાજો છે. ક્ષમાભાવ રાખ્યાથી મનની અશાંતિ ઓછી થઈ જાય છે. દુર્ભાવોનું બળ ઘટી જાય છે. ક્ષમાભાવથી તકરારનો અંત આવી જાય છે. તકરાર કરનારની દિશા જ તે દ્વારા બદલાય જાય છે. તે રીતે હૃદયની ઝોળીમાં પ્રેમ અને શ્રદ્ધા હોવાં જોઈએ અને વર્તનમાં ક્ષમાભાવની સુંગધી હોવી જોઈએ.

મેખલા એટલે કમરબંધ અથવા તો કંદોરો. કેડ પર કંદોરો બાંધવાનો પહેલા રિવાજ હતો. કંઈ સાહસનું કે શૌર્યભર્યુ કાર્ય કરવું હોય તો માણસે પોતાની કમર કસીને બાંધવી પડે છે. મુક્તિનું કાર્ય તો કઠિન ગણાય છે. આસક્તિનાં બંધન તોડવાં સહેલા નથી. મનને રાગ વગરનું કરવું સરળ નથી. વિશ્વામિત્ર જેવા ઋષિને હાર ખમવી પડેલી તો સામાન્યનું તો ગજું જ શું ? તેથી મુક્તિનું પરમ સુખ પ્રાપ્ત કરવા માટે મુમુક્ષુતાનો કંદોરો બાંધી સાધકે પોતાની કમરને સદૈવ કસેલી રાખવી જરૂરી છે. મુક્તિનો આદર્શ સામે રાખીને સૌ કોઈ મહેનત કરે તે સ્વાભાવિક લેખાય છે. કારણ કે બંધન તો કોઈને ગમતું જ નથી. મુક્તિ એક પ્રકારની સ્વતંત્રતા

જ છે. તે પ્રકારનું સુખ માણવા માટે સાધકે જંગલમાં જઈને બાવા બની જવાની જરૂર નથી. લોકોની વચ્ચે રહીને તે નિષ્કામ સેવાનાં કાર્યો કરી શકે છે. સત્કર્મો દ્વારા પુણ્યની કમાઈ ચાલુ રાખી શકે છે. સત્કર્મ કરતાં જેવું ને સતત પ્રભુના સ્મરણમાં મનને લીન કરતાં જેવું એ સાધકને માટે ખૂબ જ જરૂરી છે. શ્રીમદ્ ભાગવદ્ગીતામાં શ્રી કૃષ્ણ નવમા અધ્યાયને અંતે બોધ આપતાં કહે છેઃ-

**મનથી ભજ મુજને અને તનથી કર સેવા,**
**કર્મ મને અર્પણ કરી માણી લે મેવા.**
**જગમાં જોઈને મને વંદન કર હરરોજ,**
**મને પામશે એમ તું કરતા મારી ખોજ.**

અર્થાત્ મુક્તિનું પરમ સુખ પ્રાપ્ત કરવા માટે સાધકે સેવાના નિષ્કામ કામો કરવા જોઈએ. તેવાં કામો કરતા કરતા મનને સ્મરણની ટેવ પાડતા જવું જોઈએ. પ્રભુના નામનું સ્મરણ એ મનને શુદ્ધ કરનારું રસાયણ છે. શરીરથી કાર્યો થતા રહે ને મન પ્રભુના સ્મરણમાં લીન રહે તો અહંકારની માત્રા સાવ ઓછી થઈ જાય. 'હું કરું છું' એવો ભાવ ધીમે ધીમે ઓગળતો જાય અને રહે જ નહિ. સાક્ષાત્ પ્રભુ જ કામો કરાવે છે એવો ભાવ કેળવવાથી અહંનો નાશ થાય છે. પ્રભુનું સર્વવ્યાપક સ્વરૂપ આ જગતમાં કેવી રીતે ગુપ્તપણે રહેલું છે તેની બુદ્ધિથી શોધ કરતા રહેવાથી જીવને એક દિવસ પ્રભુની ઝાંખી થાય જ છે. આ પ્રકારે સુકૃતની સુમરણી સાધકને આગળ વધારે છે. કામો કરતાં કરતાં પ્રભુની કૃપાનો આસ્વાદ વારંવાર ચાખવાનો લહાવો તે દ્વારા પ્રાપ્ત થાય છે. તે અવસ્થામાં મૌનધારણ કરી પ્રભુની કૃપાના ગુણગાન ગાતાં રહેવું જોઈએ. પ્રભુના પ્રેમના પ્યાલા પોતે પણ પીતાં રહેવું ને બીજાને પણ પાતાં રહેવું. આ પ્રકારે જીવન વ્યવસ્થા થઈ જાય તો મુક્તિનું પરમ સુખ તેને સહેજે મળે જ !

અગાઉ આપણે અષ્ટાંગ યોગના ચાર પગથિયાં વિષે વિચારણા કરી છે. સાહેબે આ પદમાં યોગ વિજ્ઞાનની વાતો પોતાની આગવી રીતે વર્ણવી છે. યોગને સાધન માનીને તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેનું માર્ગદર્શન પણ આપણને આ પદમાંથી પ્રાપ્ત થાય છે. બાકીના જે બીજાં ચાર પગથિયાં છે, તેનો આડકતરી રીતે આ પંક્તિઓમાં નિર્દેશ થયો છે. તેનો વિચાર પણ અહીં કરી લેવો જોઈએ. ચાર પગથિયાં આ પ્રમાણે છે : પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. પ્રત્યાહાર શબ્દમાં ઈન્દ્રિયો ને મનનો સંયમ અભિપ્રેત છે. ઈન્દ્રિયોને વિષયોનો ખોરાક ન મળે તેવી ગેઠવણી કરવાથી ઈન્દ્રિયો પર સંયમ સ્થપાય. વિષયોનો ખોરાક આપવાને બદલે ઈન્દ્રિયોને સત્કર્મો કરવાની ટેવ પાડવી જાઈએ. તે દ્વારા ઈન્દ્રિયો વિષયોથી વિરાગી બને અને સત્કર્મ પરાયણ થઈ શકે. તેવી જ રીતે ચંચળ મનને સ્મરણની

ટેવ પાડવી જોઈએ. પ્રભુ સ્મરણમાં લીન બને તેવી સ્થિતિ સર્જવી. પ્રભુ સ્મરણથી મન પવિત્ર બને છે. મન ને ઈન્દ્રિયોને એ રીતે પ્રભુપરાયણ કરવાથી નિષ્કામ સેવા કરવાનો અભ્યાસ પડી જશે. ધીમે ધીમે 'હું કરું છું' એવો ભાવ મનમાં રહેશે જ નહીં. પ્રભુની શકિત જ બધું કરે છે એવી સભાનતા વધશે. પ્રભુની વિભૂતિ આ સમગ્ર સૃષ્ટિમાં કયાં કયાં ને કેવી રીતે ગૂંથાયેલી છે તે જોવા જાણવાની ટેવ પણ પડતી જશે. તેવી ટેવથી ધારણા સારી રીતે થઈ શકશે. ધારણા પરિપકવ થશે એટલે ધ્યાનમાં પ્રવેશ થશે. એકાગ્ર મન થતાં પ્રભુની ઝાંખી પણ થશે. ત્યાર પછી એક ધન્ય ઘડીએ મન પોતે આત્મતત્ત્વમાં લય પામશે અને સમાધિમાં પ્રવેશ થઈ જશે. આ રીતે આ પદમાં અષ્ટાંગ યોગના રહસ્યને ગર્ભિત રીતે સાહેબે વણી લીધું કહેવાય.

માણસ પાસે મન છે અને તે મનને કારણે જ માનવ સદા દ્વિધાનો અનુભવ કરે છે. કરું કે ના કરું એવી અનિશ્ચિતતા જયારે અનુભવાય ત્યારે તેને દ્વિધા કહેવામાં આવે છે. મનમાં પહેલાં તો ઈચ્છા પેદા થાય છે ને પછી માનવ તરત જ તે ઈચ્છા અનુસાર કર્મમાં પ્રવૃત્ત થાય છે. દ્વિધાની અવસ્થામાં ઈચ્છા તો ખરી જ, પણ કોઈ સંશય થવાને કારણે તે ઈચ્છા મોળી પડતી હોય તેવું અનુભવાય છે. સંશય દૂર થાય તો ઈચ્છાની પ્રબળતા વધે ને કર્મમાં જરૂર પ્રવૃત્તિ થાય છે. આ રીતે દ્વિધામાં 'બેમન' નો અનુભવ થતો હોય છે. બેમન એટલે તો પ્રવૃત્તિ ન કરવાની ઈચ્છા થવી તે અવસ્થા. ખરેખર મન તો એક જ છે. મન બે હોત તો એક મન ઈશ્વરનું ભજન કરતે ને બીજું મન ભોગમાં રત રહેતે. પરંતુ તેવું નથી. મન એક જ હોવાથી માનવીની કસોટી થાય છે. બે લાભ એકી સાથે મન ભોગવી શકતું નથી. છતાં બંને પ્રકારના લાભ મેળવવા ને ભોગવવા તે ઈચ્છા તો કરતું જ રહે છે. તે દશા વર્ણવતા સાહેબ કહે છે :-

**ચીંટી ચાવલ લે ચલી, બિચમેં મિલ ગઈ દાર**
**કહે કબીર દોનો ના મિલે, એક લે દુજી ડાર.**

અર્થાત્ જીવ રૂપી કીડી ચોખાનો દાણો મળ્યો તે લઈને ચાલવા તો લાગી પરંતુ નસીબમાં તુવેરનો દાણો રસ્તામાં મળ્યો ! જીવરૂપી કીડી તે પણ સાથે લેવાનો પ્રયાસ કરે છે. પરંતુ હકીકતે મોંમાં પકડેલો ચોખાનો દાણો હેઠો મૂકયા વિના તુવેરનો દાણો તે મોંમાં પકડી શકતી નથી. કયાં તો ચોખાનો દાણો લે અથવા તો તુવેરનો દાણો લે તો જ તે ઉપભોગ કરી શકશે. એકી સાથે બેનો ઉપભોગ નથી કરી શકાતો ! ચોખાનો દાણો સફેદ છે અને તુવેરનો દાણો રંગીન છે. રંગીન દાણો સંસારની મોહિનીનો સૂચક ગણાય અને સફેદ

રંગ સત તરફની જીવની અભિરુચિને વ્યકત કરનારો ગણાય. સંત તુલસીદાસે તે જ સંદર્ભમાં જરા જુદી રીતે કહ્યું છે :-

**તુલસી મન તો એક હૈ ચાહે જહાં લગાઓ**
**યા તો હરિકી ભક્તિ કર, યા તો વિષય કમાઓ.**

બુદ્ધિશાળી માણસ આ સત્ય તરત જ સમજી શકે. મૂઢ માણસને ઉપદેશ આપવો નહીં એવું નીતિશાસ્ત્ર કહે છે. જો ઉપદેશ આપવાનો પ્રયત્ન કરવામાં આવે તો કોઈ અર્થ સરતો પણ નથી. બલ્કે ઉપદેશ આપનાર મૂર્ખ ઠરે તો આશ્ચર્ય નહીં ! ચોખાનો દાણો તે હરિની ભકિત છે અને તુવેરનો દાણો તે સંસારનું સુખ છે. સંસારનું સુખ વિષયોવાળું છે. વિષયો પ્રત્યે જીવને વધુ આકર્ષણ પણ રહેતું હોય છે. હરિની ભકિત માટે એટલું આકર્ષણ ન પણ હોય. તેથી પહેલાં શું કરું - ભકિત કરું કે સંસારનું સુખ માણું ? આ પ્રકારની દ્વિધા જન્મે છે. હરિની ભકિત કરવામાં પણ મનની જરૂર તો પડે જ છે. મન ઠેકાણે ન હોય તો ભકિત પણ થતી નથી અને સંસારના સુખનો ઉપભોગ પણ થતો નથી ! મનની તંદુરસ્તી તો બંનેમાં જરૂરી છે. અલબત્ત, બંને સમયે મનની અવસ્થા જુદી જુદી હોય છે. હરિની ભકિત કરતું મન નિર્મળ બનવાનું જયારે સંસારના સુખને માણતું મન નિર્મળ ન હોય તો પણ ચાલે. ઘણે ભાગે તો તેવું મન મલિન જ રહેવાનું. મલિન મન હરિની ભકિત કરવાનું ટાળે પણ છે. પછી કરીશું એવો વાયદો કરીને ઠેલે છે. ઘડપણમાં ગોવિંદ ભજીશુંનો વાયદો કરીને સંસારના સુખમાં તે નિમગ્ન બની જાય છે. પરંતુ ઘડપણમાં ગોવિંદ ભજી શકાતા નથી કારણ કે શરીરમાં શકિત રહેતી જ નથી. શરીર સાથ આપતું નથી. તેથી સાહેબે એક સાખીમાં ટકોર કરતાં કહ્યું છે :-

**સતનામ કડુવા લગે, મીઠા લાગે દામ**
**દુબિધામેં દોનો ગયે, માયા મિલી ન રામ !**

અર્થાત્ સંસારના ક્ષણિક સુખની લાલચમાં ફસાયેલા જીવને પ્રભુની ભકિત ગમતી નથી. તેને તો પૈસો મારો પરમેશ્વર એવી લગની લાગે છે. આખી જિંદગી દોડધામ કર્યા પછી પણ આખરે તેને નથી મળતું સંસારનું સુખ કે નથી મળતા ભગવાન ! દ્વિધામાં તે બંને પ્રકારના સુખથી વંચિત રહી જવા પામે છે. તેથી જીવે દ્વિધામાં ન રહેવું જોઈએ. બુદ્ધિપૂર્વક પ્રસંગને સમજી લેવો જોઈએ અને નિર્ણય કરીને ગમે તે એકને મહત્ત્વ આપીને પુરુષાર્થ કરવો જોઈએ. જો કે જે હરિની ભકિતને મહત્ત્વ આપીને જીવે છે તેને સંસારનું સુખ પણ માણવાનો લહાવો પ્રાપ્ત થાય છે તે યોગ વિજ્ઞાનનું શિક્ષણ છે. યોગ સંસારી માણસના મનને નિર્મળ જ બનાવે છે. નિર્મળ મનને કલહ

કે કંકાસ જરા પણ ગમતા નથી હોતા ! સુખશાંતિ હમેશા પસંદ કરે છે. મલિન મનને કલહ કંકાસ કોઠે પડી જાય છે. વિષયોના કાદવમાં જે મન ખરડાયેલું છે તે મન હરિની ભકિત નથી ઈચ્છતું. યોગ તો મનને શુદ્ધ કરવાની જ શિખામણ આપે છે. તેથી યોગ દ્વારા મનની દ્વિધા ટળી જતી હોય છે. સૌ પ્રથમ મન ઉદાસીન બને. ધીમેધીમે મનમાં રાગનો જે મેલ હોય તે ધોવાતો જાય. યોગની ક્રિયાઓ ધોવાનું કામ કરે છે. રાગનો મેલ ધોવાતો જાય અને શુદ્ધતા નિર્માણ થતી જાય તેવા મનને જ ઉદાસીન મન કહેવાય. ઊંચા આસન પર બેઠેલું મન તે જ ઉદાસીન મન. સદ્‌ગુરુ કબીર સાહેબ તે લક્ષમાં રાખી આ પદમાં કહે છે :-

**ઉદાસા કુબારી કલહ નિવારી**
**મમતા કુત્તીકો લલકારી**
**યુકિત જંજીર બાંધાજબ લીન્હા**
**અગમ અગોચર ખિરકી ચિન્હા -૧૧**

અર્થાત્ ઉદાસીનતાની વાંકી સોટી વડે કલેશોનું નિવારણ કરો અને મમતા રૂપી કૂતરીને ધમકાવીને ભગાડી મૂકો ! જે લોકો યોગરૂપી જંજીરથી મનને બાંધી રાખે છે તે લોકો મુકિતની અગમ્ય ને અગોચર ગણાતી બારીને પણ ઉઘાડી શકે છે.

અહીં કલહ એટલે કલેશ. સામાન્ય રીતે આપણે કલહને ઝઘડાનું સ્વરૂપ માનીએ છીએ. અંદરો અંદર કંકાસ થયા કરતો હોય છે. તે સંદર્ભમાં અહીં તેવો અર્થ ન કરતાં આપણે સદ્‌ગુરુ કબીર સાહેબના સંદર્ભને લક્ષમાં રાખીને અર્થ કરવો જોઈએ. બીજી લીટીમાં 'યુકિત જંજીર' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સાહેબ યોગની વાત કરી રહ્યા છે. મનને યોગની જંજીરથી બાંધેલું રાખવું એટલે યોગશાસ્ત્ર જે રીતે યોગની વ્યાખ્યા કરે તે રીતે મન પર સંયમ સ્થાપવો. મન સ્વાભાવે ચંચળ છે. ક્ષણે ક્ષણે અનેક વિચારો કરવાની ટેવ પડી છે. તે દશા અશુદ્ધ ગણાય. અશુદ્ધમાંથી શુદ્ધ થવા મથે ત્યારે તેને કલેશો પજવે છે. આ કલેશો પાંચ પ્રકારના છે. એવું યોગશાસ્ત્ર જણાવે છે. તેથી તે કલેશોનું નિવારણ કરવા માટેનો બોધ અહીં સાહેબે આપ્યો છે. કલેશોનું નિવારણ થાય તો મનની સ્થિતિમાં ફેરફાર થયેલો કહેવાય.

સૌ પ્રથમ મનને બરાબર સમજી લેવું જોઈએ. મનમાં પહેલાં વિચારો ઉદ્‌ભવે છે પછી તે અનુસાર પ્રવૃત્તિ થાય છે. તે વિચારોની તપાસ કરવામાં આવે તો મૂળમાં અહંતાને મમતાથી તે સૌ રંગાયેલા હોય છે. અહંતા ને મમતા એકરૂપ થઈને એવી રીતે પ્રવૃત્તિમાં માણસને ગૂંથી દે છે કે તેને પોતાને ખબર પણ પડતી નથી. અશુદ્ધ મનની આ મોટી મર્યાદા છે. આ અવસ્થામાંથી પ્રત્યેક સાધક જીવને પસાર થવું જ પડે છે. આ

સ્થિતિમાં મનનું શાસન ચાલતું હોય છે. મનના હુકમ પ્રમાણે જ જીવન વીતતું હોય છે. તે અવસ્થામાં શું કરવું ? સાહેબ કહે છે :-

**મનકે મતે ન ચાલીએ, મન કે મતે અનેક**
**જો મન પર અસ્વાર હૈ, સો સાધુ કોઈ એક.**

અર્થાત્ મનના મત પ્રમાણે કદી ચાલવું નહીં કારણ કે મન તો ચંચળ છે એટલે ઘડી ઘડીમાં તેના વિચારો તો બદલાતા રહે છે. તે રીતે ચાલવાથી નિર્વાણનું પરમ પદ પ્રાપ્ત કરી શકાય નહિ. નિર્વાણ પદ પર તે જ પહોંચી શકે છે. કે જેણે મન પર સંયમ સ્થાપિત કર્યો હોય. મન પર તેનું શાસન ચાલતું હોય. તેવો માણસ હજારોમાં એક જ હોય છે ને તેને સમાજ સાધુજન કહે છે. તેવા સાધુજન સિવાય લગભગ બધાં જ લોકો મનના ગુલામ બનીને જીવતા હોય છે. મનના મત અનુસાર નિર્ણયો કરતા હોય છે. તે દશાનું સાહેબ આ રીતે વર્ણન કરે છે. :-

**મન પાંચોકે બસિ પરા, મન કે બસ નહિ પાંચ**
**જિત દેખૂં તિત દૌ લગી, જિત ભાગું તિત આંચ.**

આ મન તો પાંચે ઈન્દ્રિયોના વશમાં રહે છે. તેથી પાંચેની ગુલામી તે ભોગવે છે. તે પાંચે જણા પોતપોતાના ભોગનો સ્વાદ પૂરો કરવા માટે આ ગુલામ ગણાતા મનને ખૂબ નાચ નચાવ્યા કરે છે. પાંચની શકિત ભેગી થાય એટલે મનનું કાંઈ ચાલે નહીં. તે મનની નબળી દશા છે. તે દશામાં જીવ દુઃખના દરિયામાં જ ડૂબકાં ખાતો હોય છે. સાહેબ તે અવદશાનો નિર્દેશ કરતા કહે છે :-

**મન સાચા મનસા લહરિ બૂડે બહે અનેક,**
**કહત કબીર તે બાંચિ હૈ જાકે હ્રદય બિબેક.**

આ મન તો મહાસાગર જેવું વિશાળ છે. તેમાં કામનાના તરંગો ક્ષણે ક્ષણે જાગ્યા જ કરે છે. તે તરંગોમાં તણાઈને ઘણા અજ્ઞાની લોકો આ સંસાર સાગરમાં ડૂબી ગયા છે. કબીર તો કહે છે જેના હ્દયમાં વિવેક જ્ઞાન પ્રગટયું હતું તે જ બચી શકયા. સારા નરસાનું ભાન તેને વિવેક કહેવામાં આવે છે. વિવેક જ્ઞાનના ઉદ્ભવથી બુદ્ધિ તેજસ્વી બને છે. તેવી બુદ્ધિ હંસ બુદ્ધિ ગણાય. હંસને દૂધ આપવામાં આવે તો તે દૂધ દૂધ પી જશે ને પાણી રહેવા દેશે. તેથી હંસબુદ્ધિવાળો માણસ સારું ને નરસું અલગ અલગ કરી શકે છે. જે ઉપયોગી હોય તેને જ ગ્રહણ કરે છે. તેવી બુદ્ધિ પોતાને સમજ ન પડે ત્યારે મનના મત પ્રમાણે ચાલે નહીં. તે તો કોઈ અનુભવીને શોધે ને તેની શરણમાં જઈ સમાધાન કરી લે છે. તેથી કબીર સાહેબ કહે છે :-

**મન મુરીદ સંસાર હૈ, ગુરુ મરીદ કોઈ સાધ**
**જો માનૈ ગુરુ બચનકો તાકો મતા અગાધ.**

અર્થાત્ મુરીદ એટલે શિષ્ય. મનના મત અનુસાર નિર્ણય કરીને જીવનારા લોકો તો સંસારી કહેવાય. તેવા લોકોનો ગુરુ મન કહેવાય. પરંતુ મનને વશ કરી સદ્ગુરુના શરણમાં રહેનાર તો કોઈ વિરલ સાધુ સંત જ હોય છે ! જે સદ્ગુરુના વચન અનુસાર જીવન જીવતો હોય તેવા સાધુજનની બુદ્ધિ અગાધ હોય છે. તેવા વિરલ સાધુજન પાસેથી અજ્ઞાની લોકોને જરૂરી માર્ગદર્શન પણ મળી રહે છે. મનની સ્થિતિ અનુસાર તેવા લોકો માર્ગ ચીંધતા હોય છે. આ પદમાં કબીર સાહેબ ઉદાસીનતા કેળવવા તેવા જ સંદર્ભ અનુસાર ઉપદેશ આપે છે. ઉદાસીનતા તો મનની એક ઊંચી અવસ્થા છે. શ્રીમદ્ ભગવદ્ગીતાના બારમા અધ્યાયમાં ભકતના લક્ષણો જણાવતાં શ્રી કૃષ્ણ ભગવાન કહે છે. अनपेक्ष शुचिर्दक्षः उदासीन गतव्यथः ।
અર્થાત્ ભગવાનના જે પ્રિય ભકતો છે તે તો ઉદાસીન મનવાળા હોય છે. સંસાર તરફ તેઓ ઉદાસીન વૃત્તિવાળા હોય છે. સંસાર માટે તેઓના મનમાં જરા પણ રાગ નથી હોતો. મનમાં સંસાર માટે સહેજ પણ આસકિત નથી હોતી. જે ઉદાસીન છે તે મન ચતુર પણ છે અને પવિત્ર પણ છે. ચતુર એટલે સંસારમાં રહીને કર્મ કરવાની કુશળતા તે પ્રાપ્ત કરી લે છે. તે કર્મ કરે છે પણ કોઈ કાર્ય તેને બંધનકર્તા થઈ શકતું નથી. કર્મ કરવાની તેવી તેની ચતુરાઈ છે. મનમાં કોઈ અપેક્ષા પણ નથી હોતી એટલે તેઓને વ્યથાનો અનુભવ પણ થતો નથી. જો કોઈ અપેક્ષા હોય તો તે માત્ર પ્રભુનાં દર્શનની જ ! તે કારણે તેઓના જીવનમાં વ્યથાઓ તેમને પજવી શકતી નથી. આ તેમની ચતુરાઈનું જ પરિણામ કહેવાય. જો ચતુરાઈ ન વાપરે તો બાવાજીની લંગોટીવાળી દશા થઈ જાય. !

એક માણસે પોતાના મનને સમજ્યા વિના સંસારનો ત્યાગ કરેલો અને વનમાં ચાલ્યો ગયેલો. તેથી લોકો તેને બાવાજી તરીકે સંબોધતા હતા. તેણે સાથે કાંઈ જ સંપત્તિ રાખી ન હતી. તેની પાસે માત્ર ચાર લંગોટીઓ જ હતી. તે નદી કિનારે ઝૂપડી બાંધીને રહેતો હતો. દરરોજ સંધ્યાવંદન કરતો રહેતો. નિયમિત સ્નાન ને નિયમિત ભકિત તેના જીવનનું જમા પાસુ હતું. દરરોજ સ્નાન કર્યા પછી લંગોટી ધોઈને ઝૂપડીમાં સૂકવી દેતો. એક દિવસ ધોયેલી લંગોટી ઘુમ થઈ ગઈ ! બીજી લંગોટી હતી એટલે તેણે દરકાર કરી નહીં. પરંતુ બીજી લંગોટી પણ ઘુમ થઈ ! તેથી તેણે તેની શોધ કરવા માંડી. ઝૂપડીની નજીકમાં એક ઉંદરનો દર જોયો. તે દર પાસે તેણે ચીંથરા જોયા. ચીંથરા લંગોટીના હતા. જરૂર ઉંદરની કરામત હોવી જોઈએ ! બાવાજીને ખબર પડી ગઈ. તેના મનમાં લંગોટીની સહીસલામતીના વિચારો આવવા લાગ્યા. ઉંદરનો નાશ થાય તો જ લંગોટી સલામત રહી શકે. મનમાં ઉંદરના નાશ માટે વિચારણા ચાલુ થઈ ગઈ! તે લાકડી હાથમાં રાખી ઉંદરના દરને ટીપી રહ્યો હતો. ત્યારે ત્યાંથી

એક મુસાફર પસાર થતો હતો. મુસાફરે સાધુ મહાત્માને નમસ્કાર કર્યા અને કહ્યું કે મહારાજ, શું કરી રહ્યા છો ? મહારાજે કહ્યું કે આ ઉંદર મને બહુ પજવે છે. મારુ લંગોટી પણ રહેવા દેતા નથી. તેથી આ દરને ટીપી રહ્યો છું. મુસાફરે દરને ટીપવાથી કાંઈ ન વળે એમ કહ્યું. બીજો દર બનાવતા ઉંદરને વાર લાગતી નથી. મહારાજ, એના કરતાં એક બિલાડી પાળો તો ઉંદરનો ઉપદ્રવ રહેશે નહીં. પરંતુ બિલાડી ક્યાંથી લાવવી એ સમસ્યા મહારાજે રજૂ કરી ત્યારે મુસફરે સેવામાં કહ્યું કે મારે ત્યાં બિલાડીના ઘણા બચ્ચા છે. તેમાંથી એક ને પાળો. બાવાજી ખુશ થયા. મુસાફરે જાતે જ પોતાના ઘરેથી બિલાડી આણી આપી. બિલાડી બાવાજીની સંપદા બની ગઈ હતી. પરંતુ તેને તંદુરસ્ત બનાવવા દૂધ પાવું જોઈએ એવો વિચાર આવ્યો. દૂધ લેવા વસ્તીમાં જવું પડે. રોજ દૂધની ભિક્ષા માંગવા બાવાજી જવા લાગ્યા. એક દિવસ પેલો મુસાફર, જેની સાથે થોડો પરિચય થયો હતો તે, અચાનક રસ્તામાં ભેટી પડયો. તેણે જોયું ને જાણ્યું કે મહારાજ તો દૂધ માટે આંટાફેરા મારે છે ત્યારે તેણે દૂધ માટે એક ગાય પાળવાની દરખાસ્ત કરી. ગાયને ઝૂપડીની આસપાસ ચરણ તો બહુ મળી રહેશે એટલે ગાય પાળવી જોઈએ. વળી ગાય તો માતા કહેવાય. તેનું લાલન પાલન તો સત્કર્મ લેખાય. તેથી મુસાફરની સલાહ મહારાજને ગળે ઊતરી ગઈ. મુસાફરે એક ગાયની ગોઠવણ બાવાજીને કરી આપી. બાવાજીએ ખૂબ ઉત્સાહથી ગાયને બાંધી અને ખરેખર પોતે જ બંધાતા ગયા. કારણ કે પછી ગાયને દોહવાવાળી પણ પધારી ! એક પછી એક જરૂરિયાત ઊભી થતી ગઈ અને બાવાજીની બાજી સુધરવાને બદલે બગડતી ગઈ ! જેનો ત્યાગ કરેલો તે જુદા બહાને વળગણના રૂપે વળગી ! મનમાં મમતા ક્યારે ઉદ્ભવે અને અહંતા તેમાં ક્યારે ભળે તે કોણ પારખી શકે? ઉદાસીનતા મનમાં જરૂરિયાતના રૂપે રાગે જન્મે ને વધે એટલે મમતા ઘર માંડયા વિના ન રહે. પરંતુ ભગવાનનો ભકત ચતુર હોય છે. તે અપેક્ષા વગરનો રહે છે. તે જાણે છે કે અપેક્ષામાંથી તમામ ઉપાધિઓનો પ્રારંભ થતો હોય છે. તેથી તે 'અનપેક્ષ' રહે છે. જો અપેક્ષા જાગી તો અવદશાની શરૂઆત થઈ જાય. જયાં સુધી અપેક્ષા ન હોય ત્યાં સુધી ઉદાસીનતા રક્ષણ કરનારી થઈ પડે છે. ઉદાસીનતાને અહીં સાહેબે વાંકી સોટીની ઉપમા આપી છે. માયા મમતાના જાનવરોને પણ ઉદાસીનતા ભગાડી મૂકે છે. માયાને મમતાની કૂતરી, જો ધમકાવવામાં નહીં આવે તો તે વાંરવાર બારણે આવે ને પજવણી કર્યા કરે. એટલે ઉદાસીનતા જો ઉદ્ભવે તો માયા-મમતાથી ઉપેક્ષા થઈ શકે. ઉપેક્ષાના ભાવથી તે કંટાળી જાય અને બારણે પાછી નહીં આવે. તેથી સાહેબે કહ્યું કે ઉદાસીનતાની

વાંકી સોટી વડે મમતાની કૂતરીને ધમકાવી ભગાડી મૂકવી જોઈએ. નહીં તો જરૂર તે પાછી આવે ! સીતાજી પણ છેતરાયેલાં !

સુવર્ણમૃગ જોઈને સીતાજીને મૃગચર્મની કંચુકી સીવડાવવાનો વિચાર ખૂબ જ ગમી ગયો હતો. તેમણે સમજદારીથી વનવાસ તો સ્વીકાર્યો હતો. ભગવાન રામનાં વચનોને લક્ષમાં રાખી વનમાં સદાઈથી રહેતા હતા. નાશિકમાં પંચવટી બાંધી ત્યાં સુધીમાં વનવાસની મુશ્કેલીઓ કેવી હોય તેનો સંપૂણ ખ્યાલ તેમને આવી ગયો હતો. સાદું ને સાદગીપૂર્ણ જીવન વનવાસીનું હોવું જોઈએ. રાજમહેલની સાહ્યબી ભોગવવાનો વિચાર સુદ્ધા ભારે પડે છે. સુવર્ણમૃગ જોતાં જ સીતાજી ભાન ભૂલી ગયા! મૃગચર્મની કંચુકી બનાવવાનો વિચાર વનવાસીને શોભે નહીં. ભગવાન રામને સુવર્ણમૃગને બતાવી તેના મૃગચર્મની સીતાજીએ મગણી કરી. રામે માયાવી મૃગ હોવાની વાત સમજાવી પણ સીતાજી માન્યા નહીં. આખરે લક્ષ્મણને સોંપી રામ સુવર્ણમૃગ પાછળ પડે છે. દૂર જઈ રામ સુવર્ણમૃગને વીંધી નાંખે છે. તે માયાવી રાક્ષસ નીકળ્યો. તે ''લક્ષ્મણ, લક્ષ્મણ''ની બૂમો પાડે છે. તે બૂમ રામના અવાજ જેવી લાગવાથી સીતાજી ગભરાયા. લક્ષ્મણને તેથી વહારે જવાની સૂચના કરી. પણ લક્ષ્મણે સીતાજીને એકલા મૂકીને જવાની ના કહી. તેથી સીતાજીએ કડવાં વેણ કહ્યાં ને આખરે લક્ષ્મણને જવું પડયું હતું! જવાથી શું પરિણામ આવ્યું હતું તે આપણે સૌ કોઈ જાણીએ છીએ. મૃગચર્મની કંચુકીના મોહક વિચારની પકડમાંથી મમતાદેવીએ સીતામાતાને છોડયા નહિ પરિણામે સૌ કોઈ દુ:ખી થયું !

માયા અવનવીન રૂપો ધારણ કરતી હોય છે. મમતા પણ માયાનું જ મોહક એક સ્વરૂપ છે. માયા ખુદ મમતાના રૂપે કયારે ફેરવાઈ જાય તે કોણ કહી શકે ? તેના સ્વરૂપમાં મોહાંધ બની જીવ કયારે ઉપાધિ વ્હોરી લેશે તે પણ કોણ કહી શકે ? જે ખરેખર નથી છતાં તે છે જ એવું દર્શન કરાવનાર માયા એટલી બળવાન છે કે સીતામાતાના મનને પણ વશીભૂત કરી શકે છે. મોટા મોટા ઋષિઓને તપસવીઓ પણ તેની આગળ હારી ગયેલા તે ઈતિહાસ આજે આપણને માર્ગદર્શન આપે છે. આ માયા કયાં રહે છે ? કેવી રીતે રહે છે ? તે અંગે સ્પષ્ટીકરણ કરતાં કબીર સાહેબ કહે છે :-

**મન માયા તો એક હૈ, માયા મનમેં હિ સમાય**
**તીન લોક સંશય પરા કાહો કહૂ સમજાય।**

અર્થાત્ માયા મનમાં જ રહે છે. તેનું સાચું સરનામુ માનવીનું પોતાનું મન છે. આટલું જ નહીં પણ તેની ગુપ્તતા મન અને માયાનું એક સ્વરૂપ હોવાથી જળવાઈ રહે છે. મન ને માયાને અલગ અલગ ઓળખી શકતા

નથી. આ સત્ય તેથી કોઈની સમજમાં આવતું નથી. ત્રણે લોકમાં તમામ જીવો આ બાબતમાં શંશય દશામાં જ ગ્રસ્થ જીવે છે સત્ય હકીકત માનવા માટે કોઈ તૈયાર થતું નથી. તેથી મારે કોને શું સમજાવવું ? ભગવાન રામનું સીતાજી ન માન્યા તો પછી સામાન્ય જીવનું શું ગજું ? કબીર સાહેબ જેવા સમર્થ સંતો મૂઝવણ અનુભવે છે તો મોહાંધ બનેલા જીવને કેવી રીતે સમજાવી શકાય ? માયાના મોહપાશ જીવને હૂંફળા ને મધુર લાગતા હોય છે. તેમાં જાણે કે બંધાઈ રહેવાનું સદાને માટે ગમતું હોય છે. ભાન થયા પછી પણ જીવ તેને છોડવા માંગતો નથી હોતો ! ભ્રમણાઓના વમળો જ એવી રીતે ઊભા થયેલા હોય છે કે જીવનને તેમાં અથડવાનું ગમી જતું હોય છે !

સદ્‌ગુરુનું શરણ આ આફતમાંથી જીવને બચાવી લે છે. સત્સંગ સુધામાં સદૈવ સ્નાન કરાવી શિષ્યના મનને પવિત્ર રાખવાની કળા સદ્‌ગુરુ પાસે હોય છે. શિષ્યના હૃદયમાં રહેલો સદ્‌ગુરુ માટેનો આદરભાવ પ્રેમભકિતમાં પલટાઈ જઈ સદ્‌ગુરુની કૃપા મેળવવાનો લહાવો સહેજે પ્રાપ્ત કરી શકે છે. તેવો સાધક શિષ્ય ઉદાસીનતાની સોટીથી માયા કે મમતાની કૂતરીને ધમકાવી શકે છે અને ભગાડી પણ મૂકે છે. તેવો સાધક યોગી ભવસાગરને સહેલાઈથી પાર કરી જતો હોય છે. તેવા સાધકો અગમ્ય ને અગોચર પ્રદેશના ભોમિયા પણ બની જતા હોય છે. તેઓ અશકય ને પણ શકય બનાવી શકે એવું સામર્થ્ય ધરાવતા હોય છે. તેવા વિશેષ પુરુષોને લક્ષમાં રાખીને સાહેબ કહે છે :-

**બૈરાગ ત્યાગ વિજ્ઞાન નિધાના**
**તત્ત્વ તિલક દીન્હા નિરબાના**
**ગુરુગમ ચકમક મનસા તૂલા**
**બ્રહ્મ અગનિ પરગટ કર મૂલા.**

શબ્દાર્થ : જેના અંતરમાં વૈરાગ્ય અને ત્યાગ હોય, વિશિષ્ટ જ્ઞાનના જેઓ ભંડાર હોય અને જે તત્ત્વના તિલક લગાડી નિર્વાણ પદના અધિકારી બન્યા હોય તેવા સમર્થ ગુરુની આજ્ઞારૂપી ચકમક વડે આત્મ જ્ઞાનનો અગ્નિ પ્રગટાવ !

પ્રાણ મન અને બુદ્ધિ પર સંયમ સ્થાપનારા મહાપુરુષોને અહીં વિજ્ઞાન નિધાના કહ્યા છે. નિધાન એટલે તો ભંડાર. વિજ્ઞાન એટલે વિશિષ્ટ પ્રકારના જ્ઞાનના ભંડાર. દૃષ્ટિ જગતનું જ્ઞાન તો ખરું જ પણ સાથે સાથે અદૃષ્ટ જગતનું સંપૂર્ણ જ્ઞાન-તેવા જ્ઞાનથી સભર તે મહાપુરુષો નિર્વાણ પદના અધિકરી ગણાય. તેવા સમર્થ પુરુષોનું વર્ણન સાહેબે બીજી એક સાખીમાં આ પ્રમાણે કર્યું છે

**તત્ત્વ તિલક માથે દિયા, સુરતિ સરવની કાન**
**કરની કંઠી કંઠમેં પરસા પદ નિરબાન .**

અર્થાત્ નિવાર્ણ પદના પાવન સ્પર્શે જ્ઞાની પુરુષોનું લલાટ ચૈતન્ય તત્ત્વના તેજથી તેજસ્વી બનેલું હોય છે. તેઓના કાન ધ્યાનનાં કુંડળથી શોભે છે. તેઓનું ગળું સત્કર્મની કંઠીથી ઓપતું હોય છે. તેવા સમર્થ મહાપુરુષો દાવાપૂર્વક કહી શકતા હોય છે :-

**મેરી નજરમેં મોતી આયા હૈ**
**કોઈ કહે હલકા, કોઈ કહે ભારી,**
**દોનોં ભેદ ભુલાયા હૈ**
**મેરી નજરમેં મોતી આયા હૈ.**

અર્થાત્ આત્મજ્ઞાનનું મોતી મારી નજરમાં આવી ગયું છે. તેને કોઈ હલકું તો કોઈ ભારે કહે છે. પણ હકીકતે તે બંને મતો સાચા નથી. તે મતો તો ભ્રમણાઓથી ભરેલા છે. ખરેખર તેને કોઈ આકાર નથી તેથી તે હલકું કે ભારીનો કોઈ પ્રશ્ન રહેતો નથી. તેનું વર્ણન કરતા સાહેબ કહે છેઃ-

**જાકે મુંહ માથા નહી, નાહી રૂપ કુરૂપ**
**પુરુષ બાસ તે પાતરા ઐસા તત્ત્વ અનૂપ.**

હકીકતે તેને સારું કે નરસું કોઈ રૂપ જ નથી. તેને નથી મોં કે નથી માથું ! તે તો ફૂલની સુગંધથી પણ વધારે સૂક્ષ્મતમ અનુપમ તત્ત્વ છે ! તે તત્ત્વનું જ્ઞાન રૂપી તિલક તેવા વિજ્ઞાની મહાપુરુષો કરતા હોય છે. તે જ્ઞાન વડે જ તેઓ મુક્તિનું પરમ પદ પ્રાપ્ત કરે છે.

પરંતુ તેવું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે તો સમર્થ ગુરુની સહાય લેવી પડે છે. એકલાના પ્રયાસો કામિયાબ નીવડતા નથી. સમર્થ ગુરુની સહાય મળે તો જ જ્ઞાનના માર્ગે આગળ વધી શકાય છે. સહાય મેળવવા માટે પણ યોગ્યતા તો કેળવવી જ પડે. સર્વ સમર્પણ ભાવે શરણાગતિ સ્વીકાર્યા પછી યોગ્યતા કેળવાય છે. ગુરુભક્તિ વડે ગુરુ કૃપા પ્રાપ્ત કરી લેવી પડે છે. ગુરુકૃપાના પાત્ર બન્યા વિના જ્ઞાનના અધિકારી થવાતું નથી. ગુરુગમ ચકમક શબ્દો દ્વારા ગુરુના સાંનિધ્યમાં રહી ગુરુની આજ્ઞા અનુસાર જીવવાનો સ્પષ્ટ બોધ પ્રાપ્ત થાય છે. વનવાસી લોકો આજે પણ અગ્નિ પ્રગટ કરવા માટે ચકમકનો જ ઉપયોગ કરે છે. તેઓ દિવાસળી રાખતા નથી. સાથે ચકમક રાખે છે. તે ચકમકને ચોકક્સ પ્રકારના લોઢાના ટૂકડાથી ઘસે છે એટલે આગના તણખા ઉડવા લાગે છે. સામે રૂ મૂકેલું હોય છે. તેમાં તણખા ઊડીને લાગી જાય છે. એટલે રૂ સળગવા લાગે છે. આ રીતે અગ્નિ પ્રગટાવવાની અસલ રીતની યાદ આ પંક્તિઓ દ્વારા તાજી થાય છે. ગુરુ જુદી જુદી આજ્ઞાઓ આપી શિષ્યને કેળવે છે. તે ચકમકના જેવી ઘટના ગણાય. ગુરુ કહે તે પ્રમાણે ક્રિયાઓ શ્રધ્ધાપૂર્વક કરનાર શિષ્યના મનમાં એક દિવસ પ્રકાશ પથરાય જાય છે. બ્રહ્મ અગ્નિ એટલે આત્મજ્ઞાનનો અગ્નિ. તે અગ્નિના તણખા મન રૂપી રૂમાં લાગી

જાય છે. એટલે મન રૂપી રૂ સળગવા લાગે છે. મનની મલિનતા તે દ્વારા સળગી જાય છે. મનની ઘણી મલિનતાઓ સંશયો દ્વારા પેદા થયેલી હોય છે. તે સંશયોને કારણે માનસિક સંતાપો વધી જતા હોય છે. પરંતુ મન રૂપી રૂ સળગવા લાગે, એટલે જે મન સંશયગ્રસ્ત રહેતું હોય ને સંતાપો અનુભવતું હોય તે મન આત્મલક્ષી બને. મન પોતે અમન બનવા લાગે. ચંચળતાનો લોપ થાય. ત્યાર પછી મનનો આત્મામાં લય થાય એટલે સંશયો રહે જ કયાં ? તે અવસ્થા મનની શુદ્ધ અવસ્થા ગણાય. આ દૃષ્ટિથી સાહેબ કહે છેઃ-

**સંશય શોક સકલ ભ્રમ જારા**
**પાંચ પચ્ચીસો પરગટ મારા**
**દિલકા દર્પણ દુવિધા ખોઈ**
**સૌ વૈરાગી પક્કા હોઈ.-૧૩**

અર્થાત્ આત્મજ્ઞાનના અગ્નિમાં સઘળા સંશયો તથા સંતાપોને ભસ્મીભૂત કરી નાંખી મનને શુદ્ધ બનાવ ! તેમાં પ્રકૃતિના પચ્ચીસ તત્ત્વના બનેલા પંચમહાભૂતના શરીરના તમામ વિકારોને બાળી મૂકી શરીરને પણ શુદ્ધ કર! દિલના દર્પણ પરનો દ્વિધાઓનો મેલ સાફ થઈ જવાથી મનમાં જાગેલો વૈરાગ્ય પરિપકવ બને છે.

ગુરુના સાંનિધ્યથી આત્મજ્ઞાનની પ્રાપ્તિનો લહાવો શિષ્યને મળે છે તે તેનું મહાન સદ્ભાગ્ય ગણાય. જેમ જેમ મન બહિર્લક્ષી મટીને અંતર્મુખી બનતું જાય તેમ તેમ શિષ્યના હૃદયમાં ગુરુ માટેની ભકિત પ્રબળતમ બનતી જાય છે. ગુરુની કૃપા ધીમે ધીમે તેના પર વરસવા માંડે છે અને તેના સંશયો સમૂળગા છેદાતા જાય છે. એક ધન્ય ક્ષણે આત્મ સાક્ષત્કારનો અનુપમ ને અદ્ભૂત અનુભવ તેને થાય છે એટલે તેના તન ને મન બંને પવિત્ર બની જાય છે. તન ને મન પવિત્ર થઈ જાય તે તો માનવજન્મનો સર્વોતમ લાભ ગણાય. આ રીતે સદ્ગુરુ વિના આધ્યાત્મિક ક્ષેત્રે આગળ વધી શકાતું નથી.

અહીં કબીર સાહેબે દિલના દર્પણની વાત કરી છે. દિલના દર્પણ પર મેલ મનના વિચારોને કારણે એકઠો થયા કરતો હોય છે. સંશયો પણ વિચારો જ છે. નિંદા ને કુથલી પણ વિચારો જ છે. મનમાં હર ક્ષણે વિચારોના પરપોટાઓ જાગ્યા કરે છે. જે વિચારો ઉદ્ભવે છે તે એક સરખા તો હોય જ નહિ. તે કયારેક સારા પણ હોય ને કયારેક નરસા પણ હોય. વિચારોનું સ્વરૂપ સાત્ત્વિક પણ હોય રાજસિક કે તામસિક પણ હોય. મન સાત્ત્વિક અવસ્થામાં હોય તો સાત્ત્વિક વિચારો જ ઉદ્ભવે તે સ્વાભાવિક ગણાય. સાત્ત્વિક અવસ્થામાં ઉદ્ભવતા વિચારોથી માનવ

દ્વારા કલ્યાણકારી કામો થાય જ. કેટલીક વાર નરસા ને ભયંકર વિચારોની પણ ભરતી ચઢતી હોય છે. ત્યારે તેવા વિચારોના પ્રભાવથી માનવ દ્વારા અશુભ કાર્યોની વણજાર ઊભી થઈ જતી હોય છે. ત્યારે માનવ નિંદાને પાત્ર પણ થઈ જાય છે. આ કારણે માનવે સારા વિચારો કરવાની જ ટેવ પાડવી જોઈએ. એવી ટેવથી સાત્ત્વિક અવસ્થામાં મન સ્થિરતા ધારણ કરતું થઈ જાય છે. મનમાં દ્વિધા થાય તે પણ એક અવસ્થા જ છે. કરું કે નહી કરું એવી જયારે મૂંઝવણ માનવ અનુભવે છે ત્યારે તે દ્વિધા કહેવાય. તે અવસ્થાને પણ મનની સુટેવ બદલી શકે છે. વિચારોને દૂર કરવા માટે તેના વિરુદ્ધના વિચારો કરવા પડે. વિચારો દ્વારા વિચારોને દૂર કરી શકાય છે. કાંટાને જેમ કાંટાથી દૂર કરી શકાય છે તેમ અશુભ વિચારોને શુભ વિચારો કરીને દૂર કરી શકાય છે. તેથી દ્વિધાને પણ સાત્ત્વિક વિચારોની સુટેવથી દૂર કરી શકાય છે. દિલના દર્પણ પર દ્વિધાની પણ ધૂળ ભેગી થતી હોય છે. આ બધી ધૂળ વિચારોની હોવાથી તે સદ્‌વિચારો દ્વારા સાફ કરી શકાય છે. મનમાં રાગ વ્યાપક રીતે રહેલો હોય છે. તેને પણ વિરાગમાં પલટી શકાય છે. તે અવસ્થામાં વિવેક જ્ઞાન તો જાગૃત હોય જ. વિરાગ જાગે તો મનમાં રહી સહી મેલની રજકણો પણ વિવેક જ્ઞાનને કારણે સાફ થઈ જતી હોય છે. વૈરાગ્ય એ રીતે પરિપકવ અવસ્થા પર પહોંચી જાય છે ત્યારે દિલનું દર્પણ એકદમ શુદ્ધ બની જાય છે. આ રીતે મન શદ્ધ બને તો જ દિલનું દર્પણ પણ શુદ્ધ બને છે. મનની શુદ્ધતા પરમાત્માને ખૂબ ગમે છે. તેવી અવસ્થામાં પહોંચેલાને માટે પ્રભુ ગુપ્તતાના પડદાઓ ખોલી નાખે છે. પ્રભુ દર્શનની બારી ઉઘડી જાય છે. સાહેબે સાખીમાં સ્પષ્ટ કહી દીધું છેઃ-

**કબિરા મન નિર્મલ ભયો, જૈસે ગંગાનીર**
**પાછે પાછે હરિ ફિરે કહત કબીર કબીર !**

અર્થાત્ ગંગાના પવિત્ર પાણીની માફક મારું મન જયારે નીતરું ને નિર્મળ બની ગયું ત્યારે ખુદ પ્રભુ પોતે કબીર કબીર કહીને પાછળ પાછળ ફરવા લાગ્યા!

ગંગાનું પાણી પવિત્ર ખરું પણ એવું પવિત્ર કે તેને કદી કોઈ અપવિત્ર કરી શકે નહી. તેમાં વિકાર પેદા થતો નથી. ગટરનું ગંધાતું પાણી તેમાં નાંખો તો પણ ગટરનું પાણી ગંગાનું પાણી જ થઈ જતું હોય છે. એ પ્રમાણે મારું મન પવિત્ર થઈ ગયું. તેમાં ફરી પાછો વિકાર પેદા થાય જ નહી. તેથી સાક્ષાત્ પ્રભુ પોતે આનંદિત થઈને પાછળ પાછળ ફરવા લાગ્યા ! મતલબ કે તેવા પવિત્ર મનવાળી વ્યકિત પરમાત્મામય બની જતી હોય છે. તેવી વ્યકિતનું વ્યકિતત્વ જ એવું પ્રભાવશાળી હોય છે કે ગમે તેવી ખરાબ વ્યકિત પણ તેના સંપર્કમાં આવવાથી એકાએક સુધરી

જતી હોય છે. મનની પવિત્રતા કોને પસંદ ન પડે ? આખી દુનિયાને મનની પવિત્રતા તો ગમતી જ હોય છે. તેથી પવિત્ર માનવાળી વ્યકિત મહાન પૂજનીય ગણાય !

શુન્યા મહલમેં ફેરી દેઈ
અમૃત રસકી ભિક્ષા લેઈ
દુઃખ સુખ મેલા જગકા ભાઉ
તિરવેણીકે ઘાટ નહાઉ-૧૪

અર્થાત્ વૈરાગ્યના પાકા રંગે રંગાયેલું પવિત્ર મન પરમ શકિતના નિવાસ ગણાતા શૂન્ય રૂપી મહેલમાં આંટાફેરા મારવા લાગે છે અને અમૃત રસની ભિક્ષા પ્રાપ્ત કરે છે. જગતના બજારે તો સુખ દુઃખનો મેળો સદાયે ભરાયેલો જ રહે છે પરંતુ જે ત્રિવેણી સંગમમાં સ્નાન કરે છે તેને તે મેળો અસર કરી શકતો નથી.

શૂન્ય મહલ શબ્દ અહીં વિશિષ્ટ વાતનો નિર્દેશ કરતો હોય તેમ જણાય છે. મહેલમાં કોણ નિવાસ કરે ? સામાન્ય વ્યકિતનું તો તેમાં કામ જ નહિ. અસામાન્ય વ્યકિત કે જે પવિત્ર ને પરમ તરીકે પૂજાતી હોય તે જ તેમાં રહી શકે. આ શરીરને અહી મહલ તરીકે ઓળખાવ્યું છે. કારણ કે તેમાં સાક્ષાત પ્રભુનો વાસ છે. શરીરમાં પરમાત્માનું જયાં નિવાસ સ્થાન છે તે ચોકકસ જગ્યાએ 'શૂન્ય' કહીને નિર્દેશ્યું છે. શૂન્ય શબ્દને સમજવા માટે તો યોગશાસ્ત્રની પાસે જવું પડશે. આ શરીરમાં શકિતનાં અનેક કેન્દ્રો આવેલાં છે. તે કેન્દ્રોનો આકાર કમળ જેવો હોવાથી તેને કમળ કહીને ઓળખાવે છે. તેને સામાન્ય ભાષામાં ચક્ર પણ કહેવામાં આવે છે. આંખની ભ્રમરોની નીચેના ભાગને પિંડ કહેવામાં આવે છે અને તેની ઉપરના ભાગને બ્રહ્માંડ કહેવામાં આવે છે. આ રીતે શરીરના બે ભાગો પાડીને શરીરમાં રહેલી શકિતને સમજાવવામાં આવી છે. પિંડના છ કમળો છે : મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, હૃદય, વિશુદ્ધ અને આજ્ઞા. એ જ રીતે બ્રહ્માંડના પણ છ ચક્રો અથવા કમળો છે : સહસ્ત્રાર કમળ, બ્રહ્મ કમળ, પારબ્રહ્મ, શૂન્ય કમળ, મહા શૂન્ય અને સતલોક. આ રીતે શરીરના પગથી બ્રહ્મરંધ્ર સુધીના વિસ્તારને બે ભાગમાં વહેંચી નાંખી કુંડલિની શકિતના જુદા જુદા કેન્દ્રોની યોગી લોકોએ સમજણ આપી છે. કુંડલિની એટલે કુંડાળામાં બેઠેલી શકિત. સાપ આરામ કરે ત્યારે કુંડાળામાં બેસે. ગૂંચળું વાળીને સાપ મોઢાંને નીચે રાખીને વિશિષ્ટ રીતે આરામ કરતો હોય છે. શરીરમાં જે શકિત છે તેવી જ રીતે ગૂંચળુ વાળીને અધોમુખી દશામાં સૂતેલી છે. ગૂંચળુ સાડા ત્રણ આંટાનું હોય છે. આ કારણે જ તે શકિતને કુંડલિની કહી છે.

સૂતેલી આ શકિત જયારે જાગે છે ત્યારે તે અધો મુખી હતી તેને

બદલે ઉર્ધ્વમુખી થઈ જાય છે. જાગીને તે ગતિશીલ બની જાય છે. મૂલાધાર કમળમાં તે સૂતેલી અવસ્થામાં રહે છે. જાગૃત થયા પછી તે ઉર્ધ્વમુખી થઈને ઉપરને ઉપર જવા ગતિ કરે છે. મૂલાધાર કમળ બંધ હતું તે જાગૃત થવાથી બંધકમળ ખૂલી જાય છે. મૂલાધાર કમળને વીધતી તે શકિત સ્વાધિષ્ઠાનમાં પ્રવેશે છે. તેના સ્પર્શથી વારાફરતી બધાં જ કમળો ખૂલતાં જાય છે અને તમામ કમળોને વીધતી બ્રહ્માંડમાં પહોચેં છે. બ્રહ્માંડના કમળોને પણ વીધતી તે શકિત અંતિમ કમળ સતલોકમાં પ્રવેશે છે. ત્યાં શિવનો વાસ હોવાથી જીવ રૂપ શકિતનો શિવ સાથે મેળાપ થાય છે. તે દશામાં જીવ શિવરૂપ બની જાય છે. આ રીતે યોગી લોકો કુંડલિની શકિતને સમજાવે છે. 'શૂન્ય' શબ્દ આ રીતે યોગની પરિભાષાનો ગણાય. મહેલના બહારના દરવાજાને 'શૂન્ય' કમળ કહ્યું છે અને મહેલના અંદરના દરવાજાને 'મહાશૂન્ય' કમળ કહ્યું છે. મહેલના અંતરિયાળને સતલોક કહીને ઓળખવામાં આવે છે. શકિત પિંડમાં હોય ત્યાં સુધી વૈરાગ્ય કાચો ગણાય છે. બ્રહ્માંડમાં પ્રવેશે એટલે વૈરાગ્યનો રંગ પાકો બની જાય છે. પિંડને બ્રહ્માંડની વચ્ચે ત્રિવેણીનું સ્થાન છે. ઈડાનાડી, પિંગલા નાડી અને સુષુમ્ણા નાડીનો ત્યાં સંગ થતો હોવાથી ત્રિવેણી સંગમ કહેવાય છે. પિંડના છેલ્લા ચક્ર આજ્ઞાચક્રના સ્થળે ત્રિવેણી સંગમ થાય છે. ત્રિવેણીમાં સ્નાન કર્યા પછી મન પવિત્ર બની જાય છે અને વૈરાગ્ય પરિપકવ બને છે. મનની પવિત્રતા અને વૈરાગ્યની પરિપકવતા મહેલમાં પ્રવેશ મેળવવાની યોગ્યતા લેખાય છે. જે પ્રવેશે છે તેને અમૃત રસની ભિક્ષા પ્રાપ્ત થાય છે.

અમૃત રસની ભિક્ષા મેળવનાર જીવ પ્રભુનો કૃપાપાત્ર ગણાય. તે અવસ્થામાં જગતને જોવા માણવાની તેની દૃષ્ટિમાં સમૂળગો ફેરફાર થઈ જતો હોય છે. સુખ-દુઃખના મેળાની તેને સહેજ પણ અસર થતી નથી હોતી. સુખ દુઃખના ક્રમને તે બરાબર સમજે છે. સુખમાં તે કદી છકી જતો નથી અને દુઃખમાં તે કદી ડરી જતો નથી. સુખમાં કે દુઃખમાં તેનું મન સ્વસ્થ રહેતું હોય છે. જે દેહ ધરીને આવે છે તે તમામ જીવોએ સુખ દુઃખના મેળામાં સહેલ કરવી પડે છે. ત્રિવેણીમાં જે સ્નાન કરે છે તેની સ્થિતિ સાવ જુદી જ થઈ જાય છે. તેના મનનો લય આત્મતત્ત્વમાં થઈ જતો હોવાથી તે એકદમ પવિત્ર બની જાય છે. તે અલિપ્ત બની જાય છે. અશુદ્ધ અને અપવિત્ર મનવાળાને આ સુખદુઃખનો મેળો કાયમ રડાવે છે અને કૂટાવે છે. કારણ કે તેવી અવસ્થામાં ઈચ્છાને તૃષ્ણાનો અંત નથી હોતો. તે અવસ્થામાં કોઈને તૃપ્તિ જ નથી. તેથી અતૃપ્ત જીવને વારંવાર જન્મ લેવાની ફરજ પડે છે. અતૃપ્ત મન જ

જન્મમરણનું કારણ છે. પરંતુ ત્રિવેણીમાં સ્નાન કરવાનો જેણે લહાવો લૂટયો છે તેનું મન તૃપ્તિનો અનુભવ કરે છે. તેની ઈચ્છા ને તૃષ્ણાનો અંત આવી જાય છે. દેહભાવમાંથી તે ઉપર ઊઠે છે. આત્મભાવમાં કાયમ સ્થિતિ થતી હોવાથી તે કર્મ કરે છે, છતાં કર્મ કરતો નથી એવી દશામાં રહે છે. ત્રિવેણી સંગમમાં સ્નાન કરવાનો આ સર્વોત્તમ લાભ યોગી પ્રાપ્ત કરીને જન્મ મરણના દુ:ખદાયી આંટાફેરામાંથી કાયમને માટે છૂટકારો મેળવે છે. અમૃત રસની ભિક્ષા પ્રસન્નતાપૂર્વક તે યોગી આરોગે છે ને પરમ સુખને જીવતા જીવત માણે છે.

દેહભાવમાં પણ હૃદય ભક્તિભાવથી ભીજાયેલું રહે છે. દેહભાવ જયારે સાવ ઓસરે ત્યારે આત્મભાવમાં મનની સ્થિતિ થઈ જાય છે. મતલબ કે મન આત્મભાવમાં લીન થઈ જાય છે. બંને અવસ્થા અનુભવથી સમજાય છે. દેહભાવમાં મન હોય ત્યારે ભેદનું જ દર્શન થાય છે. વિચારો પણ ભેદવાળા જ સ્ફુરે છે. પરંતુ જયારે મન આત્મભાવમાં હોય ત્યારે અભેદનો અનુભવ થતો હોય છે. કયાંય ભેદ જણાય નહિ. બધે જ આત્મતત્ત્વની વ્યાપકતાનો અનુભવ થાય છે. રામાયણમાં ભગવાન રામે હનુમાનને પૂછયું હતું ત્યારે હનુમાને પોતાની સ્થિતિ જણાવતાં હહ્યું હતું કે જયાં સુધી હું દેહના ભાવમાં હોઉં છું ત્યાં સુધી હે પ્રભુ ! હું તમારો દાસ છું. તમારી સેવા ચાકરી કરવાની તમન્નાવાળો એક સેવક છું. પરંતુ જયારે મારી સ્થિતિ આત્મભાવમાં થઈ જાય છે ત્યારે હે પ્રભુ! તમે તે જ હું ને હું તે જ તમે ! એવો અભેદનો અનુભવ હનુમાન પણ કરતા હતા.

ત્રિવેણી સંગમમાં સ્નાન કર્યાથી મનની સ્થિતિમાં આ રીતે અનુભવ થતા રહે છે. અનુભવનો લહાવો લૂંટીને મન અસાધારણ શક્તિવાળું બની જાય છે. દુનિયાની કોઈ તાકાત તેને તે સ્થિતિમાંથી વિચલિત કરી શકતી નથી. વિચલિત થાય છે, તેણે ત્રિવેણીમાં સ્નાન કરવાનો લહાવો લીધો નથી અને અનુભવના અમૃતને પીને શક્તિથી સંપન્ન તે થઈ શકયો નથી એમ સમજવું. ઈન્દ્રની રંભા તેના પર કામણ કરી શકે અને સ્વર્ગની અપ્સરાઓ તેનું પતન કરી શકે. પુરાણોમાં આવી કથાઓ અનેક છે કે જે તપસ્વીઓના તપનો ભંગ કરાવી પતનની ખીણમાં ગબડી પડયાના દૃષ્ટાંતો પૂરા પાડે છે. ત્રિવેણીના સ્નાનનું મહત્ત્વ તે કથાઓમાં પણ આડકતરી રીતે વર્ણવામાં આવ્યું હોય છે. તેના રહસ્યને સમજવા માટે થોડી મહેનત વધુ કરવી પડે એટલું જ. અહીં કબીર સાહેબ સાધકની એક

ચોક્કસ અવસ્થાનો નિર્દેશ ત્રિવેણી સંગમના સ્નાન દ્વારા કરી રહ્યા છે તે સમજાય છે.

ત્રિવેણીના આ ઘાટને વ્યવહારની ભાષામાં ત્રીજી આંખ પણ કહેવામાં આવે છે. યોગની વ્યવસ્થિતપણે કરેલી ક્રિયાઓથી આ ત્રીજી આંખ, જે સૂક્ષ્મ છે અને કાયમ બંધ અવસ્થામાં રહેલી છે તે, ઉઘડી જતી હોય છે. આ ત્રીજી આંખ જ્ઞાનની આંખ તરીકે ઓળખાય છે. કારણ કે તે ઉઘડે ત્યારે જ્ઞાનનો સૂર્યોદય થયો હોય તેવું અજવાળું અંતરમાં પથરાય જાય છે. જ્ઞાનોદયની પ્રભા જીવનમાં ભારે પરિવર્તન આણે છે. અજ્ઞાનની અવસ્થામાં માણસને પોતા વિષે ખાસ કાંઈ ખ્યાલ હોતો નથી. પોતાના સ્વરૂપને તે જાણતો નથી. ખરેખર તો સ્વરૂપની વિસ્મૃતિને જ અજ્ઞાન અવસ્થા કહેવામાં આવે છે. જ્ઞાનની આ ત્રીજી આંખ ઉઘડી જવાથી માણસને પોતાના સ્વરૂપની સ્મૃતિ થાય છે. વિસ્મૃતિની અવસ્થામાં માણસ સંસારના પદાર્થોની મોહિનીમાં રમમાણ રહેતો હોય છે. સ્મૃતિ થતાં તેનો મોહ નષ્ટ થતો હોય છે. આ રીતે સ્વરૂપની સ્મૃતિ તે જ્ઞાન અને સ્વરૂપની વિસ્મૃતિ તે અજ્ઞાન. સ્વરૂપમાં મનની સ્થિતિ થવી તે આધ્યાત્મિક જગતની સર્વોતમ સિદ્ધિ ગણાય. એવી સિદ્ધિ પ્રાપ્ત કરનાર નિર્વાણપદનો અધિકારી જીવ કહેવાય. તેથી સદ્‌ગુરુ કહે છે.

**તન મન શોધ ભયા જબ જ્ઞાના**
**તબ લખ પાવે પદ નિરબાના**
**અષ્ટ કમલ દલ ચક્ર સૂઝે**
**જોગી આપ આપમેં બૂઝે. - ૧૫**

અર્થાત્ જયારે શરીર ને મન શુદ્ધ થાય છે ત્યારે જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તે જ્ઞાન જીવને મુકિત પદ પર આરૂઢ કરી દે છે. જે યોગી આઠ પાંખડીવાળા કમળને પાર કરી જાય છે તેને પોતાના સ્વરૂપની ઝાંખી થઈ જાય છે.

જ્ઞાનની પ્રાપ્તિ માટે ઘણી બધી મથામણ કરવી પડે છે તેનું ભાન સાહેબની વાણીથી સૌ કોઈને થાય છે. ભૌતિક જ્ઞાન જે પુસ્તકોમાં શબ્દબદ્ધ છે તે મેળવવા માટે પણ સખત મહેનત કરવી પડે છે તે સૌ કોઈના અનુભવની વાત છે. આધ્યાત્મિક જ્ઞાન એટલે સ્વરૂપનું જ્ઞાન પણ સરળતાથી થતું નથી. કપરી સાધના કર્યા પછી તે પ્રાપ્ત થતું હોય છે. ભૌતિક જ્ઞાનથી સંતોષ નથી થતો ત્યારે ઘણા વિદ્વાનો યુનિવર્સિટીની સર્વોચ્ચ પદવી પ્રાપ્ત કર્યા પછી સંન્યાસી બનીને આધ્યાત્મિક માર્ગે પ્રયાણ કરતા હોય છે. તેમણે મેળવેલું ભૌતિક જ્ઞાન માહિતી સભર જરૂર હતું છતાં તે લોકોને તેથી સંતોષ

થયો નહિ. પરાજ્ઞાન આધ્યાત્મિક માર્ગે પ્રયાણ કરનારને પ્રાપ્ત થાય છે તે જ્ઞાન ન મળે ત્યાં સુધી નિર્વાણપદની પ્રાપ્તિ પણ થતી નથી. આવા જ્ઞાનને ગીતામાં શ્રી કૃષ્ણ મહત્ત્વ આપે છે. **ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।** અર્થાત્ આ વિશ્વમાં જ્ઞાનના જેવી પવિત્ર બીજી કોઈ ચીજ નથી. શ્રી કૃષ્ણ કહે છે કે આવું જ્ઞાન મેળવવા માટે લોખંડી શ્રદ્ધા જોઈએ. જો શ્રદ્ધા કાચી હોય તો દસ ડગલાં ચાલીને માર્ગ પણ છોડી દેવામાં જીવ ખંચકાટ અનુભવતો નથી. લૂલી પાંગળી શ્રદ્ધાથી પરા વિદ્યાની પ્રાપ્તિ થઈ શકતી નથી. તેથી ગીતામાં કહ્યું છે કે **श्रध्धावान लभते ज्ञानं ।** શ્રધ્ધાથી સભર હોય તે જ જ્ઞાન મેળવી શકે. તેથી સાહેબ જે યોગની ક્રિયાઓને મહત્ત્વ આપી રહ્યા છે તે યથાર્થ છે. યોગને યોગની ક્રિયાઓ નકામા નથી. તે માત્ર કસરત પણ નથી. આધ્યાત્મિક ક્ષેત્રે પ્રગતિ કરવાની તે ચાવીઓ છે. ક્રિયાઓથી શુદ્ધિકરણની ક્રિયા થાય છે અને શુદ્ધિકરણ થયા પછી યોગ્યતા નિર્માણ થાય છે ત્યાં સુધીની સાધના શ્રધ્ધા વિના કેવી રીતે થઈ શકે ? ખરેખર તો સાહેબ કહે છે તેમ શ્રધ્ધા અને લગન બંને જોઈએ. તેથી શાસ્ત્રો કહે છે કે

**महाभूतानि तत्त्वानि संभूतानि क्रमेण तु ।**
**सप्तधातुमयो देहो दग्धो योगाग्निना शनैः ॥**

અર્થાત્ પંચમહાભૂતના આવિર્ભાવ પામેલા તત્ત્વોને અને સાત ધાતુઓના બનેલા પાર્થિવ શરીરને યોગના અગ્નિમાં યોગીઓ પ્રજાળી દેતા હોય છે અને તે દ્વારા અણિશુદ્ધ બની જતા હોય છે. મતલબ કે માતપિતાના રજવીર્યથી બનેલા શરીરમાં તેઓ સમૂળગું પરિવર્તન કરી દે છે. યોગના અગ્નિમાં તે શરીરને જાણે કે ભસ્મીભૂત કરી દે છે અને નવા દિવ્ય શરીરની જાણે કે પ્રાપ્તિ કરે છે. તેથી શરીરમાં રહેલા તમામ પ્રકારના વિકારો અને કર્મ સંસ્કારોના બીજ બળીને ખાખ થઈ જાય છે. શરીરના કોષો નવું જીવન ધારણ કરતા હોય છે. તેથી આ નવીન દિવ્ય શરીરની શકિત ને ક્ષમતા અનેક ગણી વધારે હોય છે. તેવી શુદ્ધ અવસ્થામાં જ પરા જ્ઞાનનો સૂર્યોદય થાય છે. તે અવસ્થામાં પહોંચેલા જ્ઞાની યોગીને નિમ્ન પ્રકૃતિનું જરા પણ ખેંચાણ રહેતું નથી. બલ્કે તેને હજી વધુ ઊંચે જવાનું જ આકર્ષણ રહે છે. ગુરુત્વાકર્ષણનો નિયમ ધરતીથી અમુક ચોકકસ ઊંચાઈ સુધી જ કામ કરે છે. તેટલી ઊંચાઈએ પહોંચેલો માનવ નીચે પટકાયા વિના રહેતો નથી. પરંતુ નિયત ઊંચાઈને તે જો વટાવી જાય તો તેને ગુરુત્વાકર્ષણનો નિયમ લાગુ પડતો નથી.

તેનું પતન થતું નથી. તેવી જ રીતે મનની સ્વરૂપમાં સ્થિતિ થઈ જાય પછી તે મનને ઈન્દ્રિયાદિના આકર્ષણની અસર થતી નથી. પાર્થિવ જગતના પદાર્થોની કોઈ કામના કે ઝંખના થતી નથી. તે જીવનમુકત દશાના પરમ આનંદને ભરપટ્ટે માણે છે. મરણ પછી મુકિતનું શું મહત્ત્વ ? જીવતા જીવન દરમ્યાન જ મુકિતનો અનુભવ માણી લેવો જોઈએ. બધા જ સંત પુરુષો જીવનમુકિતને જ મહત્ત્વ આપે છે. સદ્‌ગુરુ કબીર સાહેબ પણ સ્પષ્ટ કહે છે.

**મૂએ પીછે મતમિલૌ કહૈ કબીરા રામ,**

**લોહા માટી મિલ ગયા તબ પારસ કેહિ કામ ?**

અર્થાત્ કબીર કહે છે કે હે રામ પ્રભુ, મરણ પછી મને તમે મળવા માંગતા હો તો મને મળશો જ નહિ ! કારણ કે લોખંડની માટી થઈ જાય પછી પારસમણિ મળે તેનો શો ઉપયોગ ? તે પારસમણિ લોઢાનું અસ્તિત્વ રહેલું હોય તો જ વાપરી શકાય છે. મર્યા પછી આ શરીર રૂપી લોઢું પોતાનું અસ્તિત્વ ગુમાવી દે છે. શરીરને અગ્નિ સંસ્કાર કરવામાં આવે તો તેની રાખ થઈ જાય છે. જો દાટી દેવામાં આવે તો માટી થઈ જાય છે. આ શરીર રૂપી લોઢું રહેતું જ નથી. તેથી તમે પારસમણિ રૂપ મરણ પછી જ મળો તો તેનો કશો ઉપયોગ જણાતો નથી. તેથી જીવતા આ જીવન દરમ્યાન જ અમારે તમારાં મંગલમય દર્શન કરવાં છે અને જીવનમુકિતનું મહાસુખ માણવું છે. તેથી સદ્‌ગુરુ જીવનમુકિતનો મહિમા કરવા કહે છે :

**અષ્ટકમલદલ ચક્ર સૂઝે**

**યોગી આપ આપમેં બૂઝે**

અહીં આઠ પાંખડીવાળા કમળને પાર કરી જનાર યોગીને પોતાના સ્વરૂપની ઝાંખી થાય છે. તેથી તે આનંદિત થઈ જાય છે. જીવનમુકત થવાને તે ઉતાવળો બની જાય છે. ઝાંખી થયા પછી સાક્ષાત્કાર કરવા માટે અતિશય આતુર બની જતો હોય છે. જયાં સુધી સાક્ષાત્કાર ન કરે ત્યાં સુધી તે નિર્વાણ પદનું પરમ સુખ માણી શકતો નથી. અહીં 'અષ્ટકમલદલ' શબ્દ યોગની પરિભાષાનો છે. હવે પછીની પંકિતઓમાં યોગની પરિભાષાનો સાહેબે ભરપટ્ટે ઉપયોગ કર્યો છે. તેથી યોગવિદ્યા માટેનો તેમનો અભિગમ એકદમ સ્પષ્ટ થઈ જાય છે. ચોકકસ પ્રકારની મનને કેળવણી આપવા માટે યોગની આવશ્યકતા છે. તે તો વર્તમાનકાળમાં પણ આખું જગત સ્વીકારતું થઈ ગયું છે. તે જ સંદર્ભમાં અહીં સાધક જીવને ઉપદેશ આપવા યોગનો મહિમા દર્શાવી રહ્યા છે. અહીં આંઠ પાંખડીવાળા

કમળની જેમ સાહેબે વાત કરી છે તેમ બધાં જ કમળો શકિતના કેન્દ્રો છે અને તે દરેક કમળને ચોકકસ સંખ્યામાં પાંખડીઓ પણ છે. તે કમળ શરીરમાં કયાં આવ્યું છે અને તેની કેટલી પાંખડીઓ છે તેની વિગત પરિશિષ્ટમાં (પુસ્તકને અંતે) આપી છે તે રસધરાવનારે જોઈ લેવી. અહીં આઠ પાંખડીવાળું કમળ કહ્યું છે. તેને યોગશાસ્ત્રમાં મણિપુર ચક્ર કહ્યું છે. તે દૂંટીના ભાગે આવેલું છે. ગુદાની પાસે પહેલું ચક્ર તે મૂલાધાર ને બીજું ચક્ર તેનાથી ચાર આંગળ ઉપરના ભાગે તે સ્વાધિષ્ઠાન. મણિપુરુ તો ત્રીજું ચક્ર છે. કુંડલિની શકિત જાગૃત થાય પછી આ બધાં ચક્રોને વીધતી ઉપરને ઉપર જતી હોય છે. મણિપુર ચક્રને વીધે ત્યારે યોગીને પોતાના સ્વરૂપની ઝાંખી થાય છે. આ એક વિશિષ્ટ પ્રકારનો અનુભવ કહેવાય છે. આ રીતે દરેક કેન્દ્રોને વીધે છે ત્યારે યોગી જુદા જુદા અનુભવોમાંથી પસાર થાય છે. અનુભવો યોગીને આગળ વધારવામાં પ્રોત્સાહિત કર્યા કરે છે.

કબીરવાણીના અભ્યાસીને યોગની પરિભાષાનો પરિચય થયા વિના રહેતો નથી. ઘણાં પદોમાં ગંગા જમુના, ઈંગલાં, પિંગલાને સુષુમ્ણા અને ચંદ્ર, સૂર્યની વાત વારંવાર વાંચવા મળે છે. ઘણી જગ્યાએ 'ગગનમંડળ' શબ્દપ્રયોગ પણ વારંવાર થયો છે. ગગનમંડળ બે ભ્રમરોની ઉપરના ભાગથી શરૂ થાય છે અને બ્રહ્મરંધ્ર સુધી તેનો વિસ્તાર હોય છે. ગગનમંડળમાં છ ચક્રો આવેલાં છે તે આપણે અગાઉ વિચારી ગયા છીએ. એક પદમાં તો આ બધાં જ શકિતનાં કેન્દ્રોની વિગતો કબીર સાહેબે આપી છે. તે પદ પરિશિષ્ટ -૨ માં પુસ્તકને અંતે આપ્યું છે. અહીં આંઠ પાંખડીના કમળની વિગત દર્શાવતા તેમણે કહ્યું છે કે

**નાભિ અષ્ટકમલદલ સાજા**
**સિંહાસન વિષ્ણુ બિરાજા**
**જાપ હિરિંગ તાસુ સુખ ગાજા**
**લછમી શિવ આધારા હૈ !**

અર્થાત્ નાભિ (દૂંટી) પ્રદેશમાં એક આઠ પાંખડીનું કમળ છે. ત્યાં સફેદ એક સિંહાસન છે. તેના પર વિષ્ણુ બેઠા હોય છે. હ્રીમ નામનો બીજ મંત્ર ત્યાં સદાયે ગુંજારવ કરતો રહે છે. ત્યાં લક્ષ્મીદેવી ને શિવના આસન પણ છે. માટે હે જીવ ! તું તારી આંખોથી આ શરીર રૂપી મહેલમાં પ્રભુ પ્રિયતમના દર્શન કરી લે, આ રીતે મણિપુર ચક્ર સુધીની યાત્રા કરનાર યોગીને કેવો ને કેટલો લાભ પ્રાપ્ત થાય છે તેનું માર્મિક વર્ણન કર્યુ છે. સૌથી મોટો લાભ

પોતાના સ્વરૂપની ઝાંખી થાય તે કહેવાય. અહીં 'આપ આપમૈં બૂઝે' શબ્દોમાં તે લાભ વર્ણવાયો છે. બૂઝે ક્રિયાપદ ઘણું કહી જાય છે. બૂઝવું એટલે તો હોલવાઈ જવું અથવા તો શાંત થઈ જવું. આપ એટલે અભિમાન. અભિમાન - અહંકાર અંતઃકરણનો એક ભાગ કહેવાય છે. અભિમાન હોય ત્યાં સુધી સ્વરૂપનો ખ્યાલ સુદ્ધા આવતો નથી. તો પછી ઝાંખી તો થાય જ કેવી રીતે ? અહંકાર જેમ જેમ ઓગળતો જાય તેમ તેમ પોતાના સ્વરૂપનો ખ્યાલ આવવા માંડે છે. પછી ઝાંખી પણ થાય છે. આ રીતે સ્વરૂપની સ્મૃતિ થવી એ આ અવસ્થાનો મોટામાં મોટો લાભ છે.

સંતો કહે છે કે આ શરીરમાં બોત્તેર હજાર નાડીઓ છે. તેમાંની ત્રણ નાડીઓ આધ્યાત્મિક લાભ લેવા માટે અત્યંત ઉપયોગી છે. ઈંગલા, પિંગલા અને સુષુમ્ણા. આ ત્રણે નાડીઓ પ્રાણ સાથે ગાઢ રીતે સંકળાયેલી છે. ઈંગલાને ચંદ્રનાડી ને પિંગલાને સૂર્ય નાડી પણ કહેવામાં આવે છે. કબીરવાણીમાં તો તે બંને નાડીને ગંગા-જમના પણ કહી છે. ગંગા જમનામાં સ્નાન કરનાર સર્વ પાપોમાંથી મુક્તિ મેળવે છે. તેમ આ બે નાડીઓ શરીર ને મનની શુદ્ધિ કરતી હોવાથી તેને કબીર સાહેબે ગંગા જમના કહી છે. આ ઈંગલા નાડી ડાબા નસ્કોરામાં છે ને પિંગલા નાડી જમણા નસ્કોરામાં છે. આ નાડી શ્વસન ક્રિયા સારી રીતે કર્યા કરે છે. સાધારણ રીતે દરેક વ્યક્તિ શ્વાસોશ્વાસ લે છે તે સંયમિત પ્રાણ નથી કહેવાતો. એક મિનિટમાં સાધારણ રીતે બધાં લોકો પંદરથી વીસ વાર શ્વાસ લે છે. પ્રાણાયામની ક્રિયા દ્વારા આ શ્વાસની ક્રિયા પર અંકુશ સ્થાપી શકાય છે. એક મિનિટમાં તે ક્રિયા માત્ર પાંચ વાર કે બે વાર થયા કરે તેવી અવસ્થામાં પહોંચી શકાય છે. તે સંયમિત પ્રાણની અવસ્થા ગણાય. આ રીતે પ્રાણાયામ દ્વારા પ્રાણને સંયમિત બનાવી યોગી પોતાની યાત્રા આગળ વધારી શકે છે. અહીં તેવા સંયમિત પ્રાણ વડે કુંડલિની શક્તિને જગૃત કરી શકાય છે અને તે કુંડલિની શક્તિ જુદા જુદા ચક્રોને વીંધતી ઉપર જાય ત્યારે યોગી જુદા જુદા દિવ્ય અનુભવોમાંથી પસાર થાય છે. તેનું સાહેબે વર્ણન કર્યુ છે. પ્રાણ સંયમિત બને તો મન પણ સંયમિત બને છે એવો યોગી લોકોનો અનુભવ છે. આ રીતે શરીરની શુદ્ધિ, મનની શુદ્ધિને પ્રાણની શુદ્ધિ પ્રાપ્ત કરનાર અલૌકિક ને દિવ્ય દર્શનોનો લાભ મેળવી શકે છે.

અગાઉ આપણે જોઈ ગયા કે શુદ્ધિકરણ થતાંની સાથે જ્ઞાનનો સૂર્યોદય થાય છે અને યોગી પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર કરી

ધન્યતાનો અનુભવ પણ કરે છે. પોતે કોણ છે તેનો સાચો ખ્યાલ આવી જતો હોવાથી સત્ અસત્‌ને બરાબર પરખી શકે છે અને તેનું સાચું મૂલ્યાંકન પણ કરી શકે છે. તેની તાત્ત્વિક દૃષ્ટિ ઈતરજનોને પણ ઉપયોગી થઈ પડે છે. તે પોતે શરીરમાં રહેલા અમૃતને પીવામાં સમર્થ હોય છે. અહીં તેનો નિર્દેશ કરતા સાહેબ કહે છે :

**ઈગલા પિંગલાકે દાર જાઈ**
**સુષમન નારી રહે ઠહરાઈ**
**ઓહં સોહં તત્ત્વ વિચારા**
**બંકનાલમેં કિયા સંભારા - ૧૬**

અર્થાત્ જયારે ઈંગલા નાડી પિંગલા નાડીમાં એકરૂપ થાય છે ત્યારે સુષુમ્ણા નાડી કાર્યરત બને છે, ત્યારે યોગી સોહં સોહંને તત્ત્વથી જાણી લે છે અને બંકનાલમાં પ્રવેશ કરે છે. અહીં 'બંકનાલ' શબ્દ પ્રયોજીને સાહેબે યોગની એક વિશેષ અવસ્થાનો નિર્દેશ કર્યો છે. બંકનાલ એટલે વાંકી નળી. તે હજાર પાંદડીના કમળને અડીને આવેલી છે. તેનો ઉપરનો છેડો મસ્તિકમાં રહેલા અમૃતકુંભ સાથે જોડાયેલો હોય છે. તેની નીચેનો છેડો મોઢામાં તાળવે જોડાયેલો રહે છે. આ વાંકી નળી દ્વારા યોગી અમૃતકુંભમાંથી સદા ટપકતું અમૃત પીયા કરે છે. અમૃતના આસ્વાદનથી યોગી ભૂખ-તરખ ને ઉંઘ પર વિજય મેળવે છે. 'રસ ગગન ગુફામેં અજર ઝરૈ' એ પદ સદ્‌ગુરુ કબીર સાહેબનું અતિ પ્રસિદ્ધ છે. તેમાં આ અમૃતરસનું સુંદર વર્ણન કર્યું છે.

કુંડલિની શકિત આજ્ઞા ચક્રને વેધીને સહસ્ત્રાર ચક્રમાં પ્રવેશે છે ત્યારે યોગીનું મન ત્રિવેણી સંગમમાં સ્નાન કરીને પવિત્ર બની ગયું હોય છે. મનનું પવિત્ર બની જવું એટલે મનના સ્વભાવનું સદંતર પરિવર્તન થઈ જવું. મન પોતે મન જ ન રહે પણ અમન બની જાય તો તેવું મન ઊંચામાં ઊંચું મન ગણાય. મનની તે શ્રેષ્ઠ સ્થિતિ ગણાય. તેવા મન વડે યોગી બંકનાલનો અનુભવ કરે છે. સહસ્ત્રારને વેધી શકિત બ્રહ્મચક્રમાં પ્રવેશ કરે ત્યારે બંકનાલમાંથી ઝરતા અમૃતરસનું પાન કરવાનો લહાવો યોગીને પ્રાપ્ત થાય છે. અમૃત રસના પાનથી યોગી દિવ્ય અનુભવ કરવા લાગે છે. દિવ્ય અનુભૂતિઓના પરિણામે યોગીનું મન ઉર્ધ્વગમનની યાત્રા માટે વધુ શકિતસંપન્ન બને છે. તેથી કબીરસાહેબ કહે છે.

**મનકો માર ગગન ચઢિ જાઈ**
**માન સરોવર પૈઠિ નહાઈ**
**અનહદ નાદ નામકી પૂજા**
**બ્રહ્મ વૈરાગ દેવ નહીં દુજા -૧૭**

અર્થાત્, યોગી પોતાના મનને મારી નાંખીને ગગનમંડળના બધાં

ચક્રોનો અનુભવ કરી મુકિતના માનસરોવરમાં સ્નાન કરે છે. ત્યાં ગુંજારવ કરતા અનાહત નાદના ધ્વનિમાં મનને પરોવી દઈને સત્ય સ્વરૂપની પૂજા કરે છે કારણ કે તે બ્રહ્મમય થઈ ગયેલા વૈરાગીને અન્ય દેવની પૂજા ગમતી નથી હોતી.

'મનકો માર' શબ્દ પ્રયોગ સમજવા જેવો છે. જો કે મનને મારી નાખવાની જાણે કે આજ્ઞા આપતા હોય તેમ અહીં ભાસ થાય છે. મન કોઈ સાકાર વસ્તુ નથી કે તેને મારી શકાય. છતાં તે નિરાકાર મન બધાંને જ નડતું હોય છે એવી ફરિયાદ સંભળાયા કરે છે. તો તેને કેવી રીતે મારી નાખવું એ સાધનાની મોટી સમસ્યા છે. જેઓ ત્યાગી ને સંન્યાસી છે તે ઉપવાસોની આકરી તપશ્ચર્યા કરી શકે છે. તેવી કઠોર સાધનાથી મનને નીરસ ને શુષ્ક બનાવી દેવાથી મનને મારવાની પ્રવૃત્તિ થઈ શકે છે. તેવી રીત ગૃહસ્થીને કામ નહિ આવે. કારણ કે તે કઠોર તપશ્ચર્યાથી શરીર નબળું પડી જતું હોય છે. ગૃહસ્થીને તો દૈનિક કાર્યોમાં ગૂંથાવું જ પડતું હોય છે. નબળું શરીર તેથી કામ ન કરી શકે. તેવી ક્રિયાથી મન પણ નબળું પડી જાય તો ગૃહસ્થીનું જીવન જ નકામું થઈ જાય. મનનું માધ્યમ તો મજબૂત હોવું જરૂરી છે. ભૌતિક સુખ માણવા માટે પણ મનની જ આવશ્કયતા પડે છે તેમ આધ્યાત્મિક સુખ માણવા માટે પણ મનની જ જરૂર જણાય છે. મન વિના આગળ વધવાનું કાર્ય પણ દુષ્કર છે. આ બધા કારણો વિચારીને કબીર સાહેબનો મધ્યમ માર્ગ મનને મારવાની જુદી જ યુકિત દર્શાવે છે. સદ્‌ગુરુ કબીર સાહેબની દૃષ્ટિએ મનને મારવું એટલે મનના સ્વભાવને પ્રેમપૂર્વક બદલી નાંખવું. મનનો સ્વભાવ ચંચળ છે. એક મિનિટમાં અનેક વિચારો તે કરે છે તે તેની શકિત ગણાય. આ શકિત ખોટી રીતે વેડફાઈ ન જાય તેની તકેદારી રાખવી જોઈએ. ખોટા વિચારો કરવાની કુટેવથી મનની શકિત વેડફાય જાય તેથી સારા વિચારો કરવાની સૌ પ્રથમ ટેવ પાડવી જોઈએ. સારા વિચારોથી મન પ્રસન્ન પણ રહી શકશે. પ્રસન્ન મનને પ્રેમથી સમજાવી શકાય છે. ચંચળતા દૂર થાય તેવી સમજણ મનમાં પેદા કરવા માટે વિચારોની જ સહાય લેવી પડશે. તેવા સદ્‌વિચારોની જ ટેવ પાડવી પડશે. ટૂંકમાં મનને વિચારોથી જ બદલી શકાય. વિચારો કરવા તેનું બળ ગણાતું હોવાથી સદ્‌વિચારો તેને વિશેષ બળ પૂરું પાડે છે. જપ, સ્વાધ્યાય ને ધ્યાનના સાધનો પણ મનને બદલી નાંખવા ઉપયોગી ઠર્યા છે. તે સાધનો દ્વારા ચિત્તની શુદ્ધિ થાય છે એવું અનુભવી પુરુષો પણ કહે છે. તેથી આકરી તપશ્ચર્યા કરવાને બદલે ગૃહસ્થી યોગીએ સદ્‌વિચારો દ્વારા મનમાં પરિવર્તન આણવાની મહેનત કરવી હિતાવહ છે.

'ગગન ચઢિ જાય' શબ્દો દ્વારા ઉદર્વગમનની મનની યાત્રાનો નિર્દેશ સમજવો જોઈએ. ગગન મંડળના બાકી રહેલા ચિક્રોને વેધીને શકિત ઉત્તરોત્તર ઉપર જ જતી હોય છે. બ્રહ્મચક્રને વેધીને પારબ્રહ્મ ચક્ર, શૂન્ય ચક્ર, મહાશૂન્ય

ચક્ર અને સતલોક સુધી તેની યાત્રા ચાલુ રહે છે. માન સરોવરનું સ્નાન પણ ઉર્ધ્વગમનની પૂર્ણાહુતિ જ ગણાય. સતલોકમાં શિવ બેઠોલા છે તેની સાથે જીવનો ભેટો થતા જીવ શિવ બની જાય ત્યારે ઉર્ધ્વગમન પૂર્ણ થાય. તેવી સુખદસ્થિતિને માનસરોવરની ઉપમા આપવામાં આવે છે. તેવી સ્થિતિ જીવનમુક્ત દશા કહેવાય છે. તેથી યોગીનું મન મુક્તિ રૂપી માનસરોવરમાં સ્નાન કરીને જીવનને સાર્થક બનાવે છે એમ કહેવાય. બીજા એક પદમાં સાહેબે આ માનસરોવરની વાત આ રીતે આલેખી છે-

**બ્રહ્માંડે સે પિંડે જાન, માન સરોવર કરિ સ્નાન**
**સોહં હંસા તાકોજાપ, તાહિન લિપૈ પુન્યપાપ**
**કાયા માંહે જાનૈ સોઈ, જો બોલે સો આપે હોઈ**
**જોતિ માંહિ જો મનથિર કરૈ, કહૈ કબીર સો પ્રાણી તિરૈ.**

અર્થાત્ જે સત્ય બ્રહ્માંડમાં છે તે જ સત્ય પિંડમાં પણ છે. આત્મારૂપી જે માનસરોવર પિંડમાં છે તેથી તેમાં હે જીવ, તું બરાબર સ્નાન કરી લે! પછી આત્મતત્ત્વના સોહં મંત્ર દ્વારા જપ કર્યા કર! શરીરમાં જે બોલે છે તે જ તો 'સોહં હંસા' પોતે છે. શરીરમાં તેની જ્યોતિ અખંડિત સળગતી રહે છે. તેમાં જે પોતાના મનને સ્થિર કરે છે તે સંસાર સાગર પાર થાય છે.

આ રીતે તન શુદ્ધિ, મન શુદ્ધિ અને પ્રાણ શુદ્ધિ કરનાર આત્મદર્શનનો લહાવો લઈ શકે છે. સર્વત્ર આત્મતત્ત્વ જ એક માત્ર વ્યાપેલું છે. એવો અનુભવ કરનાર બીજા કોઈ દેવને કેવી રીતે સ્વીકારે? જેનું મન આત્મામાં લય પામ્યા પછી બીજા દેવની કલ્પના કરી શકતું નથી તે ખરેખરા મહાદેવ જ ગણાય! આત્મદેવ સિવાય બીજા કોઈ દેવ જ નથી એ તત્ત્વથી જાણવું એ જ તે મહાદેવની સાચી પૂજા ગણાય. તેનું સતત સ્મરણ રહે એ તેની સેવા જ ગણાય! તેનું નિરંતર ધ્યાન તે જ તેને અર્પણ કરેલું અર્ઘ્ય!

અનાહત નાદ એટલે શું? તે ક્યારે સંભળાય છે? આ અંગે થોડી વિચારણા કરી લેવી જરૂરી છે. કારણ કે સદ્‌ગુરુ કબીર સાહેબ વારંવાર અનાહત નાદની જુદી જુદી રીતે વાત કર્યા જ કરે છે. આજે પણ અનાહત નાદ સાંભળનારા સંતો છે. તેઓ પણ આ અંગે થોડો પ્રકાશ પાથરે છે. તેઓ કહે છે કે સાધનામાં લય અવસ્થામાં પ્રવેશ થાય છે ત્યારે તે નાદ સંભળાતો હોય છે. સૌથી પહેલાં પ્રાણનો લય થાય છે ત્યારે તે નાદ સંભળાય છે. સંભળાતા તે નાદ ધ્વનિમાં પોતાના મનને જોડી દેવાથી મનનો પણ લય સધાય છે. હઠયોગનો જાણીતો 'હઠયોગ પ્રદીપિકા'

બાબતમાં આ રીતે કહે છે-

**ઈડાં ચ પિંગલાં બધ્વા વાહયેત પશ્ચિમે પથિ**
**અને નૈન વિધાનેન પ્રયાતિ પવનો લયમ્**
**તતો ન જાયતે મૃત્યુ: જરા રોગાદિકં તથા**

અર્થાત્ ઈંગલા ને પિંગલા નાડીમાં સંચરતો પ્રાણ સંયમિત બની જતાં તેનો પ્રવેશ સુષમ્ણામાં થઈ જાય છે. ત્યાં પ્રાણનો લય થઈ જાય છે અને કુંડલિનીનું જાગરણ થાય છે. તે સમયે નાદ શ્રવણ થતું હોય છે.

**શુદ્ધ સુષુમ્ણાસરણૌ સ્ફૂમમલ:શ્રૂયતે નાદ:**

અર્થાત્ સુષુમ્ણાનો માર્ગ શુદ્ધ થવાને કારણે અંતરના ઊંડાણમાં પવિત્ર ગણાતો અનાહત નાદનો ધ્વનિ સંભળાવવા લાગે છે. વાણી તે અવસ્થામાં થતો અદ્વિતીય આનંદનું વર્ણન કરી શકતી નથી. તે અવસ્થા માત્ર અનુભવ ગમ્ય જ છે. આ રીતે પ્રાણનો લય સુષુમણામાં અને મનનો લય આત્મ તત્ત્વમાં થાય છે. લય અવસ્થામાં નાદ શ્રવણ થાય છે. નાદ શ્રવણની અવસ્થા શુદ્ધિકરણની અવસ્થા હોવાથી પ્રાણ ને મન શુદ્ધ થઈ જાય છે. મન શુદ્ધ થવાથી તુષ્ણાનો અંત આવી જાય છે. તુષ્ણાનો અંત એટલે તમામ બંધનોનો અંત. તુષ્ણાને કારણે તો બંધનોનું સર્જન થયેલું. તે દશા જ નાબૂદ થઈ જાય તો બંધનો કયાં રહે? તુષ્ણા ના હોય તો રાગ કયાં રહે? વૈરાગ્યની જ સ્થિતિ નિર્માણ થાય. તેથી કબીરસાહેબ એક પદમાં કહે છે:

**'અનાહદ સબદ ઉઠૈ ઝનકાર**
**તહાં પ્રભુ બૈઠે સમરથ સાર!'**

અર્થાત્ અનાહત નાદના ધ્વનિથી લય અવસ્થામાં તન, મનને પ્રાણ શુદ્ધ થઈ જવાને કારણે સમર્થ પ્રભુ અંતરિયાળમાં બેઠેલા હોય એવી રીતે સુંદર અનુભવ થાય છે.

**છૂટિ ગયો કશ્મલ કર્મ જ લેખા**
**યહ નૈનન સાહેબકો દેખા**
**અહંકાર અભિમાન બિડારા**
**ઘટકા ચૌકા કર ઉજિયારા-૧૮**

શબ્દાર્થ: સ્વરૂપના સાક્ષાતકારથી સર્વ પાપોમાંથી મુકત થવાય છે અને સગી આંખે પ્રભુનાં મંગલમય દર્શન થાય છે. તેથી હે જીવ, અહંકારનો નાશ કરી શરીરને પવિત્ર બનાવ અને અંતરમાં જ્ઞાનનો પ્રકાશ કર!

આપણે અગાઉ વિચારણા કરી ગયા તે હિસાબે તૃષ્ણાને કારણે કર્મો થાય, કર્મોને કારણે બંધનો ઊભા થાય ને બંધનો ખાસ કરીને પાપ કર્મોના જ હોય! તો તૃષ્ણાના અંતથી સર્વે બંધનોનો અંત આવી જતો હોવાથી જીવ પાપોમાંથી સર્વથા મુકત થઈ જાય છે. આ જન્મમાં જ પ્રભુને નજરો નજર નિહાળવા માટે આ રીતે તન,

મન ને પ્રાણની શુદ્ધિ અનિવાર્ય છે તે આપણે જોયું. સંતો ને શાસ્ત્રકારો શુદ્ધિની કરુણાની વાત કરે છે ત્યારે માત્ર બાહ્યશુદ્ધિનો અર્થ ન કરવો જોઈએ. આંતરિક શુદ્ધિને પણ લક્ષમાં લેવી જોઈએ. માત્ર બાહ્યશુદ્ધિના પક્ષકારો આંતરિક શુદ્ધિની ઉપેક્ષા કરે છે ને તેમાંથી જ સમાજ ને કલંકિત કરનારા દૂષણો પેદા થતા હોય છે. ભારતીય સમાજમાં ઊંચનીચના ભેદો તેનાં ઉદાહરણો છે. મુખ મેં રામ બગલ મેં છૂરી જેવા માણસો સમાજમં સડો ચાલુ કરે છે. તેવા માણસોના ચારિત્રો ગંધાતા કાદવ જેવા હોય છે. જો કે બાહ્યશુદ્ધિની આપણે ઉપેક્ષા કરવા માંગતા નથી. પરંતુ આંતરિક શુદ્ધિ પણ સાથે સાધવી જોઈએ એ પણ સત્ય હકીકત છે. તેથી કબીરસાહેબ અહીં 'ઘટકા ચૌકા' એટલે શરીર પવિત્ર બનાવવાનો બોધ આપે છે.

માનવ સિવાયની બીજી યોનિમાં 'ઘટકા ચૌકા' ઉજ્જવળ કરવાનો મોકો જીવને પ્રાપ્ત થતો નથી. આંતર્બાહ્ય શુદ્ધિ માત્ર એક માનવી જ કરી શકે છે. તેથી માનવ દેહ ધારણ કરનારને શિરે મોટી જવાબદારી કહેવાય. બાહ્ય શુદ્ધિ સરળતાથી સાધી શકાય છે, પરંતુ આંતરિક શુદ્ધિ સાધવા માટે સાધના કરવી પડે છે. અહંકાર, અભિમાન અને દુર્ભાવો માનવ માત્રને પજવતા હોય છે. અભિમાન હોય ત્યાં સુધી મને કોઈની પણ જરૂર નથી એવું જીવ પોતે માનતો હોય છે. તેવી વૃત્તિ સત્પુરુષોથી તેને દૂર રાખે છે. તેનું શરીર અકકડ રહેતું હોય છે. કયાં ય પણ તે ઝૂકવા ઈચ્છતું નથી. ભૂલે ચૂકે કોઈ હિતેચ્છુ દ્વારા તે જો કોઈ જ્ઞાની પાસે પહોંચી જાય તો તે જ્ઞાની પુરુષનો પ્રભાવ પણ ઝીલી શકતો નથી. બલકે ત્યાં લાવનાર પર ગુસ્સો કાઢે છે. ત્યાં આવી ચઢવા માટે પસ્તાવો કરે છે. ત્યાં નમ્રતાનો ગુણ તેનામાં જરા પણ દેખાતો નથી. તેનું અભિમાન તેને જ્ઞાનથી દૂર રાખે છે.

કેટલાક પોતે અભિમાની નથી દેખાડવા પોતે ઘણા નમ્ર હોવાનો ડોળ કરે છે. પોતે પ્રેમાળ સ્વભાવના છે એવું વર્તન કરવા પ્રયત્ન પણ કરે છે. વ્યવહારમાં તેઓ કયારેક બિન જરૂરી મદદને બિન જરૂરી દાન કરીને મોટાઈ પણ મેળવે છે. મંદિરમાં જઈ પાઠ પૂજા કરીને ધાર્મિક હોવાનો પણ દેખાવ કરે છે. હકીકતે તેઓ આંતરિક રીતે જુદા જ હોય છે. સમાજમાં બેવડા વ્યકિતત્ત્વાળા લોકોની ખોટ નથી. પોતે બોલે છે તે પ્રમાણે કરતા નથી હોતા. બડાઈ મારવા તેવો ગુરુ પણ કરી લેતા હોય છે. જરૂર પડે તો સંતોની બનાવટ કરવામાં પણ તેઓ પાછી પાની નથી કરતા. આવા લોકોથી

સમાજનું વાતાવરણ દુષિત બનતું જ રહે છે.

એ વાત સાચી છે કે આંતરિક શુદ્ધિ સાધવા માટે માર્ગદર્શક ગુરુની જરૂર પડે છે. જિજ્ઞાસાથી તેની પાસે જવું જોઈએ. પ્રેમપૂર્વકનો ગુરુ સાથે વ્યવહાર પણ કરવો પડે. ગુરુ તો જ્ઞાનથી સમૃદ્ધ છે એટલે જનાર કેવો છે તેનો તેને સંપૂર્ણ ખ્યાલ આવી જાય છે. આડંબર છૂપો રહેતો નથી. તેથી સાચા પ્રેમથી જનારને તેઓ બેવડા પ્રેમથી વધાવી લે છે. અભિમાન માણસને નમવા દે નહીં. ગુરુની પાસે તો નમવું જ પડે ! સાહેબ કહે છે :

**જબ મૈં થા તબ ગુરુ નહીં, અબ ગુરુ હૈ હમ નાહિ,**
**પ્રેમગલી અતિ સાંકરી તામેં દો ન સમાહિ.**

અર્થાત્ જયાં સુધી 'મૈં થા' એટલે કે મારામાં અહંકારની વૃત્તિ હતી ત્યાં સુધી ગુરુનો પ્રવેશ મારા જીવનમાં થયો નહીં. હવે ગુરુ મારા જીવનમાં છે કારણ કે મારો અહંકાર નાશ પામ્યો. ખરેખર પ્રેમ ગલી તો ઘણી જ સાંકડી ગણાય છે કારણ કે તેમાં એકી સાથે બે સમાય શકતા નથી. અહીં ગુરુનો અર્થ પરમાત્મા પણ થઈ શકે. જો કે જે સાચો સાધક શિષ્ય હોય છે તેને મન તો ગુરુ પોતે જ પરમાત્મા સ્વરૂપ છે. પરંતુ વ્યવહારની દૃષ્ટિએ બે વચ્ચે ભેદ જણાય તો પણ સાચો શિષ્ય તો સદ્ગુરુને જ સૌ પ્રથમ વંદના કરશે. સદ્ગુરુને જ સૌ પ્રથમ નમસ્કાર પણ કરશે. આધ્યાત્મિક પંથે પ્રયાણ કરનારને ડગલે ને પગલે સદ્ગુરુની મદદ લેવી પડતી હોય છે. સદ્ગુરુ પ્રેમથી શિષ્યને સંભાળી પણ લેતા હોય છે. તેથી સાચા શિષ્યને ગુરુના મહિમાનો પૂરેપૂરો ખ્યાલ હોય છે. સાહેબ કહે છે તે વાત એકદમ સાચી છે કે :

**ગુરુ ગોવિંદ દોનો ખડે કિસકો લાગું પાય**
**બલિહારી ગુરુદેવકી જિને ગોવિંદ દિયો બતાય.**

અર્થાત્ ગુરુ અને ગોવિંદ બંને ઊભા હોય ત્યારે કોને પહેલાં પગે લાગું એવી મૂંઝવણ સાચો શિષ્ય કદી અનુભવતો નથી. કારણ કે તેને ગુરુ દ્વારા જ ગોવિંદનો ભેટો થતો હોવાનો અનુભવ હોવાથી તે ગુરુને સૌ પ્રથમ વંદના કરશે.

ગુરુની વંદના એટલે શિષ્યનો ગુરુ માટેનો અપૂર્વ પ્રેમ સમજવો. ગુરુ શિષ્ય પાસે સ્થૂળ પદાર્થોની અપેક્ષા રાખતા નથી. ફૂલહાર કે કલગીથી ગુરુ પ્રસન્ન બની જાય છે એવું નથી. પ્રેમ અને શ્રદ્ધા જ ગુરુને પ્રસન્ન કરી શકે છે. ગુરુની આજ્ઞામાં રહી જીવનનો વિકાસ કરવો એ જ સાચી ગુરુભકિત છે. ગુરુની કૃપા તો શિષ્ય દૂર હોય કે નજીક હોય તો પણ તેના પર એકધારી વરસ્યા જ કરતી હોય

છે. હજારો માઈલ દૂર રહેલા શિષ્યને સ્મરણ કરતાંની સાથે ગુરુની સહાય પ્રાપ્ત થતી હોય છે. માત્ર ગુરુ પ્રત્યે પરિશુદ્ધ પ્રેમ હોવો જોઈએ અને લોખંડી શ્રદ્ધાવાળું મન હોવું જોઈએ. તેથી આ પદમાં કબીર સાહેબ ઉપદેશ આપે છે કે

**ચિતકર ચંદના મનસાફૂલા**
**હિતકર સંપૂટ કરિ લે મૂલા**
**શ્રદ્ધા ચંવર પ્રીતિકર ધૂપા**
**નૌતમ નામ સાહેબકો રૂપા -૧૯**

અર્થાત્ હે જીવ ! તું તારા ચિત્તને ચંદન જેવું સુવાસિત બનાવ અને તારું મન રૂપી ફૂલ ગુરુના ચરણોમાં અર્પણ કરી કલ્યાણકારી આત્મ તત્ત્વની મૂળ વિદ્યાની આરાધના કર. શ્રદ્ધાથી આત્મદેવની આરતી ઉતાર અને આત્મજ્ઞાની તરીકે સદ્ગુરુના નવીનતમ નામ સ્વરૂપની ભક્તિ કર !

ચિત્ત ચંદન જેવું બનાવવું એટલે શું ? સદ્ગુણોની સમૃદ્ધિથી ચિત્તને ભરી દેવું. દુર્ભાવો ન જાગે પણ સદ્ભાવો જ ચિત્તમાં જાગ્યા કરે તો સત્કર્મો સહેજે થયા કરે. ચિત્ત જ્યાં સુધી દુર્ભાવગ્રસ્ત રહે ત્યાં સુધી તેમાંથી દુષ્ટ વર્તનની દુર્ગંધનો જ ફેલાવો થાય તે એક હકીકત છે. દુર્ભાવો દૂર કર્યા વિના ચિત્તને ચંદન જેવું તેથી બનાવી શકાતું નથી. કામ, ક્રોધ, મદ, લોભ આદિ જે દુર્ભાવો છે તે ચિત્તને ડહોળી નાખે છે. તેથી અશાંતિ પણ માનવ સારા પ્રમાણમાં અનુભવે છે. એના કરતાં સદ્ગુણો ચિત્તની શાંતિ વધારશે અને સત્કર્મોની વૃદ્ધિથી ચિત્ત સાત્ત્વિક ભાવમાં સ્થિર બનશે એટલે ગુરુનું ચિંતવન સતત થયા કરશે.

મનને સાહેબે અહીં ફૂલની ઉપમા આપી છે. ફૂલ તો દેવને ચઢાવવા માટે જ હોય ! મનનું ફૂલ ગુરુના ચરણોમાં અર્પણ કરવાથી શિષ્ય ગુરુને સમર્પિત થયેલો ગણાય. તેવા મનમાં અહં-મમનો ભાવ રહેતો નથી. તેવા મનથી ગુરુ પ્રસન્ન થતા હોય છે. ગુરુની કૃપા પ્રાપ્ત કરવા માટે શિષ્યે સેવા પૂજા કેવી રીતે કરવી તે અંગે એક સુભાષિત મને યાદ આવે છે.

अहिसां प्रथमं पुष्पं पुरुषमिन्द्रिय निग्रहः
सर्वभूतदया पुष्पं क्षमा पुष्पं विशेषतःा
शांति पुष्पं तपः पुष्पं ध्यानं पुष्पं तथवैच
सत्यमष्टविधं पुष्पं श्री गुरोः प्रितीदं भवेत्ाा

આ શ્લોકનું સમશ્લોકી ભાષાંતર આ રીતે થઈ શકે છે :

(અનુષ્ટુપ્ છંદ)

**પહેલું પુષ્પ અહિંસાનું, બીજું સંયમનું ચઢે,**
**ભૂતદયાતણું ત્રીજું, ક્ષમા ચોથું ગણાય છે ;**
**પાંચમું શાંતિ ને છઠ્ઠું તપ છે, ધ્યાન સાતમું**
**સત્યના આઠમા પુષ્પે ગુરુ પ્રસન્ન થાય છે !**

અર્થાત્ અહિંસાનું, ઈન્દ્રિય સંયમનું, સર્વ પ્રાણીમાત્ર પ્રત્યે દયાભાવનું ક્ષમાનું, શાંતિનું, તપનું, ધ્યાનનું અને સત્યનું એમ આઠ પ્રકારના પુષ્પો ગુરુના ચરણોમાં અર્પણ કરી સેવા પૂજા કરવામાં આવે તો ગુરુનો પ્રેમ શિષ્યને પ્રાપ્ત થાય છે. બાગમાં ખીલતાં સ્થૂળ પુષ્પો તો પ્રતીક સમાન જ ગણાય. તેવા પુષ્પોનો હાર બનાવી પહેરાવી દેવાથી ગુરુની સેવા પૂજા પૂર્ણ થતી નથી. ફૂલનો હાર તો માત્ર પ્રતીક છે. શિષ્યનું સદ્‌વર્તન ખરેખરી સેવા છે. હૃદયના બાગમાં સદ્‌ગુણોના ફૂલો ખીલેલાં હશે તો સદ્‌વર્તન ને સત્કર્મો પણ થઈ શકેશે. એટલે સદ્‌ગુણો કેળવવા ને તેની સદાય વૃદ્ધિ કરતા રહેવું એ પણ શિષ્યના જીવનનો એક ક્રમ બની જાય છે. સદ્‌ગુરુ પ્રત્યક્ષપણે નિહાળીને પ્રસન્ન બની જાય છે અને તે શિષ્ય પર વારી જાય છે. સદ્‌ગુરુની પૂર્ણ કૃપાનો તે અધિકારી બને છે.

આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે સદ્‌ગુરુની આવશ્યકતા પર ભાર મૂકયો અને સદ્‌ગુરુની મહત્તાને સરસ રીતે દર્શાવી. સાથે સાથે યોગના મર્મ અને રહસ્યને ગૂંથી લઈને સાહેબે પ્રેમના મહિમાનું પણ સુંદર ગાન ગાયું. તે દ્વારા ભકિતમાં પ્રાણ પૂર્યો. જ્ઞાનમાર્ગ, ભકિતમાર્ગ અને યોગમાર્ગની મહત્તાને સમજાવી. ત્રણે માર્ગોનો સમન્વય જરૂરી હતો તે આ પદમાં સાહેબે યુકિતપૂર્વક કર્યો. યોગ માર્ગને જ્ઞાન ને ભકિત વિના ન ચાલે તેમ જ્ઞાન માર્ગને યોગને ભકિત વિના પણ નથી ચાલતું. જ્ઞાન માર્ગ યોગને ભકિત વિના સાવ નીરસ ને શુષ્ક જ લાગે. તુંબડીમાં કાંકરા ખખડે તેમ મિથ્યા પ્રલાપ જેવો તે જ્ઞાનમાર્ગ દીસે. તેવી જ રીતે યોગમાર્ગ પણ જ્ઞાનને ભકિત વિના કેવળ કસરતની ક્રિયા જેવો લાગે. જ્ઞાન વિનાની ભકિત પણ વેવલી ને પાંગળી જ લાગે. સમાજ જીવનને ઉન્નત બનાવવા માટે ત્રણેની આવશ્યકતા તો છે જ. ત્રણે અલગ અલગ રહે તો શુષ્ક ને નીરસ બની જાય છે. ત્રણેનો સમન્વય કરવામાં આવે તો સાધકને માટે એક રસિક સુંદર માર્ગ બની જાય છે. આવી રહસ્યથી ભરેલી સાહેબની સમન્વય કરતી વાણીને કારણે આ જ્ઞાનગુદડીનું પદ ઘણું મહત્ત્વનું બની જાય છે. વ્યકિતગત રીતે સાધના કરનારને પણ સુંદર દર્શન આપનારું આ પદ થઈ પડે છે.

સમસ્ત માનવ જાતના કલ્યાણને માટે જ્ઞાનથી સંપન્ન બનીને

પ્રભુનું અલખ સ્વરૂપ માનવનો દેહ ધારણ કર્યા કરે છે તેથી સાહેબ કહે છે.

**ગુદડી પહિરે આપ અલેખા**
**જિન યહ પ્રગટ ચલાયો ભેખા**
**સાહબ કબીર બકસ જબ દીન્હા**
**સુર નર મુનિ સબ ગુદડી લીન્હા - ૨૦**

અર્થાત્ ભગવત્સ્વરૂપ કબીર સાહેબે શરીરની ગોદડી પહેરીને જે આત્મજ્ઞાનનો માર્ગ ચીંધ્યો તેથી દેવો, મુનિઓ અને માનવોએ કૃપા પ્રસાદી ગણીને જ્ઞાનરૂપી ગુદડીને ગ્રહણ કરી.

'જિન યહ પ્રગટ ચલાયો ભેખા' એ પંકિતનો અર્થ કરવામાં સાવધાની રાખવી પડશે. કબીર સાહેબે ખુદ કાયા ધારણ કરીને કબીર પંથ ચલાવ્યો એવો અર્થ ન થઈ શકે. અહીં કોઈ નામનો નિર્દેશ નથી. પ્રગટ ચલાયો ભેખા શબ્દોમાં સાંપ્રદયયિકતાની ગંધ પણ નથી. જ્ઞાન ગુદડીના પદમાં જ્ઞાન માર્ગની વિશેષ વાતો હોય શકે. કોઈ પંથ કે સંપ્રદાયની વાતને વણી લેવી ન જોઈએ. ક્રિયાકાંડની ગૂંચવણ ભરેલી ક્રિયાઓમાં ને વિધિઓમાં જ્ઞાનની પવિત્ર ગંગા અટવાય ન જાય તેવી તકેદારી રાખીને જેમ ભગવાન કૃષ્ણે યુદ્ધભૂમિમાં અર્જુનને જ્ઞાનોપદેશ કર્યો હતો તેમ આ પદમાં ભગવત્સ્વરૂપ સદ્દગુરુ કબીર સાહેબે સંત ધર્મદાસને માનવ જન્મના અને દેહના રહસ્યનો સમુચિત બોધ કર્યો છે ભૂલાય ગયેલા માર્ગને ફરીથી જાણે કે સજીવન કર્યો છે. એટલે ખરેખર તો સાહેબે આ પદમાં જ્ઞાનમાર્ગને જ નવા સ્વરૂપે સજીવન કર્યો છે. વળી એ પણ લક્ષમાં રાખવું જોઈએ કે કબીર સાહેબે કોઈ પંથ સ્થાપ્યો જ નહોતો એવું આજે સર્વે વિદ્વાનો માને છે. તો પછી તેમણે કબીર પંથ ચલાવ્યો એવો અર્થ કરવાથી શો ફાયદો ?

બીજુ સદ્દગુરુ કબીર સાહેબ એવી સાંપ્રદાયિકતાની સાંકડી સીમાઓને ગણકારતા પણ નહોતા એ કેમ ભૂલી જવાય ? બલકે પંથ સંપ્રદાયોની તો સખત ટીકાઓ પણ તેઓ કરતા હતા. સદ્દગુરુ કબીર સાહેબનું મહાન વ્યકિતત્વ પંથની મર્યાદિત સીમાઓને અતિક્રમીને અસીમ તથા અનંતની માધુરીને માણનારું હતું. એટલે અર્થઘટન કરતી વખતે કબીર સાહેબને અન્યાય થાય તેવું તો અર્થઘટન સમજદાર માણસોએ ન જ કરવું જોઈએ. હાં, સંત ધર્મદાસે સદ્દગુરુની વાણી સાંભળીને તેને અહોભાવથી સ્વીકારી હોય અને તેમણે તેને કૃપા પ્રસાદી માની પ્રચાર અર્થે કબીરપંથ ચલાવ્યો હોય તો તે સમજી શકાય એવી ઘટના છે. સંતધર્મદાસનું નામ કબીરપંથના સ્થાપક તરીકે સર્વમાન્ય પણ થયું છે તે વાતને પણ એથી ટેકો મળશે. આ દૃષ્ટિથી આ પંકિતઓ આપણે

સમજવી જોઈએ. સદ્ગુરુ કબીર સાહેબે ઉપદેશેલો જ્ઞાનમાર્ગ દેવોએ, મુનિઓએ અને માનવોએ બધાએ જ સ્વીકાર્યો એવું પ્રતિપાદાન કરવામાં કોઈ અર્થ દોષ થતો નથી. તેમની વાણી છસો વર્ષ પહેલાંની છે, તે આજે પણ એટલી જ માનવજાતને ઉપયોગી લાગે છે તેથી તો સમસ્ત જગતના વિચારકોનું ધ્યાન કબીર સાહેબ તરફ દોરાયું છે. તેમની વાણી નિત્ય નૂતન જ લાગ્યા કરે છે. એકવીસમી સદીમાં પણ કબીરવાણીનું એટલું જ મહત્ત્વ રહેશે, જેટલું આજે છે. તેમની જ્ઞાનમયી વાણી માનવમાત્રનો ઉદ્ધાર કરનારી જ છે. તેથી જ કહ્યું:

**જ્ઞાન ગુદડી પઢે પ્રભાતા**
**જનમ જનમ કે પાતક જાતા**
**જ્ઞાન ગુદડી પઢે મદ્દયાન્હા**
**સો લખિ પાવે પદ નિરબાના -૨૧**
**સાંઝા સુમિરન જો નર કરહીં**
**જરા મરણ ભવ સાગર તરહીં**
**કહૈ કબીર સુનો ધર્મદાસા**
**જ્ઞાન ગુદડી કરો પ્રકાશા - ૨૨**

અર્થાત્ જે કોઈ આ જ્ઞાનમય ગોદડીનો સવારે સંધ્યાપાઠ કરશે તે જન્મ જન્માંતરના સર્વ પાપોમાંથી મુક્ત બનશે; જે બપોરે સંધ્યાપાઠ કરશે તે નિર્વાણપદની પ્રાપ્તિ કરશે; જે સાંજે સંધ્યાપાઠ કરશે તે જન્મમરણના ફેરાવાળા આ સંસાર સાગરને તરી જશે; માટે કબીર કહે છે કે હે ધર્મદાસ! આ જ્ઞાન ગુદડીનો પ્રચાર કરો.

ત્રિકાળ સંધ્યા કરવાનો રિવાજ ભારતીય સંસ્કૃતિને શોભા આપનારો ગણાય છે. તે હિસાબે લોકો રોજ ત્રણવાર પ્રભુને પ્રાર્થના કરે તેમાં કશું ખોટું થતું નથી. આખરે પ્રાર્થના દ્વારા પણ મનુષ્ય શાંતિ પ્રાપ્ત કરતો હોય છે. મનને સંતોષ થાય તે પણ મહત્ત્વનું લેખાય છે. માણસ આજે વિજ્ઞાનને બહાને ભલે અશ્રધ્ધાળુ બન્યો હોય ! પરંતુ તે દુઃખમાંથી મુક્ત થયો નથી. તે થાકીને શબ્દોનો સહારો લેતો જણાય છે. શબ્દનો સહારો એટલે પ્રાર્થનાનો સહારો ! જયાં સુધી મદમસ્તી હોય ત્યાં સુધી માનવ બેફિકરો થઈને ફરતો હોય છે. ઠોકર વાગે ત્યારે ભાન થાય છે તેમ કંઈક કરુણ ઘટના બને ત્યારે તેની ચેતના જાગૃત બની જાય છે. તે અંદરથી હલી ઊઠે છે. સંકટની ક્ષણોમાં તે સહારો શોધતો થઈ જાય છે. લશ્કરનો વડો અધિકારી પણ જયારે નિરાશ ને અસહાય બને ત્યારે શબ્દનો સહારો પકડે છે. કંઈક વેદનાથી પ્રાર્થના જેવું કરે છે ! અનેક જીવોને બચાવવામાં સમર્થ ગણાતો ડોકટર પણ હતાશામાં ભાંગી પડે

છે ! ત્યારે પ્રભુને યાદ કર્યા વિના તેનાથી રહેવાતું નથી ! તેને જેવી આવડે તેવી તે પ્રાર્થના કરે જ છે. ભલે ત્યારે તે દીવો નથી સળગાવતો કે અગરબત્તી નથી પેટાવતો ! બાહ્ય દેખાવ કોઈ પણ પ્રકારનો કર્યા વિના તેનું રોમ રોમ શકિતની યાદમાં ભીનું ભીનું બની જતું હોય છે. માણસ નાનો હોય કે મોટો હોય, ગરીબ હોય કે તવંગર હોય, ભણેલો હોય કે અભણ હોય, કરુણ ઘટના બને ત્યારે તે આકુળ વ્યાકુળ બની જાય છે. ભયંકર મુસીબતોની વેળાએ તે ગભરાય ને મૂંઝાઈ જતો હોય છે; હતાશ ને નિરાશ મન જયારે અસહાયતા અનુભવે છે ત્યારે તે શબ્દનો સહારો પકડીને રોતા રોતા પણ પ્રભુને આજીજી કર્યા વિના રહી શકતો નથી ! અંતરના ઊંડાણમાંથી વેદના સભર શબ્દો તેના મોઢામાંથી નીકળી પડે છે ! તે આર્તસ્વરની પ્રાર્થના સર્વને ભેદીને પરમ શકિત પાસે પહોંચી જતી હોય છે ! પ્રાર્થનાના પરિણામ સ્વરૂપે તે જીવ નિરાંત ને સુખ અનુભવતો થઈ જાય છે. તેની નિરાશા ને હતાશા સૂર્ય ઊગતાં અંધારું દૂર થાય તેમ વિલય પામે છે. આ જ સિદ્ધાંતના આધારે પ્રાર્થનાનું મહત્ત્વ સમસ્ત જગતમાં આજે પણ પ્રવર્તમાન છે.

આપણા દેશના ઋષિમુનિઓએ આવા જ કોઈ કારણે ત્રિકાળ સંધ્યાનું મહત્ત્વ દર્શાવ્યું છે. અહીં સદ્દગુરુ કબીર સાહેબ પણ તે પ્રણાલિકાને અનુસરીને ત્રણ વાર પ્રાર્થના કરવાનો બોધ આપે છે. જે વૈખરી વાણીમાંથી પ્રેરણા ને પ્રકાશ મળતા હોય તે વાણીનો સંધ્યા પાઠ કરવામાં આવે તો તે ઉત્તમ ગણાય. તેમાં ગુરુવાણીનો જ રણકાર હોવાથી તે પ્રાર્થના સ્વરૂપ જ મનાય છે. ગુદડીના પ્રતીક રૂપે વહેતી કરેલી કબીર સાહેબની આ જ્ઞાનમય વાણીનું જે માનવી શ્રદ્ધા ને પ્રેમપૂર્વક પારાયણ કરશે તેને અવશ્ય અચૂક લાભ થશે તેમાં કોઈ બે મત નથી. જો કે સંધ્યા પાઠ પૂજાવાળી પંકિતઓ પાછળથી ઉમેરાયેલી હોય તેવી છાપ પડે છે. છ સદીમાં કબીરવાણીમાં આવા ઘણા પ્રક્ષેપો થયા છે. મહાભારત, રામાયણમાં જે પ્રક્ષેપો થયા છે તે સ્વાભાવિક ગણાયા પણ છે. તેમ કબીરવાણીના પ્રક્ષેપો પણ સ્વાભાવિક ગણાય તેમાં કોઈ આશ્ચર્ય નથી. અભ્યાસ કરનારને કબીરવાણીમાંથી પાઠપૂજાને મહત્ત્વ મળે તેવી પંકિતઓ ભાગ્યે જ નજરે ચઢે છે. છતાં ભારતીય પ્રણાલિકા તે દ્વારા જીવંત રહેતી હોવાથી આપણે આ પદની પંકિતઓને મહત્ત્વ આપવું જરૂરી છે. શ્રેષ્ઠ પ્રણાલિકાની અવગણના આપણે ન કરવી જોઈએ.

**(સાખી)**

**માલા ટોપી સુમરણી, સતગુરુ દિયા બક્ષીસ**
**પલ પલ ગુરુકો બંદગી, ચરણ નમાઉં શીસ**
**ભવ ભંજન દુઃખ પરિહરણ, અમર કરન શરીર**

**આદિ યુગાદિ આપ હો, ચારો યુગ કબીર.**

અર્થાત્ ધર્મદાસ કહે છે કે મને માળા, ટોપી અને સુમરણી આપીને સદ્‌ગુરુએ પોતાનો શિષ્ય બનાવી દીધો. તે કારણે જ મારું હૃદય હરપળે ગુરુની ભકિત કરે છે અને સદ્‌ગુરુના ચરણોમાં વંદન કર્યા કરું છું. ! હે સદ્‌ગુરુ કબીર ! તમે ખરેખર સૌના આદિ છો. યુગોમાં પણ આદિ કેવળ તમે જ છો ! તમે ચારે યુગમાં ગુરુ સ્વરૂપ છો ! તમે જ સંસારના ફેરાને ટાળનાર છો, તમે જ સર્વ દુઃખોને દૂર કરનાર છો અને તમે જ અમર બનાવનાર છો !

સદ્‌ગુરુ કબીર સાહેબનાં દર્શનથી સંત ધર્મદાસ સદ્‌ભાગી બન્યા એટલું જ નહીં પણ તેમને પોતાના શિષ્ય તરીકે સ્વીકાર્યા તે તેમનું મહત્ ભાગ્ય ગણાય. સદ્‌ગુરુએ ત્રણ વસ્તુની ભેટ ધરી-માળા, ટોપી અને સુમરણી ! માળા તો સ્મરણ માટે જ હોય તે સર્વ વિદિત કહેવાય. પરંતુ ટોપીનો શો ઉપયોગ ? ટોપી શા માટે સદ્‌ગુરુએ આપી? આ પ્રશ્નનો જવાબ શોધવા માટે અનુમાન જ કરવું પડે એમ છે. હા, એક પ્રણાલિકા જરૂર છે. ભકિત-પ્રાર્થના ઉઘાડે માથે ન થવી જોઈએ. શિષ્ય બને તે એવી મર્યાદાનો સ્વીકાર કરે જ. જેમ સ્ત્રીઓ વડીલો સમક્ષ માથું ઢાંકે એવો રિવાજ પ્રચલિત છે તેમ શિષ્યપદ ગ્રહણ કરનાર વ્યકિત પણ પોતાના ગુરુએ ચીંધેલા માર્ગે પ્રયાણ કરવા પ્રયત્ન કરે ત્યારે બતાવેલી મર્યાદાનું પૂરેપૂરું પાલન કરે. પહેલાના આપણા વડીલોમાં આ પ્રકારની મર્યાદાનું પાલન જણાતું હતું. આજે રહ્યું નથી. શીખોના ગુરુદ્વારામાં પણ આ મર્યાદાનું પાલન આજે થતું જણાય છે.

ઉત્તર ભારતમાં યાત્રા કરતી વખતે એક સાધુએ મને માથું બંધ રાખવાના રિવાજ વિષે જુદી જ સમજ આપી હતી. માથું ઉઘાડું રહે એટલે શિષ્ય સર્વભાવે સમર્પિત નથી એમ સમજવું. વિચારો અનેક દિશામાં વહેતા રહે તે પણ બરાબર ન ગણાય. બંદગી કે પ્રાર્થના કરતી વખતે મનનો એક ભાગ સંસારને યાદ કરતો રહે, બીજો ભાગ ધંધાને યાદ કરતો રહે અને બાકીનો થોડો ભાગ માત્ર પ્રભુને યાદ કર્યા કરે તે અવસ્થા સારી ગણાતી નથી. બંધ માથું એ સર્વ ભાવે સમર્પિત થયેલ શિષ્યની નિશાની છે. તેના મનનો બધો જ ભાગ પ્રભુના સ્મરણમાં જ લીન થાય છે. આ રીતે ટોપી એક પ્રતીક ગણાય.

સુમરણી તો સર્વ વિદિત સાધન છે. આ સાધનો કબીર સાહેબને મુસલમાન નહીં, પણ એક પરિપકવ વૈષ્ણવ સંત તરીકે ઓળખાવે છે. સાચા વૈષ્ણવો નામસ્મરણને મહત્ત્વ આપે જ છે.

માલા, સુમરણી ને ટોપી ત્રણે વૈષ્ણવી વિચારોનું પરિણામ લેખાય. કેટલાક વિદ્વાનો કબીરવાણીમાં વૈષ્ણવી ઝોકનો અનુભવ કરે છે તે આવા કારણથી જ. ખરેખર તો તેઓ કોઈ પંથ કે સંપ્રદાયના નહોતા. તેઓ તો સાચા સમન્વયકારી હતા. બધાનું સારું હતું તેનો તેમણે સ્વીકાર કર્યો છે અને બાકીનું છોડી દેવામાં તેમણે ખંચકાટ અનુભવ્યો નથી. અહીં સંત ધર્મદાસજીને મળેલી બક્ષીસ સ્થૂળ પ્રકારની છે, છતાં ધર્મદાસજીને મન તેનું અતિશય મહત્ત્વ છે તે સ્પષ્ટ થાય છે. કબીર સાહેબનાં દર્શન પહેલાં તેઓ રૂઢિચુસ્ત વૈષ્ણવ હોવા જોઈએ એવું પણ અનુમાન થઈ શકે. સદ્‌ગુરુ કબીર સાહેબ તરફથી સંત ધર્મદાસજીને જે વૈચારિક જ્ઞાન વૈભવની બક્ષીસ મળી હતી તે સૂક્ષ્મ પ્રકારની ગણાય. તે બક્ષીસને કારણે સંત ધર્મદાસના જીવનમાં ભારે પરિવર્તન આવ્યું હોવું જોઈએ. સાહેબ માટેનો અહોભાવ વ્યકત કરતાં ધર્મદાસજી કહે છે.

**બંદીછોર કહાઈયા, બલખ શહર મંઝાર,**
**છૂટે બંધન ભેખકા, ધન ધન કહૈ સંસાર.**

અર્થાત્ બલખ શહેરમાં તમે ભેખધારીઓને જેલમાંથી છોડાવ્યા હતા તેથી તમને બંદીછોડનું બિરુદ મળ્યું છે. સંસારના તમામ લોકો તમને તે કારણે ધન્યવાદ આપી રહ્યા છે.

ભગવાન કૃષ્ણને 'રણછોડ'નું બિરુદ મળ્યું હતું તેમ સાહેબને બંદીછોડનું બિરુદ મળેલું તેનો અહીં ઉલ્લેખ છે. શ્રી કૃષ્ણ રણમાંથી ભાગી ગયેલા એટલે યુદ્ધના મેદાનમાંથી ભાગી ગયેલા તે ઘટના જગજાહેર છે. કોઈ ડરથી ભાગેલા નહીં અથવા તો તેઓ કાયર હતા તેથી ભાગેલા નહીં. પરંતુ મથુરા નગરી પર ફરતેથી યુદ્ધનો ભય ઘેરી વળ્યો હતો. જરાસંઘે પણ ઘેરો ઘાલ્યો હતો. ઉત્તર દિશા તરફથી કાળયવને આક્રમણ કર્યું હતું. મથુરા નગરી પર ભયનું વાતાવરણ સર્જાયું હતું. તે તો માત્ર શ્રીકૃષ્ણને લઈને જ. જરાસંઘ ને કાળયવન શ્રી કૃષ્ણનો વધ કરવા માંગતા હતા. જો મથુરા નગરીમાં શ્રી કૃષ્ણ રહે તો મથુરાની ભૂમિ પર જ યુદ્ધ થાય ને મથુરાનો નાશ થાય. તે ટાળવા માટે લોકહિતને લક્ષમાં રાખી શ્રી કૃષ્ણ જરાસંઘને કાળયવનની દેખતા યુદ્ધની ભૂમિ છોડીને ભાગ્યા હતા તે હકીકતને કારણે રણછોડનું બિરુદ તેમને મળ્યું હતું.

સદ્‌ગુરુને બંદીછોડનું બિરુદ મળેલું બલખ શહેરમાં. કહેવાય છે કે બલુચિસ્તાનમાં બલખ શહેર આવેલું છે. બલખના રાજાએ કેટલાક સાધુઓને જેલમાં પૂર્યા હતા. રાજાને ભગવાનનાં દર્શન કરવા હતા. સાધુઓ એ માટે અસહાય હતા. સાધુ લોકો ભગવાનના દર્શન ન

કરાવી શકે તેથી તે સાધુઓ બનાવટી સાધુઓ જ હોવા જોઈએ એવું બલખના રાજાએ માનેલું અને તેથી તે સૌ સાધુઓને તેણે જેલમાં પૂરી દીધા હતા. જેલમાં સાધુઓને સખત કામ કરવું પડતું હતું. પથ્થરની મોટી મોટી ઘંટીઓ ફેરવવી પડતી હતી. એકવાર કબીરસાહેબ ફરતા ફરતા બલખ શહેરમાં પહોંચી ગયેલા. તેમણે સાધુઓની વીતક કથા સાંભળી. શહેરના સજ્જન લોકો પાસેથી કારણ પણ જાણ્યું. રાજાના તરંગી માનસને કારણે સાધુઓને અન્યાય થયો છે તે ઘટના દયાળુ કબીર સાહેબના સ્વભાવે સહન ન કરી. તેમણે જેલમાં પહોંચી જઈ સાધુઓને રામનામની રટણા કરવાની સૂચના કરી હતી. મોટી મોટી ઘંટીઓને તેમણે માત્ર સ્પર્શ કર્યો એટલે બધી જ ઘંટીઓ આપોઆપ ફરવા લાગી હતી. રાત દિવસ તે ઘંટી ચાલ્યા જ કરતી અને દળણું દળાયા જ કરતું હતું. આ વાત રાજા પાસે પહોંચી ત્યારે રાજાને આશ્ચર્ય થયું. જઈને જોયું તો વાત સાચી લાગી. તરત જ રાજાએ સદ્‌ગુરુનાં ચરણો પકડી લીધા હતા. સદ્‌ગુરુએ રાજાને સાધુઓને મુકત કરી દેવાની આજ્ઞા કરી હતી. ત્યારથી સાધુઓ મુકત બની ગયા હતા. તે સમયથી કબીર સાહેબને લોકો બંદીછોડ કહેવા લાગ્યા હતા.

સાખીની છેલ્લી બે પંકિતઓ સદ્‌ગુરુ કબીર સાહેબના મોઢેથી ઉચ્ચરાયેલી દર્શાવવામાં આવી છે. આ પંકિતઓમાં સાહેબનો દયાળુ સ્વભાવ વ્યકત થઈ ગયો છે. સર્વ સાધારણ જન સમાજને તેમણે રક્ષણનું વચન આપ્યું છે. સમાજે તો તેમના શબ્દોમાં વિશ્વાસ મૂકીને થોડું પણ આચરણ કરી દેખાડવાનું જ છે. તેમના શબ્દોના રથમાં જે કોઈ બેસશે તેનું આ જીવનના સંગ્રામમાં સદ્‌ગુરુ અવશ્ય રક્ષણ કરશે એવું અભય વચન અત્રે આપવામાં આવ્યું છે.

**મૈં કબીર બિચલું નહીં, શબ્દ મોર સમથ**
**તાકો લોક પઠાઈહું જો ચઢે શબ્દ કે રથ.**

અર્થાત્ કબીર સાહેબ કહે છે કે હું કદી પ્રતિજ્ઞાનો ભંગ કરતો નથી. જેવું બોલું છું તેવું કરી બતાવું છું. જે જીવ મારા શબ્દ રૂપી રથમાં બેસીને આ જીવનનો જંગ ખેલશે તેનું હું સર્વકાળે સર્વ પ્રકારે રક્ષણ કરીશ. તેનો નાશ નહીં થવા દઉં. શ્રી કૃષ્ણે પણ આ જ પ્રમાણે યુદ્ધની ભૂમિમાં વચનો કયાં નથી આપ્યાં ? **न मे भक्त प्रणश्यति** । મારા ભકતનો હું નાશ થવા દેતો નથી, વગેરે વચનો સર્વ સાધારણ જન સમાજનો ઉદ્ધાર થાય તે માટે જ આપવામાં આવ્યાં હતાં.

# પરિશિષ્ટ - ૧ (ચક્ર = કમળની વિગતો)

| ચક્રનું નામ | દેવનું નામ | પાંખડીની સંખ્યા | સ્થાન |
|---|---|---|---|
| મુલાધાર | ગણેશ | ૪ | ગુદા અને લિંગની વચગાળે |
| સ્વાધિષ્ઠાન | બ્રહ્મા | ૬ | લિંગની ઉપર |
| મણિપુર | વિષ્ણુ | ૮ | નાભિપ્રદેશ - દૂંટીનું સ્થળ |
| અનાહત | શિવ | ૧૨ | હૃદય પ્રદેશ |
| વિશુદ્ધ | ત્રિદેવો | ૧૬ | કંઠ પ્રદેશ |
| આજ્ઞા | ઓમકાર | ૨ | બે ભ્રમરોની વચગાળે |
| | | | |

## પરિશિષ્ટ - ૨

મેરી નજરમેં મોતી[1] આયા હૈ,
કોઈ કહે હલકા, કોઈ કહે ભારી દોનો ભેદ ભુલાયા હૈ. (ટેક)
બ્રહ્મા, વિષ્ણુ, મહેસર થાકે તિન હું ખોજ ન પાયા હૈ,
સેસ[2] સારદા સંકર હારે પઢ રટ બહુ ગુન ગાયા હૈ, ૧.
હૈ તિલ કે તિલ કે તિલ ભીતર બિરલે સાધુ પાયા હૈ,
ચહુદલ[3] કમલ તિરકુટી[4] સાજે ઓમકાર દરસાયા હૈ, ૨.
રરંકાર પદ સેત[5] સુન્નમદ ષટદલ કંવલ બતાયા હૈ,
પારબ્રહ્મ[6] મહાસુન્ન[7] મંઝારા સોઈ નિ:અછર[8] હરાયા હૈ, ૩.
ભંવર ગુફામેં સોહં રાજૈ મુરલી અધિક બજાયા હૈ,
સત્તલોક[9] સત પુરુષ બિરાજૈ અલખ અગમ દોઉ ભાયા હૈ ૪.
પુરુષ અનામી સબ પર સ્વામી બ્રહ્મસે પાર જો ગાયા હૈ,
યહ સબ બાતેં દેહી માંહી પ્રતિબિંબ અંડજો પાયા હૈ ૫.
પ્રતિબિંબ પિંડ બ્રહ્મંડ હૈ નકલી-એંસલી[10] પાર બતાયા હૈ,
કહ કબીર સતલોક સાર હૈ પુરુષ નિયારા પાયા હૈ, ૬.

૧. મોતી = આત્મજ્ઞાનનું મોતી
૨. સેસ = શેષ ભાગવાન
૩. ચહુદલ = ચતુર્દલ એટલે ચાર પાંખડીવાળું
૪. તિરકુટી = ત્રિકુટી - આજ્ઞાચક્રનું સ્થાન
૫. સેત = શ્વેત - સફેદ
૬. પારબ્રહ્મ = મસ્તકમાં આવેલું એક ચક્ર
૭. મહાસુન્ન = મસ્તકમાં આવેલું મહાશૂન્ય ચક્ર
૮. નિ:અછર = ક્ષર ને અક્ષરથી પણ શ્રેષ્ઠ એવું સ્વરૂપ
૯. સત્તલોક = મસ્તકમાં આવેલું છેલ્લું ચક્ર
૧૦.નકલી - અસલીપાર = અસલને નકલથી પણ જે શ્રેષ્ઠ સ્વરૂપ છે તે.

તૂ તો રામ સુમર;
જગ લડવા દે
કોરા કાગજ કાળી શાહી;
લિખત પઢત વા કો પઢવા દે... તૂ તો.
હાથી ચલત હૈ અપની ગતમેં;
કૂતર ભૂંકત વા કો ભૂંકવા દે...તૂ તો.
કહત કબીર સૂનો ભાઈ સાધો;
નરક પચત વા કો પચવા દે...તૂ તો.

